ભારતીય સંસ્કૃતિનું હાર્દ

[સંપાદકીય]

માણસ જાતને સુસંસ્કૃત બનાવવા માટે જુદી જુદી સંસ્કૃતિઓનું નિર્માણ થાય છે. 'સંસ્કૃતિ'નો અર્થ જોતાં [illegible] સંસ્કારોને બાંધવાં; એવો કરી શકાય છે. જે વિચારધારાના પ્રયોગે માનવજાતિનો સંસ્કાર પરિમાર્જન થઈ શકે તે સંસ્કૃતિ છે. સંસ્કૃતિની આસપાસની બીજા બે શબ્દોનો પ્રચાર પણ જોવા મળે છે સભ્યતા અને નાગરિકતા! આ બન્ને વસ્તુઓ પણ સંસ્કૃતિના અંગો રૂપે માની શકાય છે; પણ સભ્યતાનો જે અર્થ પ્રચલિત થયો છે તે કેવળ બાહ્ય વેશ-ભૂષા અને રહેણી-કરણી સુધી જ કરવામાં આવ્યો. દા. ત. યુરોપીયન સભ્યતા એટલે યુરોપના લોકો કઈ રીતે રહે છે, કેવી રીતે ખાય છે? કેટલી વાર કેવાં કેવાં કપડાં પહેરે છે—એ બધી બાબતો સભ્યતામાં આવી. ત્યારે સંસ્કૃતિમાં બાહ્ય વેશ-ભૂષા કરતાં આત્માના—અંતરના—સંસ્કરણને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. કેવળ બહારથી ઉજળાં કપડાં પહેરીને નહીં, પણ અંદરથી ઉજળો સ્વચ્છ આત્મા હોવો જોઈએ—એ સંસ્કૃતિ વડે આવ્યું.

સભ્યતાની જેમ નાગરિકતાની વાતમાં પણ બાહ્ય બાબતોને જ સમાવી લેવામાં આવી. નાગરિક લોકોના હક્કો અને ફરજો, ત્યાંથી લઈને પોતાના દેશનું રાષ્ટ્ર-ગૌરવ ત્યાં સુધી નાગરિકતાનો વિકાસ થયો, પણ, સાથે-સાથે તેમાંથી એક બીજી બાબતનો જન્મ થયો અને તે એ કે "અમારા જ નાગરિકો સારા—બાકીના નહીં!" આ નાગરિકતાની ગૌરવગ્રંથિથી પીડાતા લોકો શું કરી શકે છે, તેના બે દાખલા ઇતિહાસમાં છે. બ્રિટીશ લોકોએ "અમે જ શ્રેષ્ઠ" એ વિચારધારાના અન્વયે આખી પૃથ્વી ઉપર બ્રિટીશ સામ્રાજ્યને ફેલાવ્યું; એટલું જ નહીં, આફ્રિકામાં તેમણે રંગદ્વેષને જન્મ આપ્યો. આજે ખુદ બ્રિટનને તે સારૂ ન લાગવા છતાં તેમના વડે બીજારોપિત થયેલ રંગભેદ કેવળ આફ્રિકામાં

જણાશે. એક નહીં, પણ હજારો લોકોની આગળ પોતાના અંગોનું અર્ધનગ્ન દશામાં પ્રદર્શન કરવું; એ ખરેખર સ્ત્રી-સમાજ માટે અશોભનીય છે. પણ સહુથી દુઃખદ બીના તો એ છે કે આજની યુવાન બાળાઓ-આવતી કાલની માતાઓ માટે એ વાત આદર્શ બની રહી છે. ભોગ-વિલાસ અને સંપન્નતાના નામે વિશ્વના અનેક સ્થળે નારી સમાજ પુરુષ વર્ગો આગળ રાત્રિ-કલબોમાં, થિયેટરોમાં તેમ જ ઇતર સાંધ્ય પાર્ટીઓમાં જે રીતનો પોશાક પહેરીને નૃત્ય કરે છે, રીઝવવાના પ્રયોગો કરે છે અને તેમાં જીવનનો ઉત્કર્ષ જુએ છે—તે દરેક સમજુ માણસ માટે એક પ્રશ્ન ઊભો કરે છે કે શું આ જ નગ્ન-સભ્યતા સ્ત્રી સમાજ માટે આચરવી અને પુરુષો માટે જોવી બાકી રહી છે? આજે પશ્ચિમ માટે એ મૂંઝવતો પ્રશ્ન છે અને હિંદમાં પણ તેની અસર વધી રહી છે.

એનો ઉકેલ શું?

એનો ઉકેલ એક જ છે કે સાચી સંસ્કૃતિનાં જૂનાં મૂલ્યોને પુનઃ સ્થાપિત કરવાં. આ સત્ સંસ્કૃતિ એટલે ધર્મ—નીતિની દૃષ્ટિએ માણસનો માણસ સાથેનો વહેવાર-એક આત્માની બીજા આત્માને માન્યતા... એ સંસ્કૃતિનો આદર્શ હોવો જોઈએ; વિશ્વના દરેક જીવાત્માના જીવન-રક્ષણ પ્રતિ સજાગતા.

આવી સંસ્કૃતિઓ દુનિયાના ઈતિહાસમાં ત્રણ જોવા મળી છે:— (૧) ભારતીય સંસ્કૃતિ (૨) ગ્રીક અને રોમન સંસ્કૃતિ (૩) અને મિસર તેમજ બેબિલોનિયાની સંસ્કૃતિ. ચીનનો ઉલ્લેખ આવે છે પણ સંસ્કૃતિ કરતાં ત્યાં માનવ-વિકાસ થયો એમ કહેવું વધારે યોગ્ય ગણાશે. ગ્રીક અને રોમન સામ્રાજ્યો નાશ પામ્યાં કારણ કે ત્યાં સંસ્કૃતિનો પ્રવાહ "માણસના પવિત્ર કર્તવ્યો" તરફ ન વળતાં નાગરિકતા તરફ અને અંતે ગૌરવગ્રંથિથી પીડાતી મહત્વાકાંક્ષી પ્રજા તાનાશાહીમાં પરિણમી. પરિણામે ત્યાં પાંચ પયગંબરો થવા છતાં અને સોક્રેટિસ, ટોલ્સટોય જેવા વિચારકો હોવા છતાં સિકંદર, નેપોલિયન જેવા તાના-

વ્યાપક પ્રભાવ પડ્યો છે કે આજનું જાપાન પોતાના જેવું લાગતું નથી. જર્મનીનું પણ એવું જ થયું છે.

આ બધા વચ્ચે સુસંસ્કૃત માનવ-સમાજની કલ્પના કરી શકાય, તે માટે આશાની મીંટ કેવળ ભારતીય સંસ્કૃતિ તરફ જ માંડી શકાય છે. જ્યારે અન્ય સંસ્કૃતિઓ નાશ પામી છે ત્યારે આજે પણ ભારતીય સંસ્કૃતિની વિચારધારા જગતને નિર્દેશન આપી રહી છે.

ભારતીય સંસ્કૃતિનો સળંગ પ્રવાહ અંદાજ પ્રમાણે-છેલ્લાં દશહજાર વર્ષથી એકધારો વહી રહ્યો છે. રામયુગના આદિકાળમાં-ઋષભ દેવ; મનુ મહારાજના હસ્તે તેનાં શ્રીચરણ થયાં; રામના સમયે તે પોતાના સંપૂર્ણ પ્રકાશમાં આવી અને ત્યારબાદ ભ. શ્રીકૃષ્ણ, ભ. બુદ્ધ, ભ. મહાવીર અને મ. ગાંધીજીના જીવનચારિત્ર્યથી તે વધુ ને વધુ ઉજ્જવળ થતી ગઈ. આ યુગપુરુષો માટે નવી ભૂમિકાઓ સર્જવાનું કામ અનેક ઋષિઓ, મુનિઓ, તત્ત્વજ્ઞો અને ચિંતકોએ કર્યું. વર્તમાન ઇતિહાસમાં તો કેવળ રાજાઓ અને તેમના યુદ્ધોને વધારે પડતા ચિતરવામાં આવ્યા છે; પણ તેને બાદ કરીએ તો માણસને માણસમાં સતત વિશ્વાસ પેદા કરવા માટે, જીવનને સુસંસ્કૃત કરવા માટે, સદી દર સદીએ કોઈ ને કોઈ મહાપુરુષ ભારતમાં જન્મ્યા છે. શંકરાચાર્ય, રામાનુજમ, માધવાચાર્ય, તિરુવલ્લૂર જો દક્ષિણમાં થયા તો ઉત્તરમાં નાનક, તુલસી, સૂર કબીર, રહીમ વગેરે થયા. પૂર્વમાં ચૈતન્ય, વિવેકાનંદ કે રામકૃષ્ણ થયા તો પશ્ચિમમાં નરસિંહ, અખો અને દયાનંદ પાક્યાં. મહારાષ્ટ્રમાં પણ તુકારામ, એકનાથ, જ્ઞાનેશ્વર, સંતસખુબાઈ વગેરે થયા. જૈનોએ હેમચંદ્રાચાર્ય, રત્નપ્રભસૂરિ વગેરે આપ્યા તો શીખોએ ગુરુ ગોવિંદ જેવાં રત્નો આપ્યાં... ! આમ સંસ્કૃતિનો સળંગ પ્રવાહ આગળ વધતો જ રહ્યો. ભારતમાં અનેક જાતિઓ આવી, અનેક ધર્મો આવ્યા પણ અહીંની સંસ્કૃતિએ તેમનાં સારાં તત્ત્વો ગ્રહણ કરી પ્રજાને નવો સંસ્કાર આપ્યો. ચાર દિશાના ચાર ખુણે પવિત્ર તીર્થધામોના કારણે; ઉત્તરનું તત્ત્વજ્ઞાન પૂર્વમાં આવ્યું, પૂર્વનું દક્ષિણમાં, દક્ષિણનું પશ્ચિમમાં; અને

માટે વાછરડાંને પાસે લાવવામાં આવે—એ રીતનું આ જીવન છે. તેથી પરસ્પરનો વિશ્વાસ બંધાતો નથી.

એ જ રીતે નાગરિકતા, સામ્યવાદ કે સભ્યતા દરેકની સિદ્ધિ માટે અંતે સંઘર્ષ આવે છે. સંઘર્ષ લોકોનો પરસ્પરનો વિશ્વાસ તો તોડે છે, એટલું જ નહીં, તે એક જ દેશના લોકોને પોતાના ભાઈઓનું ખૂન વહેવડાવવા માટે પણ પ્રેરે છે. ખૂન-કત્લથી લઈને શાસનની પડાપડી માટે થતા બેફામ ગોળીબારો અને સામુહિક કત્લેઆમો, સંઘર્ષનાં પરિણામો છે. અને સંઘર્ષ હોય ત્યાં અનાક્રમણ તથા તાદાત્મ્ય અને તાટસ્થ્ય આવે જ ક્યાંથી? તેમ જ તાદામ્ય અને તાટસ્થ્યને સમજ્યા વગર અનાયાસ-આયાસની ભૂમિકા આવે ક્યાંથી?

સભ્યતા-નાગરિકતાની આચાર-વિચાર-સરણી ભોગપ્રધાન હોઈને માતૃપૂજા અને શીલનિષ્ઠા આ બન્ને તત્ત્વો ત્યાં જોવા નહીં મળે! એટલું જ નહીં "કૌમાર્ય"ને હવે ત્યાંના ડોકટરો પણ એક જૂનું ધતિંગ મનાવવા બેઠા છે, એ ગહન વિચારનો પ્રશ્ન છે. આમ સભ્યતાની આડે વ્યભિચાર-દુરાચાર અને સ્વચ્છંદાચાર જે રીતે વધી રહ્યો છે તેણે નારીજાતિની જે અધોગતિ કરી છે તે સમજુ માણસો માટે સ્પષ્ટ છે.

એક વસ્તુ તો ચોક્કસ છે કે સ્વાર્થ, સંઘર્ષ અને સ્વચ્છંદાચાર એ વિશ્વના દુર્ગુણો છે અને તે ગમે તે બહાને કોઈપણ પ્રજામાં કેળવાતા હોય તે પ્રજા ગમે તેટલો પ્રયાસ કરે તે છતાં સત્ય અને પ્રમાણિક જીવન વહેવાર આવવો એટલું જ કપરું કામ છે.

ત્યારે, વિશ્વને માર્ગદર્શન આપવાનું કામ ભારતીય સંસ્કૃતિ ઉપર આવે છે. આજે જો કે એના ઉપર પણ વિદેશી સભ્યતાનો પ્રભાવ પડેલો છે; તે છતાં તેનાં ઊંડાણમાં ઉપરના મહાન તત્ત્વો પડેલાં છે અને અંતે ત્યાગ કે શાંતિ માટે તેને અપનાવ્યા વગર છૂટકો નથી!

આ વિષયને બહુ જ વિસ્તાર અને ઊંડાણથી સાધુ-શિબિરમાં ચર્ચવામાં આવેલો. પૂ. મુનિશ્રી સંતબાલજી જેવા સમર્થ વિચારકે

બે બોલ

મુનિશ્રી સંતબાલજીને તમો સૌ જાણો છો. તેઓ એક ક્રાન્તિકારી જૈન સાધુ છે. તેઓ આત્મસાધનામાં મગ્ન રહેવા છતાં સમાજકલ્યાણની અનેક પ્રવૃત્તિમાં સક્રિય માર્ગદર્શન આપવાપણે અહોનિશ આપતા રહે છે. તેઓશ્રી માને છે કે હવે માત્ર ઉપદેશથી કામ નહીં ચાલે પણ જે સમાજ-જીવન ગૂંચાઈ ગયું છે; ડગલે ને પગલે અશાન્તિ દેખાય છે તેના નિરાકરણ માટે સાધુસંતોએ સક્રિય માર્ગદર્શન આપવું જોઈશે. આ તો જ બની શકે જો સાધુસાધ્વીઓ પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહનો મોહ છોડે અને સાંપ્રદાયિકતામાંથી મુક્ત બની, સર્વધર્મનો અભ્યાસ કરે. આમ કરવાથી આપોઆપ ગ્રામજનતાનો અને આમજનતાનો સંપર્ક આવી જશે.

આજે કોઈ પણ એક પ્રશ્ન કે એક જ ક્ષેત્રના અનેક પ્રશ્નો લેવાથી સમાજ વ્યવસ્થા પૂર્ણ નહીં બને. જો ધર્મમય સમાજરચના ઊભી કરવી હશે તો માનવજીવનમાં ઊભા થતા સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય અને દરેક ક્ષેત્રના પ્રશ્નોનો સર્વાંગી વિચાર કરવો પડશે. અને અમલ પણ સંસ્થાદ્વારા જનતા વાટે કરવો પડશે. પ્રાચીન કાળમાં યુગાનુરૂપ આમ થતું હતું; એટલે જ ભારતની સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ બની છે; અને આજ સુધી ટકી છે. આપણે ત્યાં ઘરના ધર્મની ચોકી સ્ત્રીઓ કરતી એટલે કુટુંબ સ્નેહસભર અને પવિત્ર રહેતું. સમાજની ચોકી બ્રાહ્મણો કરતા, તેઓ ક્યાંય વ્યસનો, અપ્રમાણિકતા કે ગેરરીતિઓ પેસી ન જાય તેને માટે સતત ક્રિયાશીલ રહેતા; તેથી દેશ નીતિસભર રહેતો. અને સંતો આખા દેશમાં પરિભ્રમણ કરી સંસ્કૃતિની ચોકી અખંડપણે કર્યા કરતા હતા. રાજ્ય પણ સંતો, બ્રાહ્મણોને આધીન રહીને ચાલતું. આ બધાના કારણે સમાજ શાન્તિથી જીવતો. અને અધ્યાત્મલક્ષી રહી શકતો; કોઇ જાલીમ દુષ્ટ કૃત્ય કરનાર નીકળતો તો રાજ્ય તેને યોગ્ય નસ્યત કરતું.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વ પશ્ચિમ એક થવા લાગ્યાં છે. વિજ્ઞાને દોટ મૂકી છે. એટલે મહારાજશ્રી એ જ પુરાણી સંસ્કૃતિને નજરમાં રાખી, યુગાનુરૂપ નવી ઢબે સમાજ વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરે છે.

પણ તેઓ છકાયનાં પિયર (સમાજનાં માબાપ) છે તેથી સમાજને માર્ગદર્શન આપવામાં ઘણા ઉપયોગી થઇ શકે."

તેમના આ શુભ વિચારથી અને પ્રયત્નથી આ પુસ્તકો છાપવાનું મહાન કામ શરૂ કરી શકાયું છે. આ પ્રવચનોનું મુખ્ય તત્ત્વ જાળવી અલગ અલગ મુદ્દાવાર નાનાં નાનાં પુસ્તકરૂપે છપાય; તો વાંચનારને સુગમ પડે એમ લાગવાથી દરેક વિષયના જુદાં જુદાં પુસ્તકો છાપવાનું નક્કી કર્યું છે. કુલ દશેક પુસ્તકો તૈયાર થશે એવી ધારણા છે.

આ પુસ્તકોનું સંપાદન પણ ટૂંકાણમાં છતાં મૂળ ભાવ અને અનિવાર્ય એવી વિગતો જાળવીને થાય એ જરૂરી હતું. એ માટે પણ શ્રી. મણિભાઈ લોખંડવાળાએ મદ્રાસના જૈન વિદ્યાર્થીગૃહના ગૃહપતિ શ્રી ગુલાબચંદ જૈનનું નામ સૂચવ્યું. તેમને રૂબરૂ મળવા બોલાવ્યા અને વાતચીત કરી અને તેમણે સહર્ષ આ કામગીરી સ્વીકારી.

અંતમાં અમે પૂ. મુનિશ્રી સંતબાલજી તેમજ મુનિશ્રી નેમિચંદ્રજીએ આવું સર્વાંગ સુંદર અનુભવપૂર્ણ સાહિત્ય જનતાને આપ્યું; તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તેજ રીતે સાયનમાં શીવ સોસાયટીમાં રહેતા વોરા મણિભાઈ લક્ષ્મીચંદ કચ્છ મુંદ્રાવાળાએ આ પુસ્તકો છપાવવામાં પૂરતો સહકાર આપેલ છે, તેમજ મહેનત લઈ શેઠ શ્રી. પદમશીભાઈ તથા બીજાઓ પાસેથી સહકાર અપાવેલ છે તે બદલ તેઓશ્રીઓનો આભાર માનીએ છીએ. તેમની મદદ વગર અમે આ સાહિત્ય પ્રકાશિત કરી શકત કે કેમ? તે સવાલ હતો. અને મદ્રાસવાળા શ્રી. ગુલાબચંદ જૈન કે જેમણે અનેક જવાબદારીઓ હોવા છતાં આ કામને ધર્મકાર્ય માની સમયસર સંપાદન કર્યું છે તેમનો પણ આભાર માનીએ છીએ. પૂ. શ્રી. દંડીસ્વામી, શ્રી. માટલિયા, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિકસંઘ વગેરેએ પણ પ્રેરણા આપી છે, તેથી તેમનો અને જ્ઞાત, અજ્ઞાત સૌએ જે સહકાર આપ્યો છે તેમનો પણ અમે આભાર માનીએ છીએ.

સાધુસંતો, સાધ્વીઓ, સેવકો અને જનતા આ પુસ્તકોનો અભ્યાસ કરી સ્વપર કલ્યાણનો સ્પષ્ટ માર્ગ અખત્યાર કરશે એવી અમને આશા છે.

તા. ૨૪-૪-૬૨ સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ, મુંબઈ.

ત્રગત ભારતીય સંસ્કૃતિ માટે વિશ્વશાન્તિની ગંગામાં ભેળી
રાખે છે.

'વિજ્ઞાન, સાહિત્ય અને રાજકારણ સાથે સાચા ધર્મનો સાથ ન
એથી એ બધાં માર્ગસાધકને બદલે માર્ગબાધક બની રહ્યાં.'
ન્દ્રનાથ ઠાકુરની આ ફરિયાદ તથ્યપૂર્ણ છે. અને એથી જ ભારતીય
સ્કૃતિમાંના કોઈ એકાદ ધર્મના અનુયાયીએ જગતનાં એકેએક ક્ષેત્રે
નો પુટ લગાડવા માટેના ભગીરથ કામમાં પહેલ કરવી પડશે.

સદ્ભાગ્યે આની પૂર્વભૂમિકા મહાત્મા ગાંધીજીએ રચી કાઢી છે.
ાની બે જૂથમાં વહેંચાયેલી તમામ સત્તાઓને હવે અહિંસક ક્રાન્તિના
ાદની ભૂખ લાગી છે. આ લખાય છે તે પહેલાં એટમના પ્રાણઘાતક
ાતરા પર આંશિક અંકુશ પર એમની સહીઓ થઈ ચૂકી છે.
યવાદે હવે અહિંસક ક્રાન્તિ તરફનો વળાંક લેવાનું શરૂ કરી દીધું
સંસ્થાનવાદી દેશો જાણ્યે અજાણ્યે સંસ્થાનવાદ સ્વેચ્છાએ છોડવાની
રી કરી રહેલાં જણાય છે. વિશ્વની માનવજાત રોટીબેટી વ્યવહારથી
થવા લાગી છે. વિશ્વ સરકારનું સ્વપ્ન સાકાર બનવા લાગ્યું છે.
ધર્મસમન્વયની વ્યાસપીઠ રચાઈ રહી છે. ત્યારે ભારતીય સંસ્કૃતિમાં
ાવાણાની જેમ વણાયેલાં તત્ત્વો જો જગચોગાનમાં ખુલ્લાં મૂકાય
ચમત્કાર સર્જાય તેમાં કશી નવાઈ નથી.

આજની દશા

એવે ટાંકણે 'સાધુસાધ્વી શિબિર'માં છણાયેલા 'ભારતીય સંસ્કૃતિ'
યનાં પ્રવચનો અને ચર્ચાઓ આ પુસ્તકમાં પ્રગટ થાય છે તે
ોની રસિક વાતો વાચકોને આ પહેલાં જણાઈ ચૂકી છે. આ
તકમાં મૂળે આઠ અજોડ ગુણોનું વર્ણન છે. અલબત્ત આજના
રતમાં ગાંધીજી ગયા બાદ ફરી પાછી રાખ વળી ગયેલી દેખાશે.
ાં એ રાખને ફૂંક મારીને દૂર કરી શકાય તેમ છે. આજથી જ
વાયું છે : "ઝૂકાનેવાલા યા જગાને વાલા ચાહિયે" જગતને
જે જગાડનારાની જરૂર છે. હા; એ સાચું છે કે એ જગાડનારાએ
નુબંધ વિચારધારા'માં કહેવાયું છે તેમ; જગતભરની આજની

અનુક્રમણિકા



આપ્યો : " પ્રસંગવશાત્ [illegible] [illegible] હતા. ત્યારે આમે કહ્યું કે હવે તમારી [illegible] તૂટી જશે. ત્યારે તેમણે કહ્યું કે હું ફરી બાળક થઈને તમારી પાસે આવીશ ત્યારે તમારી [illegible] [illegible]. " આમ સંસ્કારનો ક્રમ ચાલ્યા કરે છે. બાળકો ઘણું શીખીને આવે છે. મોંટેસરી અને શ્રી ગિજુભાઈએ એ વાત શોધી. પણ એ વાત નવી નથી. કારણ કે પૂર્વ જન્મના સંસ્કારો બાળકમાં અમુક અંશે હોય જ છે. પછી તેના ઉપર મા-બાપ, કુટુંબ, સમાજ અને વિશ્વના સંસ્કારો પડે છે અને તે ઘડાતો જાય છે.

સંસ્કૃતિની વ્યાખ્યા : એટલે સંસ્કૃતિની ચોક્કસ વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય કે જેનાથી માનવજીવન સુસંસ્કૃત થતું જાય-શુદ્ધ થાય, ઉર્ધ્વગામી બને તે સંસ્કૃતિ છે. જ્યારે જીવનની ઉચ્ચતાને સંસ્કૃતિ સાથે જોડીએ છીએ ત્યારે એ પણ ન વિસરી શકાય કે માનવજીવનને ઉન્નત કરતી કોઈ પણ સાંસ્કૃતિક પ્રક્રિયાના પાયામાં ધર્મનો પવિત્ર પાયો હોવો જોઈએ. સામાન્ય રીતે એમ પણ કહી શકાય કે ધર્મનું આચરણ સમાજવ્યાપી થઈ જાય તેનું નામ સંસ્કૃતિ છે. સંસ્કાર શબ્દ ઉપરથી સંસ્કૃતિ શબ્દ બન્યો છે. એટલે ધર્મ જ્યારે સંસ્કારનું રૂપ લે અને તે પણ સમાજનું સહજ રૂપ લે ત્યારે તે સંસ્કૃતિ બની જાય છે. જેમ સોનું અને ઘરેણાં છે તેમ ધર્મ સોનું છે; તેનું ઘડતર સંસ્કૃતિ (આચાર) છે, એ બન્ને ઓતપ્રોત નહીં થાય ત્યાં સુધી ધર્મ ધર્મસ્થાનકો સુધી જ રહેશે. તે અંગત કે સમાજ જીવનમાં નહીં આવે, સંસ્કૃતિ દ્વારા જ ધર્મ સમાજવ્યાપી બની શકશે.

સંસ્કૃતિ અને સભ્યતાનું અંતર

સંસ્કૃતિમાં પણ પૌર્વાત્ય અને પશ્ચિમાત્ય બે સંસ્કૃતિઓ છે. આપણે ત્યાં પૂર્વમાં સંસ્કૃતિ-સંસ્કાર (Culture) ને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે, જ્યારે પશ્ચિમમાં (Civilization)-સભ્યતાને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. એટલે સંસ્કૃતિ અને સભ્યતા એમ અલગ અલગ બાબતો સંસ્કૃતિના નામે ઘડાતી ગઈ છે. અહીં પૂર્વમાં

સામે રાખીને માનવજ્ઞાનના ઘડતરનો આદેશ આપ્યો છે. એટલે જ આજે તેના ઉપર વિચાર કરવા આપણે સહુ મળ્યા છીએ. એટલું જ નહિ પણ આ સંસ્કૃતિની એક એવી અખંડ સળંગતા છે જેને જૈનોએ [illegible] રાખવા માટે સંતોએ પ્રચંડ પુરુષાર્થ કર્યો છે. ઇતિહાસના [illegible] ઉપર નજર નાખશું તો પ્રાચીન કાળમાં ત્રણ સંસ્કૃતિઓ નજરે [illegible] — (૧) ગ્રીક–રોમન સંસ્કૃતિ, (૨) મિસ–દેશની સંસ્કૃતિ અને (૩) ભારતની સંસ્કૃતિ. આ ત્રણે સંસ્કૃતિઓ પૈકી જો કેવ[illegible] [illegible] તો તે ભારતીય સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિ શા [illegible] [illegible] આજે પણ આપણને સુખ શાંતિમય જ્ઞાનનો [illegible] [illegible] એનામાં કયું પ્રબળ તત્ત્વ છે તે [illegible] તેને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ.

[illegible] ભક્તિ :

[illegible]

ભારતીય સંસ્કૃતિનું છે. ગંગા નદીમાં આપણે જોશું કે જેટલાં વસેલાં શહેરો છે તેનો કચરો પણ ઠલવાય છે. ઘણી ઠેકાણે તો મડદાં પણ તરતાં મૂકાય છે. તે છતાં એનું પાણી તે બધાને સાફ કરીને આગળ વધતુ જ રહે છે અને સાગર પાસે અનેક ધારાઓમાં તે મળે છે. એવી જ રીતે આ ભારતીય સંસ્કૃતિનું સંશોધન અહીંના સમર્થ પુરૂષોએ તો કર્યું જ તેમાં વૈદિક, જૈન, બૌદ્ધ સંસ્કૃતિનું મિલન થયું પણ તે એવી રીતે થયું કે ત્યારબાદ તેનો સળંગ પ્રવાહ; અહીં આવેલ ગ્રીક, શક, હૂણ, મંગોલ, કિરાત, યવન, કુષાણ, દ્રાવિડ, મુસલમાન, ઈસાઈ વગેરે બધા પ્રકારના લોકોની સંસ્કૃતિને પણ પચાવી; તેમને પણ પોતાના કરીને આગળ વધી રહ્યો છે.

ભારતીય સંસ્કૃતિની વિશેષતા :

આજ એક એવું તત્ત્વ છે જે ભારતીય સંસ્કૃતિની વિશેષતા રજૂ કરે છે; તે ટકી શકે છે; પરિવર્તનોને અપનાવી શકે છે તેમ જ અન્ય વિચારોને પચાવીને સાર ગ્રહણ કરી શકે છે. આ અંગે વધારે વિસ્તારથી વિચારીએ.

ભારતીય ઇતિહાસને સાચા રૂપે જાણનારા સંશોધનકારો જાણે છે કે જેમ તેના એક ભાગમાં રાજ્યોની ચડતી–પડતી રહેલી છે; તેમ તેના બીજા ભાગમાં માનવ–ઐક્યની ભવ્ય ભાવનાનો ક્રમબદ્ધ ઇતિહાસ પણ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં કોઈ પણ સદી ખાલી નથી ગઈ જ્યારે અહીંના સાધુ-સંતોએ પ્રજા–ઐક્ય અને ધર્મ-સહિષ્ણુતાના પાઠ ન ભણાવ્યા હોય.

એટલું જ નહીં ભારતના લોકો બહાર ગયા છે તેમાં ભલે [illegible] દૃષ્ટિ ભાળી મળી હોય પણ તેમનું અંતર તો [illegible] દ્વારા સંસ્કૃતિ અને સંસ્કાર આપવાનું જ [illegible] છે. [illegible] એક હેતુ હોય છે. રામ રાવણ સામે [illegible] રાજ્યના માલિક ન થયા. લંકા ગામમાં પણ ન

જૈનાચાર્ય હરિભદ્રસૂરિ કહે છે :—

यस्मादेते महात्मानो भव व्याधि भिषग् वराः......

જેમ વૈદ્ય જુદા જુદા દરદીઓ અને રોગો માટે જુદી જુદી ચિકિત્સા કરે છે તેમ આ ભવરોગ નિવારક શ્રેષ્ઠ વૈદ્ય સમા આ મહાત્માઓએ જુદા જુદા ધર્મો, દેશ, કાળ, પરિસ્થિતિ અને પાત્રતા જોઈ સ્થાપ્યા છે; એટલે સહિષ્ણુ બનવું જોઈએ.

યોગી આનંદઘનજી કહે છે :—

षड्दर्शन जिन अंग भणी जे
न्यास षडंग जे साधे रे...

અને

राम कहो, रहमान कहो, कोई कहान कहो महादेव रे
पारसनाथ कहो कोउ ब्रह्मा, सकळ ब्रह्म स्वयंमेव रे

—એટલે રામ, રહેમાન, કૃષ્ણ, મહાદેવ કે પારસનાથ-બધા બ્ર[illegible] પોતાનામાં સમાયાં છે. એજ પરંપરામાં કબીરજીએ "ભજ મન રામ રહીમ" ગાયું અને મહાત્મા ગાંધીજીએ "ઈશ્વર અલ્લાહ તેરે નામ" [illegible] આ પ્રમાણે ભારતના લગભગ બધા મહાત્માઓએ ધર્મ [illegible] પ્રતીક દેખાડ્યું; તે ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. તેથી [illegible] ભારતમાં દુનિયાના બધા ધર્મોનું પ્રચલન જોઈ શકી[illegible], અહીંના સિદ્ધાંતો, વૈદિક, જૈન અને બૌદ્ધ તો હતા જ, તે[illegible] ધર્મ, ઇસ્લામ ધર્મ અને ખ્રિસ્તી ધર્મ આવ્યા [illegible]

(૩) માનવ ગૌરવ: ભારતીય સંસ્કૃતિની બીજી વિશેષતા [illegible] તેમાં તેનું આત્મા [illegible] 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવ[illegible]

તે બધાની પાછળ પણ માનવ ઐકયની પ્રચુર ભાવના હતી. 'એતરે[illegible] બ્રાહ્મણ'માં કહ્યું છે કે ભારતના પ્રાચીન રાજાઓ જ્યારે તમ[illegible] રાજાઓ ઉપર પોતાનું ચક્રવર્તીપણું કે શ્રેષ્ઠતા સાબિત કરવા દિગ્વિ[illegible] કરતા, ત્યારે તેમાં તેમની માત્ર રાજ્યાભિલાષા જ નહોતી રહેતી [illegible] ધર્મ અને સંસ્કૃતિની વૃદ્ધિનો આદર્શ પણ રહેતો હતો. રાજસૂય [illegible] પણ પોતે શક્તિશાળી છે એમ બતાવવા માટે નહીં; પણ નિર્બળ [illegible] ઉપર સબળોના અત્યાચારો અને અન્યાયો દૂર કરવા માટે તે[illegible] પ્રજાજીવન ઐક્ય સાધવા માટે થતા હતા.

આર્યોની પરંપરાએ મળેલી સંસ્કૃતિને ભારતે પોતાની દેશ[illegible] [illegible] પોતાના શાળામાં અનેક જાતિઓનું ઉદારતાપૂર્વક સંમિશ્રણ [illegible] [illegible] આગવી સંસ્કૃતિ ઘડી છે; તેમજ સમસ્ત દુનિયાને એક[illegible] [illegible] પોતાની આગવી સંસ્કૃતિનો પાઠ શીખવ્યો છે. મ[illegible] [illegible] વિચારોનો પ્રવાહ વહી રહ્યો છે તેના મ[illegible] [illegible] ભાવના જાગ્રત હતી.

[illegible] સંસ્કૃતિનો [illegible] પ્રવાહ

[illegible] સંસ્કૃતિ કે ધાર્મિક વિચાર[illegible] [illegible] નહીં, [illegible]

[illegible]

ભારતીય સંસ્કૃતિના યુગો:

આમ ઐતિહાસિક ક્રમ લઈને ભારતીય સંસ્કૃતિના કાળને ચાર યુગ તરીકે ઓળખાવીએ તો વર્તમાનમાં જે ભારતીય સંસ્કૃતિ આપણી પાસે છે; તેને આપણે ચાર ભાગોમાં વહેંચી શકશું. સંસ્કૃતિના ગાળાનો કાળ પાંચ હજાર વર્ષનો માનીએ તો નીચે મુજબ વહેંચણી થઈ શકશે:—

(૧) રામયુગ	૧૨૫૦ વર્ષ
(૨) કૃષ્ણયુગ	૧૨૫૧ થી ૨૫૦૦ વર્ષ
(૩) બુદ્ધ-મહાવીર યુગ	૨૫૦૦ થી ૩૭૫૦ વર્ષ
(૪) ગાંધીયુગ	૩૭૫૦ થી ૫૦૦૦ વર્ષ

રામયુગે રામાયણ આપ્યું છે; કૃષ્ણયુગે ગીતા અને મહાભારત આપ્યાં છે. બુદ્ધ મહાવીરના યુગે આગમો અને પિટકો આપ્યાં છે, તેમજ ગાંધીયુગે ગાંધી-સાહિત્ય આપ્યું છે. હવે દરેક યુગની સંસ્કૃતિના પ્રતિનિધિ રૂપે આ સાહિત્યને ગણાવી શકાય. આમ દરેક યુગનો સમય ગણીએ તો ભારતીય સંસ્કૃતિના પ્રવાહને વહેતા ૫૦૦૦ વર્ષ થઈ ગયાં છે.

ભારતીય સંસ્કૃતિના આઠ અંગો:

ઉપર કહ્યા તે ચાર યુગોમાં ભારતીય સંસ્કૃતિનો સળંગ પ્રવાહ કેવા સૂત્રો કે તત્ત્વોના આધારે વહેતો રહ્યો કે તે હજુ વહીજ રહ્યો છે તે ખાસ જોવાનું છે. આ એવી આધારશિલાઓ છે કે જેના ઉપર ભારતીય સંસ્કૃતિની ભવ્ય ઇમારતનું એવું ચણતર થયું છે જે પાંચ-હજાર વર્ષ સુધી ટકી રહ્યું છે.

આ આઠ અંગો આ પ્રમાણે છે:—

(૧) વિશ્વકૌટુંબિતાની ચતુરંગિણી: માતૃદેવોભવ, પિતૃદેવોભવ, આચાર્યદેવોભવ, અતિથિદેવોભવ. ભારતના લોકજીવનમાં આ ચારે ભાવનાઓ આજે પણ ધબકે છે.

જાણ્યા છે. જેમ કહેવાય છે: પણ આજ, આજે મહાવીરના યુગ બાદ સંન્યાસીઓનો પ્રભાવ રાજા ઉપર અને રાજાનો પ્રભાવ પ્રજા ઉપર ઘણો ઊંડો પડ્યો છે.

રામયુગમાં રામ શબરીને ત્યાં ગયા; કૃષ્ણ વિદુરને ત્યાં ગયા; એ ગરીબી અને સાધુતાની પ્રતિષ્ઠા બતાવે છે. મહાવીર–બુદ્ધના કાળમાં શ્રેણિક રાજા પુણિયાને ત્યાં આધ્યાત્મિક ભાવનાના ભિક્ષુક તરીકે ગયા હતા. આ બધા દાખલા સંત સંસ્કૃતિનું પ્રાધાન્ય બતાવે છે. સંત સંસ્કૃતિ હમેશાં ગરીબ, દલિત અને પતિતની પડખે રહી તેને શુદ્ધતા આપી પ્રતિષ્ઠિત કરાવે છે. તેથી જ આદી અહલ્યા જેવી પતિત સ્ત્રીનો ઉદ્ધાર થઈ શકે છે. અને તે સતી કહાવે છે. આ તાકાત રાજ્ય કે બીજામાં ન હોઈ શકે તેથી જનતા રાજાઓને નથી નમતી પણ સંતોને નમે છે.

(૧૭-૭-૬૨)



(૩) આચાર્ય દેવો ભવ : જીવનમાં જેમ જેમ વિકાસ
થાય તેમ તેમ કેળવણી અને આંતરિક જ્ઞાન માણસને આપવાં
. તે બહાર પણ ભણવા જાય છે. પોતાના જ્ઞાન માટે તે ગુરુને
છે. ગુરુ જ્ઞાન ન મળે તો તેનો વિકાસ ન થઈ શકે એટલા
માટે એમ ગુરુને માણસે પૂજનીય માનવો જોઈએ. તેને નમન કરવું
જોઈએ. ભારતમાં ગુરુઓને પગે પડવાની પ્રથા આ સૂત્રના કારણે
ની છે.

(૪) અતિથિદેવોભવ : ગુરુ પાસે જ્ઞાન મળતાં, અને
નમાં આવતાં માણસને ખ્યાલ આવે છે કે મારા વિકાસમાં સમાજનો
ફાળો છે. તેણે ઘણું આપ્યું છે. એટલે મારા આંગણે કોઈ પણ
અતિથિ આવે તે મારા માટે દેવ સમાન છે અને મારે એ રીતે એનો
ર કરવો જોઈએ. કહેવત છે કે ઘરે આવ્યો તે માંડીનો જાયો!
ગૃહસ્થો માટે તો 'અતિથિ સંવિભાગ' નામનું વ્રત મૂક્યું છે.
તિથિર્યસ્ય ભગ્નાશો ગૃહાત્ પ્રતિનિવર્તતે; સ તસ્મૈ દુષ્કૃતં દત્વા
માદાય ગચ્છતિ ।' આ નીતિશ્લોકમાં એ જ બતાવ્યું કે અતિથિ

હોય છે. ખાવાનુ જમે છતાં કહેશે "બા મને ખાવાનું આપ!" માતૃદેવોભવનો સંસ્કાર છે. એવી જ રીતે જે વસ્તુ જોઈતી હોય તે પિતાને પૂછશે; એટલું જ નહીં પિતા તેને પાળે છે એ ઘડપણમાં હું તેમની સેવા કરી શકું એ ભાવ પણ પિતૃદેવો સંસ્કાર છે. એવી જ રીતે કોઈ સાધુ-સેવક આવે તો તેને તરત કરવુ; એ આચાર્યદેવોભવનો સંસ્કાર છે. કારણ કે તે જાણે છે સોકો સંસ્કૃતિની રક્ષા કરે છે. એ સિવાય પણ એવું છે કે વખત માતાપિતા મોહ કે સ્વાર્થવશ થઈ સંતાનનું હિત ખોટી સાધવા માગે છે ત્યારે આચાર્યનું શરણ માંગવામાં આવે છે.

કૈકેયીએ ભરત માટે રાજ્ય માગ્યું. એ તેનું માનું હૃદય એટલે વાત્સલ્યની સાથે મોહનો અંશ વધારે હતો. પણ ભરતને કે એ અધર્મ છે. માતા મોહમાં તણાઈ ગઈ છે. એટલે તેણે રા સ્વીકાર ન કર્યો પણ તે વશિષ્ઠ વગેરે મુનિઓની સલાહ લેવા એટલું જ નહીં રામે જ્યારે રાજ્ય તેના વતી કરવાનું કહ્યું ત્યારે તેણે સાધુસંતોની સલાહ પૂછી. આમ 'આચાર્યદેવોભવ'નું મહત્વ છે.

આચાર્યની અંદર વિદ્યાગુરુ, ધર્મગુરુ, બ્રાહ્મણ, સાધુ, સન્યાસ ફકીર બધાનો સમાવેશ થઈ જાય છે. થોડા વખત પહેલાં સંત બાજી દિલ્હી ગયેલા. તે વખતે મોટા-મોટા નેતાઓ અને પ્રધાનો રાષ્ટ્રપતિ સુદ્ધાં તેમને સામે લેવા ગયેલા. ત્યારે પરદેશી પ વિચારમાં પડી ગયા કે આ ડોસો આવા ફાટેલા તૂટેલા કપડાં પ છતાં રાષ્ટ્રપતિ તેને સામા લેવા જાય છે? આ છે ભારતની સંસ્ વિશેષતા જે વિશ્વકુટુંબિતાની ચતુરંગિણીમાંથી મળે છે.

'અતિથિદેવોભવ' તો ભારતના ખમીરમાં જ છે. તેના તો ક બધા સુંદર દાખલાઓ મળે છે કે ભારતના એ પ્રજાકીય ખમીરને કર્યા સિવાય રહેવાતું નથી.

[illegible]

ભરતનો પ્રસંગ :

આ અંગે ભરતનો દાખલો લેવા જેવો છે. ભરત જ્યારે મોસાળથી પાછા ફર્યા ત્યારે માએ ઓવારણાં લઈ તેની આરતી ઉતારવાની તૈયારી કરી. પણ, ભરતે શોકનું વાતાવરણ જોયું અને માને પૂછ્યું : "આમ કેમ ? પિતાશ્રી ક્યાં છે ?"

માએ ઠંડે કલેજે કહ્યું : "એ ગુજરી ગયા ! જન્મે એ તો મરે જ ! એ તો વિધિનો નિયમ છે !"

ભરતે કહ્યું : "અરે મા ! તું આ ઠંડે કલેજે શું બોલે છે ! પિતાજી શાથી મૃત્યુ પામ્યા ! મારા રામ ક્યાં છે ?"

ત્યારે ફરી કૈકેયીએ ઠંડા ચિત્તે કહ્યું : "એ તો વનમાં ગયો !"

આ સાંભળી ભરતનો ચહેરો ફરી ગયો. આરતી એક બાજુ રાખી દીધી. કહ્યું છે કે—

નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે...

શકું. પોટલાં બિસ્તરાં બાંધીને તૈયાર થાય છે. ગાંધીજી કહે છે કે જઈ જઈને ક્યાં જશો ? બેસો બેસો ક્યાંયે જવાનું નથી.” આમ ઠપકો આપતા અને પ્રેમ પણ બતાવતા. તાદાત્મ્ય અને તટસ્થતા બન્ને તેમનામાં હતાં.

કસ્તુરબા બિમાર હતા. તે ગાંધીજીના પરમ સંગિની. માત્ર જીવન-સાથી જ નહીં સામાજિક કામોનાં પણ સાથી. એવા સાથી ગંભીર બિમાર હોય અને પતિને યાદ કરે ત્યારે કેટલું લાગી આવે. પણ સિદ્ધાંતનું પાલન કરીને ત્યાં જઈ શકાતું ન હતું. સત્તાવાળાઓ કહે કે માફી માગી લો ! ગાંધીજી કહે કે ભૂલ કરી નથી; અન્યાય સામે હું લડવાનો, લડવાનો ને લડવાનો જ એ મારો ધર્મ છે. આમાં કસ્તુરબા સાથે તાદાત્મ્ય હોવા છતાં સિદ્ધાંતભંગ માટે ગાંધીજી તટસ્થ રહ્યા. વજ્ર જેવા કઠોર પણ ખરા અને ફૂલ જેવા કોમળ પણ ખરા !

ગાંધીજી કહેતા હતા કે હે ભગવાન ! હવે મને લઈ લે તો સારૂં ! બીજી બાજુ એમ પણ કહેતા કે ‘હું સવાસો વરસ જીવવાનો છું.’ આવા ઉદ્ગારો કેમ નીકળ્યા હશે તેનો વિચાર કરવો જોઈએ. જ્યારે ગાંધીજીએ જોયું કે હવે તો મારા ગણાતા લોકો પણ સિદ્ધાંતવિહીન થતા જાય છે ત્યારે આ દુઃખના ઉદ્ગારો કાઢ્યા. તાદાત્મયની સાથે તટસ્થતા આવે ત્યારે આ ભાવ આવે છે.

જનકરાજાનો પ્રસંગ :

જનક રાજા ગળાડૂબ નહીં, પણ માથાડૂબ સુધી સંસારમાં પડેલા હતા; છતાં નિર્લેપ રહેતા. એક બાજુ રાજ્યનો કારભાર સંભાળવો અને બીજી બાજુ યોગ સાધવો કેટલું કઠણ કામ છે? એટલે જ જનક વિદેહી કહેવાયા.

યાજ્ઞવાલ્કય મુનિ બેઠા છે. સભા ભરાઈ છે; પ્રવચનનો સમય થયો છે પણ જનક આવ્યા નથી. એટલે મુનિ પ્રવચન શરૂ નથી કરતા. ઘણા શિષ્યો અને સન્યાસીઓ અકળાઈ ઉઠે છે. ગુરુ તરફ ગમે તેટલો પૂજ્ય ભાવ હોય પણ અમૂક વખતે પોતાનું ધાર્યું ન થાય તો આક્ષેપ

રામનો પ્રસંગ :

રામ વનવાસ જાય છે. પિતા મૃત્યુ પામ્યા છે. હજુ શ્રાદ્ધ કરવાનું પણ બાકી છે. તેવા વખતે ભરત આવે છે. બધા સંમત થઈને રામને પાછા બોલાવવા જાય છે. રામ માતાની અને પિતાની આજ્ઞા માટે વનમાં જતા હતા. એ જ માતા અને પિતાની આજ્ઞા અયોધ્યામાં પાછા આવવાની થતી હતી. ગુરુએ પણ કહ્યું કે તમારું વચન પૂરું થાય છે. હવે પાછા ફરો. પણ, રામ માનતા હતા કે જે સમાજ અવ્યક્ત રીતે મને જોઈ રહ્યો છે; જો વચનપાલનથી સંસ્કૃતિનો વિકાસ થતો હોય તો ભૌતિક સુખસગવડ માટે પાછા જવાય નહીં.

સ્વરાજ્ય વખતે ગાંધીજી જેલમાંથી છૂટયા કે ડૉ. હરિપ્રસાદે યાદી આપી કે બાપુ આપનું વચન છે કે સ્વરાજ્ય મળશે ત્યારે હું આશ્રમમાં પાછો આવીશ. તો, હવે પધારો! આપનું વચન પૂરું થયું. પણ, ગાંધીજીએ કહ્યું કે સાચું સ્વરાજ્ય આવ્યું નથી એટલે મારે માટે આશ્રમ દૂર છે. નોઆખલી નજીક છે; ત્યાં જવાની પહેલી ફરજ છે.

માતા, પિતા, ગુરુ અને પ્રજા એ બધા સાથે આટલી બધી તદાત્મતા હોવા છતાં રામ ગયા નહીં, પિતાના શ્રાદ્ધ માટે પણ ગયા નહીં; પણ, પેલા જટાયુ જેવા પક્ષીના શ્રાદ્ધ માટે રોકાયા. યોગીઓને પણ દુર્લભ એવું પેલા ગીધ પક્ષીનું પિંડ તર્પણ કર્યું.

એવો જ એમનો પ્રસંગ કૈકેયી સાથેનો છે જેણે તેમને વનની વિદાય આપી એ જ કૈકેયી ભરત સાથે આવીને રામને પાછા લાવે છે ત્યારે રામ સર્વપ્રથમ વંદન કૈકેયીને કરે છે. પુત્ર સૌથી પહેલું વંદન માને કરે. મોટાને કરે; પણ તેમાં સગીમાને પહેલાં કરે અહીં તો રામ કૈકેયીને ઓરમાન માને; જેણે વનવાસ આપ્યો હતો તેને વંદન કરે છે. કારણ કે, તેનો કુટિલભાવ ચાલ્યો ગયો હતો; સરળભાવ આવી ગયો હતો. વળી તેને સંકોચ પણ રહેતો હતો કે રામનુ હૃદય ઋજુ-નરમ થઈ ગયું હતું ત્યારે મારું હૃદય પત્થર થઈ ગયુ હતું. હવે હું

કેટલાક પ્રસંગો :

શ્રી. દેવજીભાઈએ બેએક પ્રસંગો વર્ણવ્યા. ...
" એક ખેડૂત મંડળના આગેવાન ખેડૂતને એક માલમાલી સ...
હતો. એક વાર એના એરંડાના છોડનું ભેળાણ તે બોડિંગન...
કરેલું; પણ તેમાં પેલાનાં ઢોર આવતાં કેસ કર્યો. શરમા...
ખેડૂતોએ ઘર બેઠા પંચક્યાસ કર્યો; અને આઠ રૂપિયા ...

ખેડૂત મંડળ આગળ કેસ આવ્યો. પણ તેણે પંચક્ય...
સાચ લીધું. ગામના ચોકિયાતનું સાચું કઢાવીને માત્ર ના...
બદલ પાંચ રૂપિયા આપવાનું નક્કી કર્યું. વકીલે પેલા ખે...
કે " આ ખેડૂત મંડળ તમારું ઉંધું જ મારશે. તમારો કેસ લાવો...

અદાલતમાં કેસ ગયો, પંચનામાવાળા બે ખેડૂત ...
સચ્ચાઈની વફાદારીના બદલે ખેડૂતની શરમે દોરાઈ કોર્ટમાં...
વકીલના કહેવાથી ખેડૂતે ખોટો મુદ્દામાલ હાજર કર્યો...
એરંડાના મૂળિયાં હતાં.

ભારતીય સંસ્કૃતિમાં અનાયાસ–આયાસ

ભારતીય સંસ્કૃતિના ઘણા અંગો ઉપર વિવેચન અનેકવાર આગાઉ
ઈ ચૂક્યું છે. આજે તેના ગૌણ અંગ અનાયાસ–આયાસ એ ઉપર
વેચન કરવાનું છે. સામાન્ય વહેવારમાં અનાયાસ શબ્દ ઘણો પ્રચલિત
. "મને અનાયાસે આ લાભ મળ્યો!" એટલે કે કંઈ પણ પુરુષાર્થ
ાર કે એમની નજીવી મહેનતે તે લાભ થયો. ત્યારે આયાસનો અર્થ
પુરુષાર્થ જ થાય છે. ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતાઓમાં સહજ
ાવે પુરુષાર્થ કરવો. પરાણે. ખેંચાઈને કે જોહુકમીવાળા ન કરવો. એ
પર ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. તાદાત્મ્ય અને તટસ્થતા
ળવવા માટે અનાયાસ–આયાસ એટલું જ જરૂરી છે. જેને આપણે
ષ્કામ કર્મયોગ કહીએ છીએ તેની આ વહેવારિક ભૂમિકા અગર તો
કર્મની ભૂમિકા ગણાવી શકાય. આને સમજવા માટે રામચંદ્રજીનું
વન ઘણું ઉપયોગી થશે.

મ-પ્રસંગો :

રામ વનવાસ જવા તૈયાર થયા ત્યારે સગા સંબંધીઓમાંથી કોઈ
મને ભાથું-પોથું સાથે લઈ જવા આપતા નથી. દશરથ મહારાજાએ
ય આપ્યો અને સુમંત સારથીને તેમણે કહ્યું કે "મને રામ બહુ
હાલા છે. તું એને રથમાં બેસાડીને લઈ જજે. પ્રજા પણ સાથે છે.
જા પ્રેમથી રામ મુંઝાઈ જાય છે. પણ ભ. રામે છેવટે રથને અને
મંત સારથીને પાછા મોકલ્યા અને પ્રજાને પણ પ્રેમથી સમજાવીને
છી મોકલી. ઘણીવાર અતિપ્રેમ માણસને ઘેલો બનાવી મૂકે છે. પણ
મ વિદાય થાય છે.

હવે વિચારવાનું એ છે કે જો રામે બે ત્રણ દિવસનું ભોજન
ાથે લીધું હોત તો વાંધો હતો? કંઈ નહીં તો ફળાહાર સાથે લેવો

નામ લેતાં પંડિત મરણ આવે તેવું ઇચ્છે છે. ત્યારે રામને મુક્તિમાથી મહાપુરૂષ તરીકે લેખ્યા છે; ટાળી શક્યા નથી! આવું રામ નામનું છે.

વાલીના મરણ બાદ સુગ્રીવને ગાદી સોંપી. સુગ્રીવ અને તેની પત્ની મળ્યાં. પ્રસંગો બધા પતી ગયા. તે વખતે પ્રવર્ષણ પર્વત ઉપર રામ–લક્ષ્મણ વિચાર કરે છે કે સુગ્રીવે વિસરાવી દીધું! હવે શું કરશું! એ કામ કેવળ રામનું ન હતું. આખી નારી જાતિના સળંગ પ્રશ્નોની હારમાળ હતી. શબરીનો ઉદ્ધાર, સુગ્રીવ પત્નીનો ઉદ્ધાર અને હવે સીતાનો ઉદ્ધાર!

લક્ષ્મણ કહે : "સુગ્રીવ તો કૃતઘ્ન થઈ ગયો લાગે છે. ભોગ-વિલાસમાં પડી ગયો લાગે છે." તેને ખૂબ જ ક્રોધ ચઢે છે.

રામ કહે : "ચિંતા ન કર! બધું સારું થશે!"

સુગ્રીવને આની ખબર પડી જાય છે. અનાયાસ–આયાસ શરૂ થાય છે. લક્ષ્મણ પાસે તે આવે છે અને ક્ષમા માગે છે. રામને પગે પડે છે અને કહે છે કે "વિષયવાસના એવી છે કે માણસને મદમાં ડુબાડી દે છે." તે વખતે રામ, લક્ષ્મણ, હનુમાન અને સુગ્રીવના વિચારોનો અનાયાસે યોગ થઈ જાય છે.

સખુબાઈ દળતાં દળતાં ભગવાનને યાદ કરતા અને ભગવાન દદે આવતા. ભગવાન મહાવીરનો અભિગ્રહ અને યોગાનુયોગે ચંદનબાળાની એવી સ્થિતિ પણ અનાયાસ–આયાસના યોગોનું પ્રતિબિંબ પાડે છે.

ાંધીજીનો પ્રસંગ :

ક્યારેક ક્યારેક વિશ્વનો અનુબંધ એવો હોય છે કે બન્ને ચાહની વ્યક્તિઓની ભાવનાઓ એક જ રૂપે પરિણમે છે. કસ્તૂરબાને મરતી વખત ઇચ્છા થાય છે કે મારું માથું ગાંધીજીના ખોળામાં હોય તો કેવું! બીજી બાજુ ગાંધીજીને ફરવા જવાની ઇચ્છા થઈ, પણ પાછા [illegible] આવે છે કે "બા બિમાર છે! આજે ના ફરવા જાઉં તો!" [illegible] ઇચ્છા હતી. આમ બન્નેનો યોગ થઈ ગયો. અનાયાસ

હતી. શિષ્યોને સાચવવા, તેમને શિક્ષણ આપવું; બીજી બાજુ શબરીને ખોટું ન લાગે, તેનું મનોજ પણ સ્વમાન ન હણાય તે પણ જોવાનું હતું.

શબરી પણ સમજી ગઈ કે જો મારે અહીં રહેવાનું છે તો માતંગ ઋષિને બધી રીતે અનુકૂળ થવું! ભલે મારે સહન કરવું પડે! જ્ઞાન લેવું છે તો સુખેદુઃખે રહેવું અને સમન્વય કરતા જવું. ગુરુએ પણ વિવેક વાપરી બધું ગોઠવી આપ્યું. આમ અનાયાસ-આયાસે બધું ગોઠવાઈ ગયું.

પરસ્પરની સમાન ઇચ્છાનો સુયોગ અનાયાસ-આયાસથી થાય છે. અમારા ગુરુ પૂ. નાનચંદ્રજી મ. સા. ગાંધીજીને મળવા જતા – જિજ્ઞાસુ ભાવે મળવા જતા. કારણ કે એમનામાંથી કંઈક જાણવા મળે એ ઇચ્છાએ જતા, પણ ગાંધીજી કાયમ મહારાજને વંદન કરતા. સાધ્વી ઉજ્જવલકુમારીજીને પણ વંદન કરતા. એટલે તેમની જ્ઞાન પ્રાપ્તિનો આશય જળવાતો. સાથે ગાંધીજી પણ તેમને નમન કરે છે એમ માનતા. ખરેખર તો ગાંધીજી માનતા કે સાધુ-સંતો પૂજનીય છે.

ઉપરના જે બધા પ્રસંગો રજૂ કરવામાં આવ્યા; તે રામ-વા પ્રસંગ, ગાંધી-કસ્તુરબાનો પ્રસંગ, રામ અને રાવણનો પ્રસંગ અનાર આયાસનો સિદ્ધાંત સૂચવી જાય છે.

અનાયાસ – આયાસ પાછળ સ્વાર્થ ન હોવો જોઇએ:

ઘણી વાર આ અનાયાસ – આયાસનો ઉપયોગ પોતાનો સાધવા, સત્તા જમાવવા કે બદલો લેવાની ભાવનાએ, પ્રસંગો ઊ ફરવામાં થાય છે. એને તકવાદ કહેવાશે! સમાજનો હું પણ એક છું; અને તે સ્વસ્થ-શુદ્ધ ન રહે તો હું પણ સ્વસ્થ શુદ્ધ ન રહી તે માટે મને પ્રસંગો મળે, મારે પુરુષાર્થ કરવો જોઈએ એજ અનાયાસ – આયાસ ગણાશે.

ભણાવવાં કે નહીં ?"

આના ઉપર વિચારણા કરતાં શ્રી. પૂંજાભાઈએ [illegible] ડૉક્ટરનો દાખલો ટાંકી કહ્યું કે તે ભણાવાય–આભાસ કહેવાય આપણે અહીં જોઈએ અને [illegible] ભાગ તો તે [illegible] આભાસ ન કહેવાય. પાલનપુરમાં મુનિશ્રી હતા અને બારોટ [illegible] આવ્યો. અને લેવાયો, તેમ જ એ પ્રશ્ન ઊભો તો સામાજિક ઉપર જોડી દેવાયો હતો. સંત-સાધુઓ તો જગતના છે એટલે અનુસાર તેમણે બધાયે પ્રશ્નો લેવા જોઈએ. પ્રજાકીય સંગઠનો તે દ્વારા તેમણે તેને ઉકેલવા જોઈએ. ખરે વખતે પ્રશ્નોથી [illegible] નાસભાગ કરે તે ન ચાલે!"

શ્રી. માટલિયા : "વિનોબાજીની વિચારસરણી એવી છે માત્ર વિચારો આપે છે. ધર્મને આજના વિજ્ઞાન યુગની ભાષા દે પણ, કામ તો બીજા કાર્યકરોએ જ કરવું જોઈએ. [illegible] પરિવ્રાજક બ્રહ્મચારી કે સંત ભલે હોય. પણ કાર્યકરો [illegible] કાર્યક્ષેત્ર લઈને બેઠા છે; બાલબચ્ચાંવાળા પણ છે. તેમણે [illegible] પોતાની મર્યાદાનુસાર પ્રશ્નો લઈને પ્રજાસંગઠનો દ્વારા ઉ[illegible] જોઈએ. સંત વિનોબાજીએ શ્રી. નાનાભાઈ ભટ્ટ જેવા વ્યાપક અસ[illegible]

ઘણીવાર સહજ પુરુષાર્થનો ત્યાગ કરવો આવશ્યક થઈ જાય છે. ઘણા એમ પણ કહેશે કે સહજ પુરુષાર્થની વાત કરો છો તો આ સંગઠનો તમો શા માટે કરો છો? તેનો જવાબ એટલો જ છે કે જ્યાં ખરાબ કામ માટે અનિષ્ટ સંગઠનો થયાં થતાં હોય ત્યાં શુદ્ધ - સારાં સંગઠનો કરવાં જ પડે. એ વગર વિશ્વવાત્સલ્યનું ધ્યેય સધાતું નથી. બાંધ તૂટી પડે, ચારે બાજુ પાણી નીકળવા માંડે અને અપાર નુકશાન થાય તે વખતે બાંધને જોડવાનો કે સાંધવાનો પ્રયાસ કર્યા સિવાય છૂટકો જ નથી. તે વખતે એમ કહીને ન બેસી રહેવાય કે "ધાર્યું હશે, તે પ્રમાણે કુદરત કરશે. હું તો બેઠો છું!" એ બરાબર નથી. આ તો ગોશાળકનો નિયતિવાદ છે કે "જગતમાં બનવા જોગ બને છે. એમાં કોઈ ફેરફાર કરી શકતું નથી." આમાં પુરુષાર્થવાદનો અવકાશ રાખ્યો જ નથી. આ એકાંત નિયતિવાદને ભગવાન મહાવીરે મિથ્યા કહ્યો હતો. તેઓ એમ કહેતા : "બનવા કાળ બન્યું જ એની ખાતરી શી છે? તમે કર્મને જોઈ શકતા નથી. સંભવ છે કે તમે જે નવું કર્મ કરો છો તેથી સારું પરિણામ પણ આવે અથવા પહેલાં કરતાં માઠું પરિણામ પણ આવે. એટલે સંસ્કૃતિની રક્ષા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે સહજ પુરુષાર્થ તો કરવો જ પડશે. "ધાર્યું ધણીનું થાશે રે!" એ વાક્ય આળસુ લોકોનું છે.

ને લખનને રામ કહે છે: "આપણે એને જોવા ગયા નથી. પણ, આવનારો એ સામી શરણાગતીને આવે છે. તો એના ઉપર વિશ્વાસ રાખીને ચાલવું જોઈએ એ એની સાથે આંતરો રાખવો નહીં. સાવધાન ભલે રહો પણ. શંકાશીલ ન રહો! જ્યાં સત્ય ચોક્કસ હોય છે ત્યાં તમને છેતરનારો પોતે જ છેતરાશે. માની લો કે તે ગુપ્તચર હશે તો પણ આપણે કંઈ ગુમાવવાનું નથી."

શ્રી રામમાં આ વસ્તુ આવી તે અનાયાસ–આયાસ વગર ન બની શકત. વિભીષણનું આકર્ષણ તો હનુમાનજીની મુલાકાતના કારણે થયું હતું. લંકામાં હનુમાનજી વિભીષણના આવાસમાં રામનામ જુએ છે અને તેમને વિભીષણને મળવાનું મન થાય છે. આમ વિભીષણ અને હનુમાનજી મળે છે—બન્ને રામપ્રિય આત્મા મળે છે અને તે સહેજે રામ તરફ ખેંચાય છે.

દરિયો પાર કરીને લંકામાં જવાનું થાય છે ત્યારે રામ કિનારા

તે વચનને દુર્યોધન કહે છે :—

युद्धाग्रं नैव दास्यामि विना युद्धेन केशव ।

—" હે કૃષ્ણ ! યુદ્ધ વગર હું સોયની અણી જેટલો પણ ભાગ નહીં આપું." શ્રીકૃષ્ણ તેને યુદ્ધનાં ભયંકર પરિણામો સમજાવે છે અને તે ન કરવા સમજાવે છે. પણ તે માનતો નથી. કૃષ્ણ પાછા ફરે છે.

તે જ માણસ નિર્લજ્જ થઈને ભગવાન કૃષ્ણ પાસે પાછો ફરે છે અને કહે છે : "મારે લડાઈ કરવી છે. મને મદદ કરો !"

જેણે કૃષ્ણની એકેય વાત ન માની, વિષ્ટિકાર તરીકે તેમનું સ્વાગત તો બાજુએ રહ્યું; અભિમાનવશ અપમાન કર્યું, તેને બીજો કોઈ હોય તો ધરાર ના પાડી દે ! પણ આ હતા શ્રીકૃષ્ણ ! તેમણે ઠંડે કાળજે કહ્યું : " તું અને અર્જુન બે જણ મારી પાસે મદદની માગણી કરવા આવ્યા છો ! અર્જુન અને તું બન્ને મારા કુટુંબી અને મિત્રો છો. મારો તમારા બન્ને ઉપર સરખો ભાવ છે. તે છતાં અર્જુન પહેલો આવ્યો છે; એટલે માગવાનો એનો હક્ક પહેલો !"

દુર્યોધન વિચારે છે કે વાત તો વ્યાજબી છે અને તે હા પાડે છે. શ્રીકૃષ્ણ કહે છે : " મારી પાસે બે વસ્તુઓ છે. એક તો હું પોતે અને બીજામાં મારી નારાયણી સેના. બન્નેમાંથી ગમે તે એક વસ્તુ અર્જુન પહેલાં માગી શકે છે !"

દુર્યોધન વિચાર કરે છે કે આ અર્જુન ક્યાંક સેના માગી બેસશે તો આપણે મુશ્કેલીમાં મૂકાવું પડશે. અર્જુન શ્રીકૃષ્ણને માગી લે તો સારું ! કારણ કે એમણે શસ્ત્ર-સન્યાસ કર્યો છે, એટલે નિરાંત રહેશે.

અર્જુન અહીં બે દૃષ્ટિએ વિચારે છે. એક બાજુ સભ્યતા (ઉપર કહેલો શિષ્ટાચાર સંખ્યા વગેરે) છે અને બીજી તરફ સંસ્કૃતિના પ્રતીક સમા શ્રીકૃષ્ણ છે. હવે કોને પસંદ કરવાં ! સંસ્કૃતિની રક્ષા, સંસ્કૃતિના રક્ષકથી જ થાય છે. તે માટે દુનિયાને જતી કરવી હોય તો જતી કરવી. કહ્યું છે કે :—

નામનો જ આશ્રય હોવો જોઈએ !" થોડી વારમાં જ આ ગાંધી
ખોળામાં ગાલ્યા ગયા. અહીં ગાંધીજીની અંદર તટસ્થતા – તાદા
અનાયાસ – આયાસ બધા ગુણો સૂચિત થાય છે.

અવ્યક્તબળ ઉપરનો અજબ વિશ્વાસ :

ભક્તોના ચરિત્રોમાં ધ્રાંગધ્રાના દેશલ ચોકીદારનું ચરિત્ર આવે છે. તે ચોકી કરતો; પણ કહેવાય છે કે તે ભજન કરતો કરતો પણ ચોકીદારીની ફરજ બજાવી શકતો. એક વખત કોઈએ તેને પૂછ્યું: "તમે અહીં ભજન કરો છો–પછી ચોકી કોણ કરશે ?"

દેશલે કહ્યું : "મારે તો બન્ને તરફની – આત્માની અને જગતની ચોકી કરવાની છે. તે હું જ કરું છું।"

ભાગવતની ભાષામાં કહીએ તો દેશલ ભગતની ચોકીદારીની ફરજ ભગવાને પૂરી કરી. કોઈ પણ ચોર ત્યાં ચોરી કરવા આવે ત્યાં તેને દેશલ દેખાય જ ! અવ્યક્ત જગતની ભાષામાં કહીએ તો તેને અવ્યક્ત બળની મદદ મળતી હતી.

ખરો અનાયાસ–આયાસ તેની મર્યાદા :

ભારતીય સંસ્કૃતિનો સળંગ પ્રવાહ જે વહી રહ્યો છે. તેની
આ અનાયાસ – આયાસનું તત્ત્વ સતત જોવા મળશે. સંસ્કૃતિ
સહજ પુરુષાર્થ કરવો; તેને શુદ્ધ કરવા માટે પ્રયત્નો કરવા એ આ ભૂમિ
સંતોનું અવિરતપણે કાર્ય રહ્યું છે. બુદ્ધ કે મહાવીરને રાજ્યશાસન મૂકી
સુખોને તિલાંજલિ આપી ઠેર ઠેર ઉઘાડા પગે ફરીને સંસ્કૃતિની રક્ષા
કરવાનું કોઈએ કહ્યું ન હતું; પણ તે સુસંસ્કૃત આત્માનો અનાયાસ-
આયાસ હતો. આવો અનાયાસ – આયાસ જે કરે છે તેને હમેશાં
અવ્યક્તબળોની મદદ મળતી જ રહે છે.

રાણા પ્રતાપનું જ્યારે ધૈર્ય ખૂટવા આવે છે, ત્યારે ભામાશાહ
વે છે ! આ અવ્યક્ત બળની મદદ જ છે ને ! પણ જે અનાયાસ-
યાસ થાય તે લોકકલ્યાણ માટે સહજ થવો જોઈએ !

નવકારશી મુકામે ધર્મશાળામાં રહ્યા, ત્યાંના ભાઈ આવી છે એ બાળકો મામા આવ્યા છે. એને ખૂબ પજવ્યા. તેમણે ઘરે પહોંચાડ્યા પણ તેમણે મને ક્યાંયે જવા ન દીધો. ખૂબનું કામ એક દિવસનું હતું તે બે મહિનાનું. પણ, થોડા વખતમાં એ કુટુંબ સ્વાભાવિક બની ગયું. ન ભળે જગતમાં આવા કેટલાયે ગાઢ સંબંધો અનાયાસે બંધાય છે; અને પ્રયાસ કરતાં જિંદગી વીતી જાય તોયે જે સંબંધ ન બંધાય તેવો સંબંધ પળવારમાં બંધાઈ જાય છે. આમ આખું જગત આપણું કુટુંબ હોય એમ લાગે છે અને તેની પાછળ અગમ્ય ચમત્કારો કે અવ્યક્ત બળોની કોઈ પ્રક્રિયા ચાલતી હોય છે તેમ લાગે છે અને અનાયાસે વિશ્વને પોતાનું એક મહાન કુટુંબ માનવાનું મન થઈ આવે છે. એ જ માનવની મહાસંસ્કૃતિ નથી તો બીજું શું છે?

અનાયાસ-આયાસે પરસ્પર પ્રેમ સંપાદન કરવા અંગેના મહાવીર ગૌતમ તેમ જ વિવેકાનંદ અને અમેરિકન બાઈનો પ્રસંગો રજૂ થયા હતા. અને તારણ એ નીકળ્યું હતું કે વાત્સલ્ય વધે છે તેમ તેમ અનાયાસે સ્વ-પર કલ્યાણનાં કામો થોડા વિવેકમય પુરુષાર્થથી થવા જ માંડે છે. (તા. ૭-૮-૬૧)

ઠરી : "તમે ભૂજ જાગો છો, તો મારા કુટુંબને સાથે લઈ જજો!" અને તેમણે ગાડતી પકડી.

મને થયું કે ફોજદાર છતાં કેટલો વિશ્વાસ છે. કેવો માનવ છે!

નવલખી મુકામે ધર્મશાળામાં રહ્યા. બહેન ભાઈ-ભાઈ કરે અને બાળકો મામા મામા કરે. છેવટે ભૂજ પહોંચ્યા. તેમને ઘરે પહોંચાડ્યા પણ તેમણે મને ક્યાંયે જવા ન દીધો. ભૂજનું કામ એક દિવસનું હતું તે મેં પતાવ્યું. પણ, થોડા વખતમાં એ કુટુંબ ચિરપરિચિત બની ગયું. ન જાણે જગતમાં આવા કેટલા યે ગાઢ સંબંધો અનાયાસે બંધાય છે; અને પ્રયાસ કરતાં જિંદગી વહી જાય તોયે જે સંબંધ ન બંધાય તેવો સંબંધ પળવારમાં બંધાઈ જાય છે. આમ આખું જગત આપણું કુટુંબ હોય એમ લાગે છે અને તેની પાછળ વ્યક્તપણે ચમત્કારો રૂપે અવ્યક્ત બળોની કોઈ પ્રક્રિયા ચાલતી હોય છે તેમ લાગે છે અને અનાયાસે વિશ્વને પોતાના એક મહાન કુટુંબ માનવાનું મન થઈ આવે છે. એ જ માનવની મહાસંસ્કૃતિ નથી તો બીજું શું છે?

અનાયાસ-આયાસે પરસ્પર પ્રેમ સંપાદન કરવા અંગેના મહાવીર ગૌતમ તેમ જ વિવેકાનંદ અને અમેરિકન બાઈનાં પ્રસંગો રજૂ થયા હતા. અને તારણ એ નીકળ્યું હતું કે વાત્સલ્ય વધે છે તેમ તેમ અનાયાસે સ્વ-પર કલ્યાણનાં કામો થોડા વિવેકમય પુરુષાર્થથી થવા જ માંડે છે. (તા. ૭-૮-૬૧)

જે (ભગવાને) મનુને આ સનાતન યોગ બતાવ્યો હતો અને સૂર્યે મનુને બતાવ્યો. મનુભગવાને ઇક્ષ્વાકુને આ યોગ કહ્યો. એટલે જે મનુભગવાન કહે છે તે યોગ્ય જ છે. એમાં જરાયે શંકાને સ્થાન નથી. पिता रक्षति कौमारे, भर्ता रक्षति यौवने ! पुत्राः स्थाविरे भावे न स्त्री स्वातंत्र्यमर्हति ॥" એમ કુમારાવસ્થામાં પિતા રક્ષણ કરે છે, જુવાનીમાં પતિ અને ઘડપણમાં પુત્ર રક્ષે છે. આમ સ્ત્રી સ્વતંત્રતાને લાયક નથી. આમ મનુ કહે છે ત્યારે નારી પ્રતિષ્ઠા કે નારી સ્વાતંત્ર્યની વાત ક્યાં રહી? એજ મનુભગવાને મનુસ્મૃતિમાં સ્ત્રીઓ માટે કહ્યું છે :—

> यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता :
> यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्ता त्राफलाः क्रिया :

—જ્યાં સ્ત્રીઓ પૂજાય છે ત્યાં દેવો પણ રમવા આવે છે. એટલે કે ત્યાં દિવ્ય પુરુષોનો વાસ હોય છે; પણ જ્યાં તેમની પૂજા થતી નથી ત્યાં બધી ક્રિયાઓ નિષ્ફળ થાય છે.

મનુએ આગળ ઉપર સ્ત્રીની પ્રશંસા કરતાં એક સુંદર શ્લોક આ પ્રમાણે કહ્યો છે :—

> अजा मुखतो मेध्या, गावो मेध्याश्च पृष्टत : ।
> ब्राह्मणाः पादत पूज्याः स्त्रियो मेध्या सर्वांगत : ॥

—બકરી મુખેથી પૂજવા લાયક છે; ગાય પૂંછડીથી પૂજવા લાયક છે, બ્રાહ્મણ ચરણથી પૂજવા લાયક છે પણ સ્ત્રીઓ બધા અંગેથી પૂજવા લાયક છે. એનું કારણ પણ બતાવવામાં આવ્યું છે કે, બકરી કાંકરા સિવાય બધું ખાઇને મીઠું દૂધ આપે છે. ગાય ગમે તેવું ખાઇને દૂધ તો આપેજ છે; સાથે તેનું છાણ પણ ઉપયોગી છે તેમજ ગૌમૂત્ર પણ શુદ્ધિ માટે પવિત્ર મનાય છે. એટલે તેની પૂજા પૂંછડીથી કરવામાં આવે છે. બ્રાહ્મણ સંસ્કૃતિનું રક્ષણ કરતો સતત ફરતો જ રહે છે. એટલે એના પગ પૂજવા યોગ્ય છે. પણ સ્ત્રીઓનું દરેક અંગ પૂજવા લાયક છે. કારણકે તેના અંગે અંગમાં પવિત્રતા ભરી છે.

જન્મ આપનાર હોય તો તે આ માતૃજાતિ છે. જે પોતાની જાતને કષ્ટમાં નાખીને પોતાનાં સંતાનોનો ઉદ્ધાર કરે છે.

મરૂદેવી આ યુગના પહેલાં કેવળી

યોગાનુયોગે એવી જ એક માતાને જૈનધર્મે પ્રથમ કેવળી તરીકે ગણાવીને મુક્તિનાં દ્વાર ખોલનારી પ્રથમ વ્યક્તિ જાહેર કરી છે.

ભગવાન ઋષભદેવ દીક્ષા લઈને ગયા. માતા મરૂદેવીને થતું હતું કે મારો ઋષભ કેવો હશે? તે ઘેર ઘેર ભિક્ષા માગે છે તો તેની શું સ્થિતિ હશે! માને મન તો ઋષભ હજૂ નાનો બાળક જ! તે એના હાલ જોવા આવે છે. ત્યાં ભગવાનનું સમવસરણ જુએ છે તેનો અતિશય અને પ્રભાવ જોઈને માતા મરૂદેવીનો ટુંકો વાત્સલ્ય-ભાવ વિશ્વ વિશાળ થાય છે....આનંદમાં ને આનંદમાં વિવેક જાગતાં સાચું જ્ઞાન થાય છે અને તે મોક્ષે સિધાવે છે.

રામ પાર્વતીને નમન કરે છે

હવે શંકર પાર્વતીના જીવન વિષે જોઈએ. શંકર રામને નમે છે એટલે સતી (પાર્વતી)ને થાય છે કે એ રામ વળી કેવા હશે? એટલે તેને જોવા માટે તે સીતાનો વેશ કરીને રામ પાસે આવે છે! રામ આ વાત કળી જાય છે એટલે સતીને બે હાથે નમે છે. તેથી આશ્ચર્ય પામી સતી શંકર પાસે આવે છે. શંકર પૂછે છે: "રામે શું કર્યું?"

પાર્વતી કહે: "તેમણે મને વંદન કર્યા!"

તો શંકર કહે: "તમે મારા ગુરૂના પણ ગુરૂ થયા એટલે તમે મારા પણ પૂજનીય છો!" કેવો અદ્‌ભૂત ભાવ છે? માતૃત્વ કેળવવું અને વિશ્વમાં વહેડાવવું એજ સંસ્કૃતિનું મહત્વનું અંગ છે. પાર્વતીનું સતીનું માતૃત્વ વિશ્વવ્યાપી બન્યું અને શંકરના માથામાંથી નીકળેલી ગંગા-આખા વિશ્વમાં પોતાનું મહત્ત્વ ફેલાવનારી થઈ.

ંકાયેલા બની ગયા. ગોપીઓમાં જે માતૃત્વ હતું તે જગતમાં ફેલા
ાવ્યું. આનું માતૃત્વ જ્યારે મનમાં શોભિત બને છે ત્યારે એ
ાપ્રકૃતિ તેને જગાડે છે.

ભગવાન મહાવીર અને માતૃજાતિનો ઉદ્ધાર

પણ આવી નારી જાતિ માટે જ્ઞાન અને મુક્તિના દ્વાર લોકો
 કરી નાખ્યા. મનુને ભગવાન માનનારા જ કહેતા હતા કે સ્ત્રીઓ
 અને મુક્તિનો અધિકાર નથી. એટલે ભગવાન મહાવીરે મહા
ાગ્રહ ધારણ કર્યો; તે પણ એક નારીનો!

કોઈને એવો વિચાર નથી આવતો કે મહાવીરનો બ્રહ્મચર્યવ્રતધારી.
ા વિચાર તેઓ કેમ કરી શકે? સ્ત્રીનું વહેવારિક રૂપ તો ભોજનમાં
 છે. પણ આમ તે માતા જ છે! તે વખતે એ જ જાતિની જે
ના હતી તે એમનાથી ન જોવાઈ. ગમે તેવી કન્યાને–પત્નીને–
–વહુને બજારમાં વેચી શકાય! અને તે પણ કહેવાતા સુસંસ્કૃત
 સમાજની વચ્ચે! એ પ્રભુએ જોયું અને તેમણે અભિગ્રહ કર્યો
જકુમારી હોય અને વળી દાસી હોય; માથે મૂંડેલી હોય અને
ણ દિવસની ભૂખી હોય! અડદના બાકળા ફાકતી હોય! આંખમાં
હોય! આ અભિગ્રહની એક એક શરત ઉપર વિચાર કરતા જશું
ાલ આવશે કે તે વખતે માતૃજાતિનું કેટલું બધું અપમાન
વોભવ' કહેનારા કરી શકતા હતા?

ભગવાન મહાવીરે એટલે ચંદનબાળાના માધ્યમ વડે તે વખતની
ાતિની દુર્દશાની કલ્પનાનો ખ્યાલ આપ્યો એટલું જ નહીં, તેમણે
 ગૌતમ આવે તે પહેલાં માતાને સ્થાન આપી દીધું. તેમણે
મારું માધ્યમ સ્ત્રી છે. ચતુર્વિધ સંઘની રચનામાં સ્ત્રીનો પણ
રજ્જો રહેશે અને તે પવિત્ર સંઘ બનશે. એમાં મુખ્ય કોણ?
 કે આ ચંદનબાળા! સાધ્વી સંઘની ચંદનબાળા આગેવાન
સાધુઓ માટે ૧૪ શિષ્યો પસંદ કર્યા પણ ૩૬૦૦૦

"આ અપ્સરા રાણી મારી માતા સમાન છે. તેમની ખૂબ વિશે
કારણે થઈ છે!"

ઘણા લોકો કહેશે કે આમાં જ્યારે માતૃત્વ આરોપ્યું તે
આવું કેમ બન્યું? ઘણા લોકોએ નારીને નાગણી-રાક્ષસી-નરકની ખ
—એમ કહ્યું છે. આપણે ઊંડો વિચાર કરશું તો જણાશે કે જ
સ્ત્રીમાં વાસના આવે છે ત્યારે તે નાગણી બને છે. એટલે જ આચારાંગ
જ્યાં જ્યાં એ શબ્દો આવ્યા છે, ત્યાં મેં કહ્યું છે કે: "વાસના
તે રાક્ષસી છે."

સ્ત્રીને માતા સમાન ગણો એ પ્રભુસ્વરૂપ છે:

સ્થુલીભદ્ર એક જૈન સાધુ છે. એ એવા પવિત્ર સાધુ છે કે
સંભૂતિ વિજય કહે છે કે, "તારે જ્યાં ચાતુર્માસ કરવું હોય ત્યાં કર

ત્યારે તેઓ કહે છે કે મારે કોશા વેશ્યાને ત્યાં ચોમાસું કર
મારી ઇચ્છા છે!"

ગુરુ કહે છે: "સુખ ઉપજે એમ કરો."

અહીં વિચારવાની વાત એ છે કે જે જૈન સાધુ છે, જેના
જૈનધર્મે નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યની વાત કરી છે. એક ઘરમાં પા
સ્ત્રી રહેતી હોય તો પણ ત્યાં રહેવાની જૈનધર્મ મના કરે છે. કારણ
અમુક પ્રકારની કામ ચેષ્ટા થતી હોય તેના અમુક શબ્દો કાને પડશે તો
મન વિકારી થશે. અપ્રતિતકારીને ઘરે ભિક્ષા લેવા જવાની પણ ના
છે. તેવા જૈનધર્મના એક મહાન સાધુ વેશ્યાના ઘરમાં ચોમાસું રહે
છૂટ આપે છે; એ ખૂબ સમજવા જેવી વાત છે.

સ્થુલિભદ્ર જાય છે. પ્રથમ તો કોશા રાજી થાય છે કે
જૂનો પ્રેમી પાછો આવ્યો ખરો! પણ જ્યારે તે સગજી જાય
એટલે પૂછે છે: "આવા સૂકા કેમ થઈ ગયા? રસ ક્યાં ઊડી ગયો

સ્થુલિભદ્ર કહે છે: "હું તને સાચો ધર્મ-રસ ચખાડવા આ
છું." તે કોશાને બધી વાત કરે છે અને પોતાને રસ્તે વાળે છે.

છે કે એ મજેની વાત નથી; એટલું જ નહીં તેમને ચારિત્ર્યથી પડતા પણ એજ કોશા બચાવે છે. ત્યારે તેમને ખબર પડે છે કે સ્થૂલિભદ્ર જેવા વિશિષ્ટ પુરુષો થયા છે તેઓ જ આમાં ટેકો કરીને પાર ઉતારે છે.

રામકૃષ્ણની માતૃદૃષ્ટિ

એજ રીતે રામકૃષ્ણ પરમહંસને જોઈએ. તેઓ આધુનિક યુગના દૃષ્ટા છે કાલીમાતાના માત્ર ભક્તિ નથી; એ પ્રેમાળ હાથ પણ ફેરવે છે. કાલીનું માતૃત્વ બીજા સ્વરૂપે પોતાની સામે છે. તેમણે શારદામણિને કહ્યું: "હું તો આજથી તને માતા માનું છું."

શારદામણિને કેટલા કોડ હશે પણ તેઓ સમજી ગયાં અને વિશ્વની માતાનું સ્વરૂપ માન્ય કર્યું. રામકૃષ્ણને પરમહંસ બનાવવામાં શારદામણિ માતાનો એટલો જ ફાળો છે.

ગાંધીજી અને કસ્તુરબા

ગાંધીજીને વિચાર આવ્યો કે મારે વિશ્વસેવક બનવું છે તો માં આ વિકાર વાસના અને બાળકોની જંજાળમાંથી નીકળી જવું જોઈએ. કસ્તુરબાએ તે માન્ય કર્યું. તે દેશના બા બની ગયા. ગાંધીજીએ બા પાસેથી ઘણીવાર પ્રેરણા લીધી.

માતૃજાતિનું માધ્યમ

આ વાતનો વિચાર સંસ્કૃતિના મહત્ત્વના અંગોમાં કરવો પડશે કારણ કે ક્રાંતિના કાર્યમાં આ બધી બાબતો ઘણી ઉપયોગી નીવડે છે. ક્રાંતિના માર્ગમાં ખાડા ટેકરા, ખરબચડાં અને લપસણાં ઘણા છે. તેમાંથી કેવી રીતે બહાર નીકળવું તે સંત-મહાત્માઓનાના જીવનમાંથી મળી આવે છે. જે યુગપુરુષો થયા છે તેમણે માતૃત્વને માધ્યમ બનાવ્યું છે. રામે પાર્વતીને, કૃષ્ણે ગોપીઓને, મહાવીરે ચંદનબાળાને, સ્થુલિભદ્રે કોશાને, રામકૃષ્ણે શારદામણિને અને ગાંધીજીએ કસ્તુરબાને માધ્યમ બનાવ્યા છે.

ચર્ચા - વિચારણા

શ્ચિમની સ્ત્રીપૂજા

શ્રી. માટલિયાએ આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "વિશ્
ાવવાને કારણે યુરોપમાં જનારી શાખાએ સ્ત્રીનો આદર કર્યો. આ
ે તેઓ ખૂબ સ્ત્રી સન્માન કરે, સ્ત્રી આવે કે જગ્યા આપે-પોતે ઊ
ય; પણ એમાં દેહપૂજા રૂપ પૂજા જ મુખ્ય રહી છે. એથી સ
ગમૂર્તિ છે એ ભાવનાથી ત્યાં આદર દેખાય છે.

એથેન્સમાં સુંદરમાં સુંદર સ્ત્રીઓનાં નગ્ન પૂતળાં દેખાશે. યુરોપની
ીઓ પણ એમ સમજીને બેઠી છે કે અમારું મૂલ્ય બાહ્ય સૌંદર્યથી

[૬]

ભારતીય સંસ્કૃતિમાં માતૃપ્રતિષ્ઠા

આપણે આ અગાઉ ભારતીય સંસ્કૃતિમાં માતૃજાતિની પૂજા એ પાંચમા અંગના સંબંધમાં વિચાર કરી ગયા છીએ. પૂજા ત્યાં સુધી ન થઈ શકે જ્યાં સુધી કોઈ વસ્તુની પ્રતિષ્ઠા ન કરવામાં આવે. ભારતીય સંસ્કૃતિમાં માતૃપ્રતિષ્ઠાનું અંગ અહીંની પ્રજાના ખમીરમાં વ્યાપકપણે જોવા મળશે. અહીંની માતાઓએ સંસ્કૃતિના ઘડતરમાં કેટ કામ કર્યું છે, તે અંગે વિચાર અગાઉ થઈ ચૂકયો છે.

આવી સ્ત્રીને—નારીજાતિને તેના કરેલ ત્યાગ, બલિદાન તેમ સાંસ્કૃતિક કાર્ય અંગે વધાવવામાં આવી છે. જીવનમાં ઘણી સ્ત્રી આવે છે પણ માનું સ્થાન અનોખું છે. ભારતના સાંસ્કૃતિક ગ્ર સ્મૃતિમાં પાંચ સ્ત્રીઓને માતા માનવાનું કહ્યું છે:—(૧) રાજમાત રાજાની પત્ની (૨) ગુરુમાતા—ગુરુની પત્ની (૩) મિત્રપત્ની—મા (૪) પત્નીની માતા (૫) પોતાની માતા.

તે અંગે સ્મૃતિકાર કહે છે :—

राजपत्नी, गुरुपत्नी, मित्रपत्नी तथैवच्च, ।
पत्नीमाता, स्वमाता च पंचैते मातरः स्मृताः ॥

—એટલે કે ઉપર કહી તે પાંચેયની પત્ની સ્ત્રીઓ જગત માતા સમાન છે. લક્ષ્મણજીએ પોતાની ભાભી સીતાજીને મા

શિવાજી અને મુસ્લિમબાઈ :

છત્રપતિ શિવાજી દક્ષિણના પ્રાંતમાં લડાઈ ચલાવતા હતા. ત્યારે લૂંટ ચલાવનારાની સાથે તેમણે સંપત્તિ મેળવી. એકવાર એક સિપેહસાલારે સંપત્તિ સાથે એક મુસ્લિમ બાઈને પણ લાવીને હાજર કરી. તે બુરખામાં હતી. શિવાજીએ તેનો બુરખો હટાવ્યો. બાઈ રૂપરૂપનો અંબાર હતી. યુવાન હતી તેમ જ દેખાવડી હતી. આવી સ્ત્રી પોતાના હાથમાં આવે તો માણસને કેવો ભાન રહે ? પણ, શિવાજીને સમર્થ રામદાસનો રંગ લાગ્યો હતો. તેમણે કહ્યું : "મારી માતા તારા જેવી સુંદર હોત તો તારા પેટે મેં જન્મ લીધો હોત તો હું કેવો સુંદર હોત ?"

તેણે એ બાઈને માતા બનાવી–માનપાન સાથે તેના ઘરે મોકલાવી દીધી. ભારતની સંસ્કૃતિની જ એ વિશેષતા હતી જેના કારણે તે ટકી છે અને ભવ્ય બની છે.

દુર્ગાદાસ અને ગુલેનાર :

ઔરંગઝેબને દુર્ગાદાસને વશ કરવો હતો. આમ તો એ જેલમાં હતો પણ રાજીખુશીથી વશ થાય તો ઘણું કામ થઈ જાય તેમ હતું. તેની ચિંતા જોઈ તેની એક ખૂબસુરત બેગમ ગુલેનારે કહ્યું કે હું એને વશ કરીશ. બાદશાહે છૂટ આપી; એટલે તે જેલમાં ગઈ. દુર્ગાદાસ જેવો તેવો માણસ ન હતો. તે રૂપાળો અને દેખાવડો હતો.

બેગમે દુર્ગાદાસને કહ્યું ; "દુર્ગાદાસ ! તું મને પત્ની તરીકે સ્વીકારી લે તો તારા બંધન છૂટી જશે. ઔરંગઝેબને મારી નાખવો હોય તો તે પણ સરળ બનશે."

દુર્ગાદાસ પાસે બે પ્રલોભનો હતાં. એક તો ઔરંગઝેબ સાથે લડાઈ બંધ થાય અને રાજ્ય સાચા ક્ષત્રિયોનાં હાથમાં આવે. બીજું એ આકર્ષણ હતું કે રાતનો વખત હતો, એકાંત હતું અને ખૂબસુરત સ્ત્રી સામે હતી. પણ એણે વિચાર કર્યો કે મારે એક માતા છે તેમ

[illegible]

[illegible]

[illegible] પગમાં પડી ગયા. [illegible] મારી ગુરુ! હું પાપી છું! મને માફ કરો!"

મીરાંબાઈ કહે: " [illegible] ! [illegible] ને પરમકૃપાળુ અને પરમદયાળુ છે."

રત્નાવલીએ તુલસીદાસને ઘડ્યા :

હમણાં ગોસ્વામી તુલસીદાસની જ્યંતિ ગઈ. તેમને પણ બોધ આપનારી તેમની પત્ની હતી. સ્ત્રીઓને એમ કહી દીધું કે તમારો બધો ભાર પુરૂષ ઉપર નાખી દો! તેને પ્રભુ માનો! પણ પુરૂષ સાવધાન ન હોય તો સ્ત્રીએ તેને જગાડવો જોઈએ.

પોતાની પ્રિયતમાને પિયર મોકલ્યા બાદ તેને મળવાના પ્રેમમાં તુલસીદાસજી તેજ દિવસે ઘોર અંધારી રાતે સાસરે પહોંચી ગયા. બીજી કોઈ સ્ત્રી હોય તો રાજી રાજી થઈ જાય! પણ તે સ્ત્રીએ તરત એમને કહ્યું: " તમે અત્યારે! અહી!! "

બીજી સ્ત્રી હોત તો વિચારત કે મારો ધણી મારા વગર એક મિનીટ પણ રહી શકતો નથી! પણ આ બાઈ વિચક્ષણ હતી. તેણીએ કહ્યું તમે મારા તરફ લલચાતા નથી પણ મારા શરીર-યૌવન તરફ લલચાવ છો! જો એવો જ પ્રેમ પરમાત્મા પ્રત્યે કર્યો હોત તો!"

जैसी प्रीत हराम में वैसी हरमें होय।
चला जाय वैकुंठमे पल्ला न पकडे कोय॥

પડશે. અમારા જૈન સમાજમાં જ્યાં સ્ત્રી-પુરૂષ સમાનાધિકાર આપી સાધ્વી દીક્ષાનો અને મુક્તિનો અધિકાર આપ્યો છે ત્યાં પણ રૂઢિગત એક વાત જોવામાં આવે છે કે સંયમે અને વયે મોટાં એવાં સાધ્વીઓને સાધુને નમવાનું હોય. પ્રિય નેમિમુનિ સામે એવો પ્રસંગ આવ્યો. અમારા ગુરૂ મુનિશ્રી નાનચંદ્રજી સ્વામી સાથે દીક્ષાએ મોટા સાધ્વીને વાંદતા તેમને સંકોચ થતો હતો. તેમના ગુરુભાઈ ડુંગરસિંહજી મુનિ કહે કે હું દીક્ષાએ મોટો છું છતાં તમે ન નમો અને હું નમું તો સારૂં ન લાગે! ક્રાંતિકાર્યમાં સંકોચ ન ચાલે. મારો પ્રસંગ એમનાથી જુદો છે. જેવાં મેં સાધ્વીને વંદન કર્યાં તેવા તે ભાગી ગયા. કહે કે તમે વંદન કરો તો પાપ લાગે! આનું કારણ એ જાતનાં સંસ્કાર પડી ગયા હોય છે. આ સંસ્કારો દૂર કરવાના છે.

તે સ્ત્રીને સમજાવીને જ કરવાનું છે. આજે સ્ત્રી જાતે જ જન્મતાં સ્ત્રીજાતિને હીણી માને છે. કારણકે પાયામાં એ સંસ્કાર પડયા છે. છોકરી આવે તો કહેશે કે પહાણો આવ્યો છે. ઉમ્મર લાયક થાય તો કહેશે કે છાતી ઉપર સાપનો ભારો પડયો છે. છોકરો આવે તો કહેશે કે રતન આવ્યું! અંદર ભલે તે દીકરીને ચાહતી હોય પણ દેખાવ કરે કે દીકરાનેજ ચાહે છે. દીકરીને દીકરો મારે તો કહે વીરો છે ને? કોઈ વાંક આવે અને બહેન ભાઈને મારી બેસે તો ઉપરથી એ ખાવી પડે. આ હાલત બદલવી જોઈએ.

આજે નારી જાતિની ઘણી દુર્દશા જોવામાં આવે છે. આપઘાત, અગ્નિસ્નાન, કન્યાવિક્રય, કજોડાંલગ્ન વગેરે દુઃખો એને ભોગવવા પડે છે. આ બધામાં પણ માતૃજાતિની જે સહનશીલતા અને શક્તિ છે તેનો પરિચય મળે છે. જે લોકો વિકારી છે તેઓ ભલે શીલરક્ષા ન કરી શકતા હોય પણ, તેમનું માથુ શીલવતી મા-બહેન આગળ નમી જાય છે; તેનો હૃદય પલટો તરત થઈ જાય છે. એની પાછળ ભારતીય સંસ્કૃતિમાં રહેલ માતૃપૂજનના સંસ્કારો જ પડયા છે. આજે નારી જાતિમાં જે માતૃત્વનો પડયાં છે તેમને સંકલિત કરીને સ્ત્રીશક્તિને વિકસાવવાનું

ગાંભીર્ય સુધી વિચારાયા છે. એ રીતે કે શીલના પાયામાં ત્રણ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે :—(૧) બ્રહ્મચર્ય. (૨) સમાજનો વ્યાપક સદાચાર. (૩) સમાજમાં નારીને શીલ-સુરક્ષિત માનવી. આ ત્રણ બાબતના પાયાથી આ દેશની સંસ્કૃતિનું આ અંગ પોષાયેલું છે.

હવે આપણે ત્રણે અંગોને અલગ અલગ લઈને વિચારણા કરીએ :—

(૧) **બ્રહ્મચર્ય :** આ શીલનું પહેલું અંગ છે. દરેક નારીમાં એ બાબતનું મહત્ત્વ રહેવું જોઈએ કે ભલે પોતાનો પ્રાણ જાય પણ બ્રહ્મચર્ય તો તેનું ખંડિત ન જ થવું જોઈએ. પરિણિત સ્ત્રીઓ માટે પણ પોતાના પતિ સિવાય અન્ય પુરુષનું સાહચર્ય ન થાય તેની તકેદારી રાખવી જોઈએ. ભારતના ઇતિહાસમાં એવા અનેક દાખલાઓ છે. જૌહર કરીને ભડભડતી ચિતામાં કૂદી પડનાર રાજપૂત લલનાઓ આના ભવ્ય પ્રસંગો ઊભા કરે છે. એટલું જ નહીં ભારતીય નારીના એ ગૌરવને નાદિરશાહ જેવા લૂંટારૂ બાદશાહે પણ સન્માનેલ છે.

જ્યારે લૂંટ મચાવી તે મહેલમાં જાય છે ત્યારે હુકમ કરે છે કે જાવ...બધી બેગમો અને શાહજાદીઓને શણગાર સજી મારી સામે નાચવાનું કહો!"

નાદિરશાહનું નામ અને પ્રાણનો ભય... બધી બેગમો શણગાર સજી નાચવા માટે હાજર થાય છે. બેગમોને નાચવાનું કહી નાદિરશાહ કટાર ખુલ્લી મૂકી સૂઈ જાય છે. થોડીવાર પછી તે જાગે છે. વળી બેગમો નાચવું શરૂ કરે છે. ને વખતે નાદિરશાહ તેમને કહે છે : "મેં સાંભળેલું કે હિંદી નારીને પોતાના શીલ માટે મગરૂબી હોય છે. તમારામાંથી કોઈએ પણ વિદ્રોહ કર્યો હોત કે મારી અહીં પડેલી ખુલ્લી કટારને ચડીને મને મારવા પ્રયત્ન કર્યો હોત; તો હું રાજી થાત! પણ તૈમુર ખાનદાનની અને હિંદની કોઈ પણ ખાનદાની સ્ત્રીને તેમ કરવાનું ન સૂઝયું એટલે મને તો લાગે છે કે આ ખાનદાનનો સિતારો તૂટવાનો છે!"

સુલોચના અને રામયુગ :

સુલોચના આ તત્વ અંગેનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. તે રાવણના પુત્ર મેઘનાદની પત્ની હતી. મેઘનાદ જ્યારે લડાઈમાં જાય છે ત્યારે તેણે પતિને કહ્યું : "તમને કંઈક થાય તો તેની ખબર મને મળવી જોઈએ !"

પણ, તેને કોઈ સમાચાર મળતાં નથી તેના કાને એવી વાત આવે છે કે તેનો પતિ મરાયો છે. એટલે તે સાસુને જઈને કહે છે: "મારા પતિને શોધવા જાઉં !"

સુલોચના સતી હતી તેમ મંદોદરી પણ સતી હતી. અસુરો શક્તિશાળી હતા છતાં શક્તિ ખોટા માર્ગે વાપરે એવા કુળમાં જન્મ્યા છતાં બન્નેના સંસ્કારો ઉચ્ચ હતા. પતિ તરફ વફાદારી, બ્રહ્મચર્ય ખંડિત ન થાય અને બીજા પુરુષોનો પણ ભાઈ-બાપ જેવો વિશ્વાસ એ ત્રણે દૃષ્ટિએ સ્ત્રી સતી થાય છે.

સુલોચના સાસુને પૂછે છે કે "હું પતિ પાસે જાઉં તો ખરી ! પણ કોઈ મારી સામે કુદ્રષ્ટિ તો નહીં કરે ને ?"

કારણ કે, યુદ્ધ ચાલતું હતું અને વખતે સૈનિકો મગજ ગુમાવી બેસે તો ? દારૂનો નશો અને વિકારનો નશો બન્ને માણસમાં ગાંડપણ આણે છે. સોલ્જરો જ્યાં જ્યાં જાય છે ત્યાં આસપાસની સ્ત્રીઓને બીક લાગે છે એ સ્થિતિ આજે પણ ગઈ નથી. એ લોકો દારૂનો નશો કરતા હોય છે. નશો કરે તે માંસાહાર પણ કરે અને અંતે વ્યભિચાર તરફ વળે. અમુક પવિત્ર સૈનિકો હશે પણ વધારે પડતા બીજી પ્રકૃતિના લોકો છે. દારૂ, માંસાહાર અને વ્યભિચાર એ માનવજાતિ માટે અભિશાપ રૂપે છે અને એ જ્યારે દૂર થશે ત્યારે સંસ્કૃતિ ખરા અર્થમાં ખીલી ઊઠશે.

એટલે જ્યારે સૈનિક-યુદ્ધ પરિસ્થિતિ પ્રવર્તતી હોય ત્યારે, એક સતી સ્ત્રી ઉપર સુજનનો પ્રશ્ન કરે એ સ્વાભાવિક છે. ત્યારે મંદોદરી તેને કહે છે: "તારે ફિકર કરવાની જરૂર નથી તારી રક્ષા થશે; કારણ કે

પરાણે તેને દાસીના કપડાં પહેરાવવાં, રાણીના કપડાં ઉતારવા તડાપપાડ થતો હતો. દ્રૌપદીએ ત્યારે વિચાર્યું કે ભલે હું વેચાઈ પણ મારા શીલને તો કોઈને વેચવાનો અધિકાર નથી. તેણે સભા સામે પડકાર કર્યો ? નારી જાતિનું–સતીનું જ્યારે અપમાન થાય ત્યારે તે વંશનો નાશ થયા વગર રહેતો નથી. કૌરવોનો નાશ થયો; પણ તે વખતે તો શક્તિમાં હતા !

દ્રૌપદીના પ્રશ્ન અંગે સભામાં બેઠેલા બધા બ્રાહ્મણો, વડીલો; નીતિજ્ઞો વિચારમાં પડ્યા કે વેચાયેલી સ્ત્રીની લાજ લૂંટાતી હોય તો તેને બચાવવાનો અધિકાર ખરો કે નહીં ? તેઓ એ ચર્ચા-વિચારણામાં રહ્યા અને દુઃશાસને ધોળે દહાડે ભરી રાજસભામાં અનાચાર આદર્યો !

દ્રૌપદીએ કૃષ્ણનું ધ્યાન ધર્યું. સભામાં કોઈ સાધુ તો હતા નહિ બ્રાહ્મણોની ઉતરતી દશા હતી એટલે કોઈ ક્ષત્રિયે જાગવું જોઈએ. શ્રીકૃષ્ણ જાગ્યા. તેમણે ત્રણે બાજુની જવાબદારી અદા કરી ! નવસો નવાણું ચીર પૂર્યાં અથવા એમણે પ્રશ્નો પૂછ્યા. એટલે પેલા જવાબ આપતા અટકી ગયા. શીલ, સદાચાર અને વિશ્વાસના વાતાવરણથી તેમણે નવું મોજું ફેલાવી દીધું. વિકર્ણ અને દ્રોણાચાર્ય તો સભા મૂકીને ભાગી ગયા સામું પણ ન જોઈ શકયા. ભીષ્મપિતામહ અને બીજા વડીલો નીચું જોઈ ગયા. આંખ મીંચે તો ટેકો મળી જાય. પણ આમ કરવાથી કામ પતતું નથી એટલે શ્રીકૃષ્ણે બોલ્યા વગર સક્રિય આચાર કરી બતાવ્યો ન ઠપકો આપ્યો કે ન હિંસા કરી.

તેમણે અનુકંપાથી ઠપકો આપ્યો. ક્ષત્રિયોને કહ્યું : "તમે ફરજ ચૂકયા છો. નહીંતર સ્ત્રીનું અપમાન જોઈ શકો નહીં !"

બ્રાહ્મણોને કહ્યું : "તમારું બ્રહ્મતેજ શું કામનું, જે સદાચારનું રક્ષણ ન કરી શકે ? હવે શું ભોંય ખોતરો છો ?"

વિકર્ણને કહ્યું "તમે નાશી છૂટયા ! તમારી ફરજ શું હતી ?"

આખી રાજસભાના ક્ષત્રિયોને કહ્યું કે ક્ષત્રિયોનું કામ રક્ષણ કરવાનું છે. તેમાં પણ આ એક અબળા સ્ત્રી અને વળી રજસ્વલા છે.

પરાણે તેને દાસીના કપડાં પહેરાવવાં, રાણીના કપડાં ઉતારવા તલપાપડ થતો હતો. દ્રૌપદીએ ત્યારે વિચાર્યું કે ભલે હું વેચાઈ પણ મારા શીલને તો કોઈને વેચવાનો અધિકાર નથી. તેણે સભા સામે પડકાર કર્યો ? નારી જાતિનું–સતીનું જ્યારે અપમાન થાય ત્યારે તે વંશનો નાશ થયા વગર રહેતો નથી. કૌરવોનો નાશ થયો; પણ તે વખતે તો શક્તિમાં હતા !

દ્રૌપદીના પ્રશ્ન અંગે સભામાં બેઠેલા બધા બ્રાહ્મણો, વડીલો; નીતિજ્ઞો વિચારમાં પડ્યા કે વેચાયેલી સ્ત્રીની લાજ લૂંટાતી હોય તો તેને બચાવવાનો અધિકાર ખરો કે નહીં ? તેઓ એ ચર્ચા–વિચારણામાં રહ્યા અને દુઃશાસને ધોળે દહાડે ભરી રાજસભામાં અનાચાર આદર્યો !

દ્રૌપદીએ કૃષ્ણનું ધ્યાન ધર્યું. સભામાં કોઈ સાધુ તો હતા નહિ બ્રાહ્મણોની ઉતરતી દશા હતી એટલે કોઈ ક્ષત્રિયે જાગવું જોઈએ. શ્રીકૃષ્ણ જાગ્યા. તેમણે ત્રણે બાજુની જવાબદારી અદા કરી ! નવસો નવાણું ચીર પૂર્યાં અથવા એમણે પ્રશ્નો પૂછ્યા. એટલે પેલા જવાબ આપતા અટકી ગયા. શીલ, સદાચાર અને વિશ્વાસના વાતાવરણથી તેમણે નવું મોજું ફેલાવી દીધું. વિકર્ણ અને દ્રોણાચાર્ય તો સભા મૂકીને ભાગી ગયા સામું પણ ન જોઈ શક્યા. ભીષ્મપિતામહ અને બીજા વડીલો નીચું જોઈ ગયા. આંખ મીંચે તો ટેકો મળી જાય. પણ આમ કરવાથી કામ ચાલતું નથી એટલે શ્રીકૃષ્ણે બોલ્યા વગર સક્રિય આચાર કરી બતાવ્યો ન ઠપકો આપ્યો કે ન હિંસા કરી.

તેમણે અનુકંપાથી ઠપકો આપ્યો. ક્ષત્રિયોને કહ્યું : "તમે ફરજ ચૂક્યા છો. નહીંતર સ્ત્રીનું અપમાન જોઈ શકો નહીં !"

બ્રાહ્મણોને કહ્યું : "તમારું બ્રહ્મતેજ શું કામનું, જો સદાચારનું રક્ષણ ન કરી શકે ? હવે શું બોધ આપતા છો ?"

વિકર્ણને કહ્યું "તમે નાસી છૂટ્યા ! તમારી ફરજ શું હતી !"

આમ, રાજસભાના ક્ષત્રિયોને કહ્યું કે ક્ષત્રિયોનું કામ રક્ષણ કરવાનું છે. તેમાં વળી આ એક અબળા સ્ત્રી અને વળી રજસ્વલા છે.

આવો જ એક દાખલો અમદાવાદના સુબાશાહીના જમાના તે વખતે સુબાનું રાજ્ય હતું અને તે સુંદર સ્ત્રીઓને પોતા ભોગ-વિલાસ માટે શોધતો હતો. તે એમને પકડીને મહેલમાં સંગાથ અને અભિસાર કરતો. પણ કોઈની તેની સામે થવાની હિં ન ચાલતી.

તે વખતે સદોબા કરીને એક રૂપાળી ચારણબાઈ હતી. સુબા નજર એના ઉપર પડી. તેને પકડી લઈ ગયા. પણ તે બાઈએ તી તલવારથી પોતાના સ્તનો કાપીને સુબા આગળ ધર્યાં. આખો સમ જે નમાલો બની બેઠો ગયો હતો તે ઉકળી ઊઠ્યો. ચારણો બીજી પ્રજા તૈયાર થઈ ગઈ; હાહાકાર મચી ગયો. સુબો એટલો ડઘાઈ ગયો કે તેણે બહાર નીકળવાની હિંમત ન કરી.

આખા શહેરમાં એક છાપ ઊઠી કે સ્ત્રીઓનું શીલ ન લૂં જોઈએ; પછી સુબો કદિ આવું અનાચરણ ન કરી શક્યો. સમ માટે એ અદ્ભુત પ્રસંગ બની ગયો. આજે પણ અમદાવાદમાં સદો નામનો મહોલ્લો છે.

સ્ત્રીઓએ આમ સમાજને ઘણી જાગૃતિ આપી છે. તેના કેટ પ્રસંગો આપણે ગયા વખતે જોઈ ગયા. થોડાક હમણાં વિચારી ગ જો દરેક બહેનો હિંમતપૂર્વક દુરાચારીનો સામનો કરે તો કોઈ પુરુષ સ્ત્રીનાં શીલને તોડવા પ્રયત્ન ન કરી શકે. પણ તે માટે ખરે હિંમત જોઈએ.

પરાક્રમ પણ શીલ નિષ્ઠાથી

આમ જાણી શકાય છે કે શીલ નિષ્ઠા કાયમ કરવા માટે જો તેમજ સાધુ બ્રાહ્મણ એ બન્નેએ સમાજમાં વિશ્વાસ કેળવાય તેવું આચરણ કરવું જોઈએ. આવું શીલ નિષ્ઠાનું પોતાનું બળ છે; તે નવું પરાક્રમ પેદા કરે છે.

સાધુ-બ્રાહ્મણ સંત-સતી પછી સમાજમાં શીલ-નિષ્ઠાની રક્ષા કરવાનો ભાર ક્ષત્રિયો ઉપર આવે છે. ખરા ક્ષત્રિયોની શીલ નિષ્ઠાની પણ ઘણી વાતો આવે છે. આવી શીલ નિષ્ઠા માટે જેમ સાધુ સંતોએ એકાંત અંગે ઘણી સાવધાની રાખવી પડે છે તેવું દરેક માટે છે. આપણે યાં માણસે બાળકો હોય ત્યારે કેવી રીતે વર્તવું; અને નાનાએ ડીલોની હાજરીમાં કેમ રહેવું એ અંગે ઘણા નિયમો બનાવેલા છે. ો કે મર્યાદા વગેરેના નિયમોમાં અતિશયોક્તિ આવી ગઈ છે. તે છતાં ીલ નિષ્ઠામાં અને તેના અન્વયે બ્રહ્મચર્ય પાળવામાં એક બાબત તો યાન રાખવી ઘણી જરૂરી છે; તે એકે મા-બાપે પોતાના બાળકની ર્યાદા પાળવી જોઈએ. તેનો એક દાખલો છે. જો કે આવા ખલાઓમાં ઘણીવાર અતિશયોક્તિ ખૂબજ જણાય છે પણ આપ ર લેવાનો છે.

રાજસ્થાનના રજપૂતોએ વિચાર કર્યો કે આપણે ત્યાં વનરાજ ો વીર પાકે તો? રાજસ્થાનની ઉન્નતિ થાય! તેમણે એ ખ્યાલે ાર કર્યો કે તેનો બાપ તે જયશિખર! આ જયશિખરને લઈ જઈને રાજપૂત કન્યા સાથે પરણાવીએ અને તેનો જે પુત્ર થાય તેથી પણો ઉદ્ધાર થાય.

ભાટ-ચારણો જ્યારે બોલાવા ગયા ત્યારે જયશિખરે પૂછ્યું: મે મને શા માટે લઈ જાવ છો!"

તેમણે બધી વાત કરી ત્યારે જયશિખરે કહ્યું: "પણ, વનરાજ કરવા માટે તેની મા જેવી રૂપસુંદરી સ્ત્રીઓ તમારે ત્યાં છે!"

બધું બરાબર જરૂરી છે; તેજ બાબતો સમાજને રહી શકે. આજે શીલને બાબતો ઢીલી પડી ગઈ છે. ઉપરના નિયમો બરાબર છે પણ અંતરના નિયમો ઢીલા થયા છે. એટલે સમાજનો વિનાશ થઈ રહ્યો છે. જો સમાજમાં નીતિ નિયમો બાબતો ના હોય તો તત્ત્વનિષ્ઠા ટકી શકે નહીં. તેવીજ રીતે શીલ નિષ્ઠા માટે પરસ્પર વિશ્વાસ હોવાનો જોઈએ કે જેથી શંકા થાય જ નહીં.

ગાંધીજી અને અંગ્રેજ કુમારિકા

આવી શંકા ન થાય તે માટે માણસે જાતે જાગૃત થવું જોઈએ.

ગાંધીજીનો આ અંગેનો દાખલો જાણવા જેવો છે. તેઓ લંડનમાં રહેતા હતા. તેઓ જેને ત્યાં રહેતા તેમની યુવાન કન્યા સાથે ફરવા જતા. ત્યાંની સંસ્કૃતિમાં શરીર સ્પર્શ એ સામાન્ય બાબત છે તેમજ ઘણી છૂટછાટો ત્યાં લેવાય છે. ગાંધીજીને વિચાર આવ્યો કે જો કસ્તુરબા આ બધું જુએ તો તેના મનમાં શું ભાવ જાગે?

એટલે તેમણે ઘરે જઇને કન્યાની માને કહ્યું: માફ કરજો; ભવિષ્યમાં હું તમારી કન્યા સાથે ફરવા નહીં જઈ શકું કારણકે હું પરણેલો છું.

ગાંધીજી આટલા બધા સાવચેત હતા. એવોજ એક બીજો દાખલો મળે છે. તેમના પુત્રનું વેવિશાળ–સગપણ થવાનું હતું. એટલે ભાવિ પત્નીનો મેળાપ કરવાની વાત આવી. ગાંધીજીએ ચોકખું કહ્યું: "તેમનો પરિચય ભલે લેવાય પણ કુંવારા હોય ત્યાંસુધી એકાંતમાં મળવા દેવાય નહીં."

સમાજમાં આવા નિયમો બરાબર રહેવા જોઈએ; શીલનિષ્ઠા બરાબર રહેવી જોઇએ. હમણાં પશ્ચિમની સંસ્કૃતિના અસરના કારણે પરણ્યાં પહેલાં આજના યુવાનો—યુવતીઓ એકલાં ફરવાની અને તે બહાને એકબીજાને જાણી લેવાની વાત કરે છે પણ, એવું જોવામાં આવે છે કે એનાં માઠાં પરિણામો વધારે નીકળ્યાં છે. એથી વધારે પડતાં વેવિશાળો ભાંગી પડતાં; અને ઘણીવાર યુવાનોની ભ્રમરવૃત્તિ સંતોષાઇ

[illegible] જ [illegible] છે. તેમજ એ [illegible] ધર્મસ્થાનોમાં [illegible] પણ સમાજ-વિશ્વાસનાં સ્થળો હોવાં જોઈએ.

[illegible] પણ આવે છે. [illegible] શરીર [illegible] વિશ્વાસનીય વાતાવરણ ઊભું કરવું જોઈએ. ડોક્ટરો અને [illegible] સેવિકા જેવાં છે પણ તેમનામાં વિશ્વાસ મૂકી શકે તેવું વાતાવરણ તેમને ભાગ્યેજ મળતું નથી. આજે ડોક્ટરો અને હોસ્પીટલો [illegible] સમાજ-વિશ્વાસનાં પવિત્ર સ્થળો બનવાં જોઈએ.

ભણતર અંગે પણ કહી શકાય કે શિક્ષકો અને શિક્ષિકાઓ જ્યાં સાથે હોય ત્યાં શાળાઓ અને વિદ્યાલયોમાં શિક્ષકોએ એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ જેથી સમાજ વિશ્વાસ કેળવાય અને શીલ નિષ્ઠા વધે. આજની કોલેજોમાં ભણતો વિદ્યાર્થી સમુદાય જે રીતે બહારની ટીપટાપ, ફેશન તેમજ છૂટછાટ સાથે નથી રતો છે તેના ઉપરથી કદિ સદાચાર-શીલના વહેવારની છાપ ઉપસતી નથી.

જે સ્થાનો જાહેર છે; જ્યાં ભવિષ્યના નાગરિકોનું ઘડતર થાય છે તે સ્થાનોમાં સંયમ, સાદાઈ અને પવિત્રતા પહેલાં આવવાં જોઈએ. આજની પરિચારિકાઓ (નર્સો) તેમજ શિક્ષિકાઓ જ્યારે પોતે જ સંયમ કે સાદાઈને મૂકીને બહારની ટાપટીપમાં પડી જાય તો તેની બીજા ઉપર શું છાપ પડે। એટલે વિદ્યાલયોમાં વિદ્યાર્થી તેમજ શિક્ષક બન્ને માટે એવી એક આચાર સંહિતા અને પહેરવાના નિયમો હોવા જોઈએ જેમાં સંયમ અને સાદાઈને પ્રથમ સ્થાન મળવું જોઈએ.

જે સ્થાનો જાહેર હોય, જે વિશ્વાસને પાત્ર રહેવાલાયક હોય, તે અવિશ્વાસને પાત્ર બની જાય તો, એ સમાજ ક્યાં જઈને અટકશે એટલે જ ગાંધીજી ઘુંઘટ નહીં કાઢવા માટે કડક હતા પણ જાગૃત હતા. સાધુ હોય, શિક્ષક હોય, સેવક હોય કે ડોક્ટર હોય તેમનો એટલો વિશ્વાસ હોવો જોઈએ કે લોકો તેમની પાસે જત

[°]

ભારતીય સંસ્કૃતિમાં સત્યનું સ્[illegible]

ભારતીય [illegible]
[illegible] વિચારણા [illegible]
સ્થાન શું [illegible]
વિચાર કરીએ. [illegible]
પ્રમાણે છે :—

[illegible]

ભાવ સચ્ચે એટલે [illegible] મનમાં પડેલું સત્ય; કરણ સચ્ચે [illegible]
કરણમાં–સાધનમાં પડેલું સત્ય અને જોગ સચ્ચે એટલે મન, [illegible]
કાયા દ્વારા આચરણમાં મૂકાયેલું સત્ય. આની સાંગોપાંગ સત્યનું [illegible]
સ્પષ્ટીકરણ થઈ રહે છે. જે સત્ય હોય; તેને સત્ય સાધનો વડે [illegible]
વચન અને કાયાના સંપૂર્ણ આચાર; એટલે કે બધાં સત્યોનું પ[illegible]
કરવું; કરાવવું અને ટેકો આપવો–આવી રીત છે. મનમાં એક હો[illegible]
તેને કરવાનું સાધન બીજું હોય; વર્તનમાં કંઈક ઓર હોય અ[illegible]
વચનમાં કંઈક ઓર હોય તો તે સત્ય નથી!

હરિભાઉ ઉપાધ્યાયે સત્યની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે:—
“તત્ત્વ, તથ્ય અને વૃત્તિ એ ત્રણનો સમન્વય કરવો એ જ સત્ય છે!”
[illegible]ત્ત્વ એટલે ભાવ સત્ય. કેટલીકવાર સત્ય ભીતરમાં પડેલું હોય પણ
[illegible]હાર દેખાય નહીં તે; તથ્ય એટલે સાધન સત્ય–વાણીમાં આવે તે,
[illegible]ત એટલે આચરણમાં આવે તેવું સત્ય. મતલબ કે સત્યમાં જાગવું;
[illegible]ને જાગાડવું અને જગતના સત્યને પ્રતિષ્ઠિત કરવું! આવું સત્ય
ક્યાં આવ્યું તે જોવાનું છે. કેવળ ભારતમાં જ નહીં પણ પૃથ્વીના
ભાગો ઉપર પણ સત્ય છે જ. ભારતમાં સત્યને [illegible]
છે. ભારતે સત્યનું મૂલ્યાંકન જો[illegible]

ભારતમાં સૌથી પહેલાં સાધુને યાદ કરવામાં આવે છે. મું એટલે સંત–સતી આ શબ્દો સત્‌માંથી બનેલા છે. એજ રીતે બ્રાહ્મણને યાદ કરવામાં આવે છે. કારણ કે તેઓ બ્રહ્મમાંથી થયા છે એમ મનાય છે અને બ્રહ્મની વ્યાખ્યામાં :—"બ્રહ્મ સત્યં જગત્‌મિથ્યા" એટલે કે સત્ય એજ બ્રહ્મ છે. એટલે બ્રાહ્મણો પાસે તેના પાલનની અપેક્ષા વિશેપ રૂપે રાખવામાં આવે છે.

હવે સત્યને ભારતની સંસ્કૃતિમાં કેવી રીતે અને કેટલું સ્થાન મળ્યું છે તે અલગ અલગ યુગના દાખલાઓ સાથે જોઈ જઈએ.

રામયુગનું સત્ય

રામયુગની વિશેપતા કે મુખ્ય આધાર સત્ય–શીલ ઉપર જ રઘુકુલની રીતનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે:—

> रघुकुल रीति सदा चली आइ।
> प्राण जाय, पर वचन न जाइ."

જ્યારે દશરથ મહારાજા પાસે કૈકેયી વચન માગે છે ત્યારે પ્રથમ આનાકાની કરે છે; પછી કહે છે: "હું ભૂલી ગયો હતો. (માગ્યાં નહીં. હવે તમે યાદ આપો છો ત્યારે જે માંગો આપવા તૈયાર છું."

> सत्यमूल सब सुकृत सुहाए; वेदपुराण विदित मुनिगाए॥
> थाती राखी न मांगे उ काहू; बिसरी गए मम मोर सुभाउ॥

દશરથ કહે છે કે વેદ પુરાણ બધાં સત્ય માટેજ છે. આકાશને થાંભલો નથી; તે સત્યથી જ ટકે છે. એટલે આપણે બધા સત્યથી જ ટક્યા છીએ. મારે કૈકેયી તેં તારા બે વરદાન કેમ નહીં માગ્યાં? મારા ભૂલકણા સ્વભાવને લીધે હું ભૂલી ગયો હતો. ખેર, હવે તારા બે વચન માંગી લે!

કૈકેયી પછી વાત કરે છે અને જણાવે છે: "તારા પ્રતિ મોહના કારણે તેઓ વચન પાલન કરી શકતા નથી! અમને ચૂંક છે. એનું એમને દુઃખ છે."

રામ કહે છે: "માતા! એમાં શું હતું. આમ પણ મારી નોંતી ઇચ્છા હતી વનવાસની ને આનાથી પૂરી થાય છે. એમાં પિતાજીને ક્ષોભ પામવા જેવું શું છે. સત્ય એજ મારી ફરજ છે."

હવે રામ વનમાં જાય છે ત્યાં ગુહરાજ વિનંતિ કરે છે: "આપ ઘરે પધારો!" રામ વિચાર કરે છે કે હું જે પિતાનું વચન લઈને નીકળ્યો છું કે તાપસ વેશે ચૌદ વર્ષ વનવાસ કાઢીશ! હું તાપસના વેશે આવ્યો છું; કેવળ વનમાં આવ્યો છું.

कहेउ सत्य सब सखा सुजाना, मोहि दिन्हीं पितु आयसु माना
सत्य सराही कहेउ बरदेना जाने हुं लेइ हिं मांगी चबेना.

રામ ગુહરાજને કહે છે:—"તારી વાત સાચી છે! મારા હૃદયમ તારા વિષે અવિશેષ ભાવ છે છતાં હું આવીશ નહીં! મારા માટે સત એ છે કે મારાથી ગામમાં ન અવાય!"

આ વાત લાગે છે તો બહુ નાની, પણ સમજવા જેવી છે. માણ માટે સત્યથી બોલીશ એમ કહેવું અને કરવું એમાં ઘણો ફરક છે. એન માટે તેણે સત્યને જીવનમાં ઘુંટવા જેવું છે. જેમ જેમ તે ઘુંટે છે તે તેમ તેનું તત્ત્વ જીવનમાં આવે છે. ઘણીવાર સત્ય બોલતાં જ સમાજન બીક લાગે છે! સાચું બોલીશ તો સમાજ શું કહેશે? મારી આબ જશે. આટલું ધન જશે; એમ માની સત્યને ઢાંકે છે પણ તે ઢાંક શકાતું નથી. એક બાજુ ગૃહ સાથે અગાધ પ્રેમ અને બીજી બાજુ કહે કે તારા ઘરે હમણાં ન આવી શકું, આ કહેતાં રામને કેટલું બ લાગ્યું હશે?

ઘણીવાર સત્યના આચરણનો ભ્રમ થાય છે પણ સત્યનું આચર થતું નથી. એનું કારણ છે સત્યનું સતત રટણ થતું નથી. સત્યનું સતત રટ

ત્યારે કહે છે: "તારે તું જે ધંધો કરે છે તેની અંદર જ સત્યનો ન્યાસ કરવાનો છે." એટલે કે શ્રમચોરી કરવાની નથી. તેમ દંભથી નાના ભારાને મોટો ભારો બનાવવાનો નથી. આ વ્રત લીધા બાદ ઉલટો એનો ધંધો સારો ચાલે છે. પછી વાણિયાને એનો રંગ લાગે છે. તે વેપારમાં અસત્યાદિક આચરતો તેથી રાજાએ તેને પકડેલો, પણ તેના પત્ની અને પુત્રીને સદાચારી જોયાં એટલે પાછળથી તેને છોડી દીધો. ત્યારબાદ પણ સ્વાર્થ વધતાં સંપત્તિ ચાલી ગઈ. પાંદડાં બની ગયાં. પરંતુ જ્યારે સ્વાર્થ-ત્યાગની ભાવના આવી એટલે પાછી સંપત્તિ થઈ ગઈ.

અહીં કુટુંબ-વ્યવસ્થા, સત્ય આજીવિકા અને નૈતિક કમાણીમાંથી દાન વગેરે ગુણો સત્યવ્રતથી મળે છે. સ્ત્રી મહેણું મારવાનો અહંકાર સત્યવ્રતને લીધે છોડે છે. એક રાજા ન્યાયપૂર્વક કરવેરો લે છે પણ પંડિતોને ચાહે છે અને ગોવાળિયાઓને તરછોડે છે એટલે રાજા પાસેથી શ્રમિક વર્ગ ખસી જાય છે. છેવટે રાજા ક્ષત્રિયધર્મનું રહસ્ય સમજે છે અને ગોવાળિયાનો પ્રસાદ લે છે અને ઉગરી જાય છે. આમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર અને નારીના પ્રતિકો મૂકી સત્ય રૂપી નારાયણનો મહિમા ગાયો છે.

આજના યુગે ધંધા બદલાયા છે. સ્કંદપુરાણમાંની આ કથાને આજના સંદર્ભમાં લઈએ તો જરૂરી ફાયદો થાય. કમાણું માઉટમેટીના મેળામાં ખ્રિસ્તી બાઈબહેનોને મેં જોયાં. તો રોગ દૂર કરાવવા, મહેનત વિના પૈસાથી જ લોકોને પામર થતા જોયાં. સત્યનારાયણની કથા પાંચ આનામાં પણ થઈ શકે એ રીતે દરેક ધર્મમાંથી તત્ત્વ લઈ સદાચારના મહિમા અંગે કથાકારોમાં સંશોધન કરીએ તો ભારતીય સંસ્કૃતિમાં નવું નવું જાગરણ આવી શકે.

પૂ. દંડીસ્વામીએ સત્યનારાયણની કથા [illegible] [illegible] [illegible] : "[illegible]" [illegible] પૂ. પી.ના બ્રૂ. પૂ. [illegible] શ્રી. [illegible] "[illegible] [illegible]" નામના પુસ્તકમાં [illegible]

ભારતની સંસ્કૃતિમાં સત્યનાં પાસાંઓ

ભારતીય સંસ્કૃતિમાં સત્યનું શું સ્થાન છે, એ અંગે અગાઉ વિચાર થઈ ચૂક્યો છે. સત્ય એવી મોટી ચીજ છે કે તેને પારખવું શી રીતે એ સવાલ થાય છે। ગયે વખતે ભીતરનું – અંદરનું સત્ય શું છે તે અંગે વિચાર કર્યો હતો. અહીં બહારનું સત્ય – એટલે કે વાણીનું સત્ય શું એ વિષે જોઈશું।

સત્ય અંગે સુંદર પરિભાષા મનુસ્મૃતિમાં મળે છે :—

सत्यं ब्रूयात्, प्रियं ब्रूयात्, न ब्रूयात् सत्यमप्रियं ।
प्रियं च नानृतं ब्रूयात् एष धर्मः सनातनः

એટલે કે સનાતન ધર્મનું લક્ષણ એ છે કે સત્ય બોલો, પ્રિય બોલો, સત્ય હોય પણ અપ્રિય હોય કે પ્રિય હોય પણ અસત્ય હોય તેવું ન બોલો. ટૂંકમાં સત્ય બોલવું, મીઠું બોલવું; કડવું ના બોલવું અને સાથે સાથે સત્યને ના ચૂકવું.

સત્ય પ્રિય હોવું જોઈએ :

વાણી બે પ્રકારની હોય છે. સત્યનો આગ્રહ રાખીએ છીએ છતાં ઘણી વાર બોલવામાં કડવાશ આવી જાય છે. કહેવત પડી છે કે "નગ્ન સત્ય બોલો !" પણ, જો કડવાશ અને અસત્ય એમાં કોની પસંદગી કરવી રહી ? ત્યારે કહ્યું કે 'કડવું ભલે લાગે પણ સત્ય બોલો.' તે છતાંય જેટલી વચનની – મીઠાશ જળવાય તેટલી જાળવો.

મહાભારતમાં વાત આવે છે કે મયદાનવે એવી કારીગરી કરી કે પાંડવોના મહેલના મંડપમાં પાણી અને જમીન સરખાં જ લાગે। બીજાની જેમ દુર્યોધન આવે છે. તે પાણી ધારી કપડાં ઉંચા લે છે। પણ પછી મૂકી દે છે. આગળ ખરેખર પાણી આવ્યું ત્યારે તેમાં

પણ, મૌન રહેવામાં ખ્યાલ રાખવો જોઈએ. જો મૌ
છતાં આંખે અનર્થ થતો જોય તો તે મૌન કોઈ કામનું ન
લાજ લેવા દુ:શાસન પ્રયત્ન કરતો હતો ત્યારે ભીષ્મ, વિદુ
દ્રોણાચાર્ય વગેરેએ ખરેખર સેવેલા મૌન ધર્મને વિચારવા
આવું મૌન ન સેવવું જોઈએ. કેટલાક માણસો મીંઢા હોય
કંઈ બોલે જ નહીં. તેમનું મૌન સત્યમાં ન આવે. તે મૌન કો
કારી પરિણામ માટે હોય તો જ તે મૌન શોભે.

પ્રિય પણ અસત્ય નહીં જ :

એવી જ રીતે સત્ય બોલવાની સાથે પ્રિય બોલવા માટે
આવ્યું છે. ઘણાં લોકો મોઢાના મીઠા હોય છે. જાણે
ગાંગડા ! પણ હૃદય કડવું રાખે :—

"मधु तिष्ठति जिह्वाग्रे, हृदि हालाहलं विषम्."

—આવા ઠેકાણે ભલે મોઢું કડવું થાય તે રીતે બોલ
બોલવું પણ હૃદયમાં ઝેર ભરીને ન રાખવું જોઈએ. સાથે
વાતની પણ તકેદારી રાખવી જોઈએ કે એ સત્યની કડવ
સુધી ન પહોંચે ।

અર્ધસત્ય પણ નહીં :

મહાભારતમાં ધર્મરાજાનો પ્રસંગ આવે છે, એક વખત
અર્ધું જૂઠું બોલે છે. "અશ્વત્થામા હતો નરોવા કુંજરોવા" 'અ
મરી ગયો શાયદ તે માણસ હતો અથવા હાથી હતો.' ધ
આટલું અર્ધું અસત્ય બોલ્યા તે માટે તેમનો રથ જમીનમાં
લાગ્યો. આ જ ધર્મરાજ કહેતા હતા :—

'मम तु मतिर्न मनागपैतु धर्मात्'

મારી બુદ્ધિ ધર્મથી જરાય વેગળી ન થાય. સંસ્કૃતિમાં
અસત્ય ન આવવું જોઈએ. ત્યારે તેમણે હાથી મરવા છતાં મા

[illegible] એમાં [illegible] નથી તેમાં [illegible] નથી માટે [illegible] આમાં [illegible] નથી તે સત્ય નથી. [illegible] સત્ય માટે વચન શુદ્ધિ અને [illegible] [illegible] ની જરૂર પડે છે. એના માટે એનો સિદ્ધાંત [illegible] માટે [illegible] સાચી [illegible] [illegible] શકાય. [illegible] આગળ [illegible]. બીજી બીજી બાબતોમાં પણ સત્યનો આગ્રહ રહેલો હોય છે. દા. ત. એક [illegible] જંગલમાં એક ગાયની પાછળ દોડી રહ્યો છે. તમારી આગળથી એ પસાર થયો. હવે તમને એ [illegible] પૂછે કે "[illegible] એક જનાવર પસાર થયો!" ત્યાં તમે જો ખોટું બોલો તો સત્ય હણાય છે. અને સાચું બોલો તો તે જનાવર હણાશે. તે વખતે તમારે કાં તો મૌન રહેવું જોઈએ અગર તો એમ કહેવાની તાકાત હોવી જોઈએ કે "હું નથી બતાવતો". અપવાદ માર્ગને નિશ્ચયમાર્ગ ન બનાવી શકાય.

કેટલીકવાર લોકોને લાગશે કે આ તો બહુ ચીકણા છે. તો ભલે કહે. ચીકણા રહેવું સારૂ છે. સત્ય એ ખાંડાની ધાર જેવું છે. જેટલી ચોખવટ કરશો તેટલા અનર્થ પેદા થશે. પણ એ અનર્થના ભોગે પણ સત્ય તો બોલાવવું જ જોઈએ. જરૂર પડે તો ચોખવટ પણ કરવી જોઈએ.

બે અર્થમાં કલ્યાણકારી અર્થ :

બે વિદ્યાર્થીઓ હતા; નારદ અને પર્વત. એક શબ્દ વંશ પરંપરાથી ચાલ્યો આવતો હતો :—

"अजैर्यष्टव्यम्"

'અજો વડે યજ્ઞ કરવો જોઈએ.'

અહીં "અજ" શબ્દ આવે છે. તેનો અર્થ 'બોકડો' કરવામાં આવ્યો અને કાળક્રમે અહિંસાનો વિકાસ થતાં 'અજ'નો અર્થ ત્રિવર્ષનું ધાન્ય જવ થયો. નારદ અને પર્વત બન્ને સહપાઠી હતા. બન્ને વચ્ચે ચર્ચા ચાલી. એક કહે અજ એટલે જૂનું ધાન્ય થાય. (ન જાય તે ઈતિ અજઃ) ત્યારે પર્વત કહે કે અજનો અર્થ બોકડો જ થાય. આ ચર્ચાના થોડા વર્ષો પછી અજનો અર્થ ધાન્ય થવા લાગ્યો.

સે તો તે માટે લોકોએ સુધરવું જોઈએ અને સુધરવા માટે તો કા
જોઈએ ! માણસ એવો નથી કે માટીના વાસણની જેમ બદલાઈ જા
તેને કાળની વાટ જોવી પડે છે. તો ગાંધીજીને જીવાડવા હોય તો બધ
કામે લાગી જવું જોઈએ. એવી વ્યાસપીઠ ઊભી કરવી જોઈએ. એ
કુદરતે એ બેમાંથી વચલો રસ્તો કાઢયો. ગોડસેને કુબુદ્ધિ સૂઝી.
નિમિત્ત ગોળી વાગી અને ગાંધીજી ગયા; પણ સાથે કોમવાદ લેતા ગ
મૃત્યુ મટી ગયું. ગાંધીજીનું પુનર્જીવન થયું. હવે રાજ્યનું કામ પૂરું થ
નવાં કામો બાકી રહ્યાં તે પુનર્જીવન બાકી છે.

ગાંધીજી બાદ સામાજિક જીવન શરૂ થયું છે. તે એકલદોક
કામ નથી. બધાં સારાં તત્ત્વો સાથે અનુબંધ જોડવો પડશે. ગોડસે
નિમિત્ત હતો. પણ કોમવાદે ગાંધીજીને લઈ લીધા હતા. એમાં કે
વ્યક્તિઓ સંડોવાઈ હતી તે પાછળથી જાણવા મળ્યું. ધર્મના કહે
ધુરંધરો પણ એમાં હતા. તો એનું પ્રાયશ્ચિત ધર્મગુરુઓએ કરવું જો
આ પ્રાયશ્ચિત તો સત્યનું સતત આચરણ કરીને જ કરવું પડશે.

લોકો કહે છે કે મહાપુરૂષના આશીર્વાદ મેળવજો— ! એનો
એટલે કે અંતરના સારા ઉદ્ગારો આપે. તારા સત્યને વધારે ને
ટેકો મળે. આજે શ્રાપ અને વરદાનનો જુદો અર્થ કરવામાં આવ
વર્તનનો પડઘો ને શ્રાપ અને સત્યની સાધના સરળ બને તે વર
સત્યનું આચરણ કરનાર વ્યક્તિની વચનસિદ્ધિ આપણા સત્યને
પ્રકાશે એજ વરદાનનું ધ્યેય હોવું જોઈએ.

સત્યનાં પાસાંઓ :

ભારતની સંસ્કૃતિમાં સત્યનાં પાસાં આમ જુદી જુદી રીતે વર્ણવ
વાણીના સત્ય માટે એ રીતે કહેવામાં આવ્યું છે કે વાણી
ઉચ્ચારવી પણ પ્રિય ઉચ્ચારવી ! કડવાશથી ઘણીવાર સત્યનો
મારો જાય છે પણ અસત્ય અને કડવાશ બેમાંથી કોઈ ને પસંદ
હોય તો કડવાશ જ પસંદ કરવી.

ચર્ચા – વિચારણા

સાચું અને મીઠું વચન

પૂ. શ્રી. રંગીરસાગરજીએ આજની ચર્ચા શરૂ કરતાં કહ્યું : "વચન આત્માનું છે અને વાણી જડમાંથી હોય તેવા વહેવારમાં વચનની જરૂર પડે છે. તેથી વચનમાં સચ્ચાઈ અને મીઠાશ હોય એ જરૂરી છે. તેથી જ કહેવાય છે :—

यत्र यत्र गच्छति वाक्यवाणं;
तत्र तत्र जाति कुले प्रमाणं.

માણસનાં પારખાં વચનની સચ્ચાઈ અને મીઠાશથી થાય છે. થોડુંક પણ જૂઠું બોલવા માટે ધર્મરાજને હિમાલયમાંથી સદેહે સ્વર્ગમાં જવાના બદલે એમની આંગળી ગળી એ બતાવે છે કે સત્યમાં એટલી કસર પડી; તેનું પણ ફળ વેઠવું જ પડયું.

વાણીના ચાર પ્રકાર કહ્યા છે :—

(૧) **પરા** – તે નાભિમાંથી પ્રગટ થાય છે અને દેવવાણી ગણાય છે.

(૨) **પશ્યંતિ** – તે હૃદયથી પ્રગટ થાય છે અને યોગીની વાણી ગણાય છે.

(૩) **મધ્યમા** – તે મગજથી પ્રગટ થાય છે અને જ્ઞાનની વાણી ગણાય છે.

(૪) **વૈખરી** – તે આપણી મનુષ્યોની વાણી છે.

એરિસ્ટટલ એ દૃષ્ટિએ પાતાળમાંથી પાણી કાઢે તેવું સુંદર બોલી શકે છે, પણ સત્ય ન હોય તો એકડાં વિનાનાં મીડાં જેવી છે. ગામઠી શાળામાં ઘોડીનાં જોડકણાં બોલાતાં "ઘોડી એક પગે ચાલે!" પણ તે ક્યાંથી ચાલે! કેવળ વેપારીનો એક પગ હોય—પણ પરા, પશ્યંતિ અને મધ્યમા ત્રણ પગ ન હોય તો તે ખોડીલી જ ચાલ ગણાશે."

બહાને "કાગડો લઈ ગયો!" એમ સાદી વાતમાં પણ માતા જૂઠું બોલે છે. બાળકને નાનપણથીજ એ રીતે અસત્ય શીખવાડવામાં આવે છે; તે બંધ થવું ન જોઈએ. સ્વાર્થમાંથી અસત્ય જન્મે છે, વેપારી અને વૈભવ તેને ટેકો આપે છે! આ બધું દૂર થવું જોઈએ તે માટે નાનપણથીજ દરેક ડગલે અને પગલે સત્ય ઘૂંટાવવું જોઈએ.

શ્રી. દેવજીભાઈ : "બાળક તો નાનપણથી સત્ય ઘૂંટવાનો પ્રયત્ન કરે છે. એક ડોક્ટરને મેં મઝાકમાં કહ્યું કે પા વારમાં ફરાક બનાવ્યું છે. ત્યારે મારી દીકરીએ એ સાંભળી લીધું અને એક બહેનપણીને બોલાવી લાવી. મેં જ્યારે તેને ગજ કપડું આપ્યું અને રૂા. ૧–૬–૦ લીધા ત્યારે તેને ઘણું દુઃખ થયું અને તેણે કહ્યું: "બાપુ! તમે જૂઠું કેમ બોલ્યા?" એટલુંજ નહીં; ભવિષ્યમાં ક્યારે મારે કોઈ કાપડમાં કસર કાઢવા વધુ ભાવ લેવા પડતા ત્યારે તે બાળ મને ટોકતી કે તમે આટલો નફો કેમ કરો છો! આમ બાળકને સત્યને આગ્રહી બનાવવા માટે પોતાના અંગત અને વહેવારિક જીવનનો તાલ મળે તોજ બાળકો ઉપર સુંદર સંસ્કારો પડી શકે.!'

શ્રી. બળવંતભાઈ : "સત્ય બોલવું ગમે છે; આપણી સંસ્કૃતિને આચાર છે તે-છતાં ચોમેર અસત્યની એટલી બધી બોલબાલા છે કે સાચા માણસને સત્ય ઉપર ટકી રહેવું ઘણું કઠણ બની જાય છે! અસત્યનો આટલો બધો પ્રચાર કઈ રીતે થયો હશે?

અસત્ય ક્યારે ક્ષમ્ય?

ડૉ. શ્રી. મણિભાઈ : "ભાગવતમાં પાંચેક સ્થળે જૂઠું બોલવાની છૂટ અપાયાનું શું છે?"

પૂ. દંડીસ્વામી : "તેને ક્ષમ્ય છે, સજા યોગ્ય નથી; નિંદિત નથી એમ કહેવામાં આવ્યું છે પણ જૂઠાણાંની છૂટ તો કોઈ સંયોગોમાં નથી આપી!"

પૂ. નેમિમુનિ : (તેનો શ્લોક ટાંકીને) ત્યાં "નાનૃતંસ્યાજ્જુગુપ્સિતં" અસત્ય ત્યાં જુગુપ્સિત નથી એમ કહ્યું છે. જૂઠું બોલવું એમ નથી કહ્યું.

સત્ય માટે સાધન શુદ્ધિનો આગ્રહ

ભારતીય સંસ્કૃતિના ગાઢ અંગો પૈકી 'સત્ય' ઉપર આતાર સુધી સત્યનું સ્થાન, તેમજ સત્યનાં પાસાંઓ ઉપર વિચારણા થઈ છે. જ્યારે સત્યનું આચરણ તેમજ આગ્રહ ઉપર ભાર મૂકવામાં આવે છે ત્યારે સહેજે સાધન-શુદ્ધિનો આગ્રહ પણ સંપૂર્ણ સત્યને પ્રગટાવવા માટે જરૂરી બને છે.

જોવા જઈએ તો ભિન્ન ભિન્ન ધર્મોના પદાર્થોને જો કોઈ સાંકળ રાખતું હોય તો આ સાધન-શુદ્ધિનો આગ્રહ જ છે. એટલે સત્યાર્થી જીવનમાં તેનું મૂલ્યાંકન ઘણું મોટું છે. વિશ્વના પ્રાણી માત્ર એક જ અર્થમાં બધાને એક જ સ્થળે જવાનું છે. બધા એક જ સ્થળેથી આવ્યા છે. 'एकोऽहं, बहु स्याम्' 'હું એક છું અનેક થાઉં' આમ એકમાંથી અનેક અને અનેકમાંથી એક એવો વિશ્વનો ક્રમ છે. જીવ કર્મથી ક્યારે બંધાયો કે સૃષ્ટિની રચના ક્યારે થઈ એ અંગે ભલે કદાચ ભિન્નતા હશે પણ મુક્તિ મેળવી શકાય તે અંગે બધા સહમત છે. આનો અર્થ એ થયો કે બધાનું ધ્યેય એક છે. મૂળ એક છે; વિગતો કે રસ્તા જુદા જુદા બતાવ્યા છે.

ત્યારે પ્રશ્ન એ થશે કે જુદા જુદા ભાવો ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે તો તે માટે લડાઈ કરવી જરૂરી છે? એક કુટુંબમાં રહેતા માણસોની રૂચિ ભિન્ન ભિન્ન હોય છે તે છતાં તેઓ મેળ પાડીને રહે છે તેમ સમાજની અંદર 'અનેક પ્રકૃત્તિઓનાં માનવો સાથે કામ લેવામાં આપણે પ્રેમ રાખીએ છતાં સ્થિર રહીએ તો સામો માણસ જરૂર અનુકૂળ થશે! આને સાધન-(કરણ) શુદ્ધિ (સત્યનો) આગ્રહ કહી શકાય!

ભારતમાં અનેક જાતિઓ આવી. શકો, હુણો, આર્યો, યવનો, મુગલો વ. આવ્યા છતાં આજે એક-વાક્યતા દેખાય છે. રામાયણ-

આ [illegible] છે કે [illegible] પણ [illegible] શુદ્ધિનો આગ્રહ રાખી [illegible] બની શકે છે. [illegible] આગ્રહ ન રાખ્યો હોય તો [illegible] આથી [illegible] નાશ થાય પણ [illegible] નાશ ન થાય [illegible] કરવાથી [illegible] નાશ થતો નથી. આ વાત દરેક [illegible] છે. [illegible] વસ્તુમાં પણ [illegible] પડેલી છે; પણ એ જુદા દૃષ્ટિકોણથી જોવું જોઈએ. [illegible] પોતાને [illegible] માને પણ [illegible] માને [illegible] કે દરેક કક્ષાથી તત્ત્વને જોવું જોઈએ.

એક બાઈ ગુણિકાનો ધંધો કરતી હતી. તે ઈશુ પાસે આવી તે તેને [illegible] પડી કહેવા લાગી : "પ્રભુ મને માફ કરો! હવે હું આવી ભૂલ નહીં કરું."

પાસેના શિષ્યોએ કહ્યું : "આ બાઈ તો ઠગારી છે, ફરી ભૂલ કરશે."

ઈશુએ કહ્યું : "તમે તો મારા ચરણ પૂજો છો. પણ આ બાઈના પશ્ચાતાપના આંસુથી મારા પગ ભીંજાઈ ગયા. તેણે એને પોતાના ચોટલાથી સાફ કર્યા છે. તમે આગ્રહ રાખો છો પણ સાધન શુદ્ધિનો આગ્રહ મુખ્ય છે."

ખ્રિસ્તી ધર્મમાં આટલી બધી વિશેષતા હોવા છતાં ભારતની સંસ્કૃતિનાં આટલાં બધાં ગુણગાન શા માટે ગાઈએ છીએ? એવો કોઈ પ્રશ્ન કરશે। ત્યારે તેમને કહેવું પડશે કે સાધક, સાધન અને સાધ્ય એ ત્રણ તત્ત્વો કરતાં પણ અહીં એક વધુ તત્ત્વ પડયું છે; અને તે છે સમાજ! અને એ સમાજની શુદ્ધિનો આગ્રહ! અહીં કોઈ પણ નેતા હશે. સમાજ, ધર્મ કે રાજ્ય તેની પાસે ઉત્તમ ચારિત્ર્યની આશા રાખશે અને જો એમ નહીં હોય તો તે પોતાના સ્થાનેથી ઉખડી જશે. આવું બીજે નથી. ઈસ્લામમાં બધું છે. હાજીઓ છે મૌલવીઓ છે. ખ્રિસ્તીઓમાં પાદરીઓ છે પણ સમાજ-શુદ્ધિનો

રામચંદ્રજી અને કૈકેયીનાં બે વચન

આ તત્ત્વ ભારતીય સંસ્કૃતિમાં કઈ રીતે જળવાતું આવે છે તે અંગે રામયુગથી પ્રસંગો જોઈ જઈએ.

કૈકેયીએ બે વચન માગ્યા–' રામને ૧૪ વરસ વનવાસ અને ભરતને રાજગાદી.' રામે જ્યારે આ વાત જાણી ત્યારે તેમણે સરળતાથીજ કહ્યું : " હું પણ એમજ માનું છું કે નાનાભાઈને ગાદી મળવી જોઈએ. હું વનમાં જઈશ તો ઋષિમુનિઓનો કાયમ સંગ મળશે. અહીં તો પરિચિતો છે–પણ ત્યાં અપરિચિતોનો પણ પ્રેમ મળશે. "

રામ વનમાં જવાનું નક્કી કરે છે. તે પહેલાં કૌશલ્યા માતાની રજા લેવા આવે છે. કૌશલ્યા કહે છે : "કેમ બેટા ! કયાં તૈયારી કરી?"

રામે કહ્યું : " માતા–પિતાની આજ્ઞા છે વનમાં જવાની ! એટલે આપના આશીર્વાદ લેવા આવ્યો છું. "

ત્યારે કૌશલ્યા કહે છે : " જો માતાપિતાની આજ્ઞા છે તો વનને સો અયોધ્યા સમાન માનજે !"

जो पितु मातु कहेउ वन जाना
तो कानन शत अवध समाना

અહીં જોવાનું એ છે કે રામ કેવું સંધાન કરે છે. જો તેમણે એમ કહ્યું હોત કે " શું કરું ? કૈકેયીએ આમ કર્યું છે માટે વનમાં જવું પડે છે." તો કૌશલ્યાના મનમાં પૂર્વગ્રહ ભરાત. જેનું દર્શન સારું નહીં તે ઉપરથી ગમે તેટલું સારું દેખાડે; પણ સમય આવ્યે બહાર નીકળી આવશે ! જેમ સાપ કરંડીયામાં શાંત દેખાય છે પણ સહેજ ટકોરો થતાં ફૂંફાડો મારતો ઊભો થઈ જાય છે. પણ રામનું મન સાફ છે–તે [illegible] વાતને સીધી રીતે લે છે. એજ ભારતીય સંસ્કૃતિનો આદર્શ છે. [illegible] પણ સાથે જાય છે. પણ કયાંયે એમ વાંચવા [illegible] ટીકા કરી હોય કે સહેજ પણ તિર [illegible]

... ગાંધીજીએ

... કરી બતાવ્યું એ.

... હતો તે

... મળી શકશે.

... ગાંધીજી ન

... લાભ લઈ

... "ભારત-

રત્ન ...

આપના ...

ત્યારે ...

શો અયોધ્યા ...

जो पितु मातु ...

तो कानन शत ...

અહીં જોવાનું એ
એમ કહ્યું હોત કે "શું ...
જવું પડે છે." તો કૌશલ્યાના
નહીં તે ઉપરથી ગમે તેટલું
બહાર નીકળી આવશે । જેમ સા...
સહેજ ટકોરો થતાં ફૂંફાડો મારતો
મન સાફ છે—તે દરેક વાતને સીધી ...
આદર્શ છે. સીતા અને લક્ષ્મણ પણ
વાંચવા નથી મળતું કે કૈકેયી કે ભરતનો
તિરસ્કાર કર્યો હોય ।

જોઈએ. આમ સાધ્ય, સાધન, સાધક, સંસ્થા અને સમાજ એ પંચ પ્રકારની શુદ્ધિ હોવી જોઈએ–કે શુદ્ધિપંચક હોવું જોઈએ.

સંસ્થાઓની શુદ્ધિનો આગ્રહ :

શ્રી. પૂંજાભાઈ : "મગજીવીઓ, ખેડુતો વગેરેના વ્યવસાયો શુદ્ધ હોવા છતાં આજે તેમાં અશુદ્ધિ આવી ગઈ છે. પરિસ્થિતિના કારણે એમ થયું છે. પંચાયતમાં આજે કુંભાર જેવા પર કર નંખાય છે; પરિણામે તેમનું પૂરૂં થતું નથી એટલે શુદ્ધ એવા કુંભારના ધંધા કાં તો તૂટયા છે કાં તો તેમાં અશુદ્ધિ ભળી છે એટલે તે આખી પરિસ્થિતિને ચોકખી કરવી પડશે.

ભાલનળકાંઠાપ્રયોગની આજ વિશેષતા છે. ત્યાંની સંસ્થાઓ શુદ્ધિનો આગ્રહ જાગૃત રહીને રાખે છે. તેથી પાંચે પ્રકારની શુદ્ધિ રહે છે. અલબત કેટલાંક અશુદ્ધ તત્ત્વો ચોમેર સમાજમાં હોઈ તેની આડે આવે છે પણ તે શુદ્ધિ–પંચકની કસોટીમાં કસાતાં છેવટે પણ ફેંકાઈ ગયાં વગર રહેતાં નથી. કામ કઠણ છે પણ તેજ સાચું છે.

શ્રી. શ્રોફ : "જૈનો પાસે વહીવટની, તપની વગેરે ઘણી મોટી શક્તિઓ પડી છે. પણ જીવનવહેવાર અશુદ્ધ હોઈને તાળો મળતો નથી. શુદ્ધિપંચકનો તેઓ આગ્રહ રાખે કે આ વિચારધારા મુજબ જોડાઈ જાય તો ઘણું મોટું કામ થઈ જાય.

પૂ. નેમિમુનિ : "પૂ. મહારાજશ્રી સંતબાલજીએ સવારે કહ્યું છે તેમ મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે "ન વ્યાજેન ચરે ધર્મં." ભગવત સૂત્રમાં તો એટલી હદે કહ્યું છે કે ક્રોધ–લોભ વગેરે કષાયો સાથે જો પચ્ચખાણ (પ્રત્યાખ્યાન, ત્યાગ) થાય તો તે દુષ્પચ્ચખાણ છે. એટલેજ લાગે છે કે સાધન–શુદ્ધિનો આગ્રહ જો નિસ્પૃહી અને સર્વાંગી દૃષ્ટિવાળા સાધુ–સાધ્વીઓ રાખે તો જરૂર મહાન કાર્ય થાય અને થશે."

શ્રી. દેવજીભાઈ : "આજે તો 'છેતરાય નહીં' એ વાત ઉપર જેટલું જોર અપાય છે તેટલું અને તેથીયે વધુ વજન છેતરવું નહીં તે પર આપવાની જરૂર છે. જાગૃત રહીએ છતાં છેતરાઈ જઈએ તો વાંધો નહીં; પણ છેતરીએ તો નહીંજ, એવું બધાંયે મનમાં નક્કી કરવું જોઈએ!"



રહેવાની નથી. પણ, જો કંઈ કરવું ને મૂકવું પડશે તો કોઈ વચન નહીં મૂકેલા જેવી હશે તો પણ ચાલશે. એ વાત વાગશે નહીં છતાંયે પણ જૂઠું નહીં બોલીએ. તેમણે ૧૯૪૭ માં, નિર્ણય થઈ ગયાને ચાર વર્ષ બાદ પાકિસ્તાની રીતે 'ભારત છોડો' નો નાદ ગાજ્યો પણ છતાં વાતોને મહત્ત્વ ન આપ્યું.

એ જ રીતે ભારતે આપવાના રૂપિયાનો પાકિસ્તાન શું ઉપયોગ કરશે તે ગાંધીજી જાણતા હતા. છતાં જે નિર્ણય થયો હતો તે પ્રમાણે વર્તવાનો આગ્રહ રાખ્યો હતો.

વચનની સચ્ચાઈના પ્રસંગો જેમ ભારતના ઇતિહાસમાં મળે છે. તેમ વિશ્વાસનીય વર્તનના પણ ઘણા પ્રસંગો મળે છે. એમાં ભીમાશાહ નામના વાણિયાનો પ્રસંગ આગળ આવે છે. તેમને ભીલોએ પકડી લીધા અને બાન તરીકે તેમના દીકરા ઉપર હજાર સોનામહોર આપવાની ચિઠ્ઠી તેમની પાસે લખાવે છે. છોકરો સમજે છે બાપુજી સંકટમાં છે. આ લોકો સાચું-જૂઠું શું જાણે? તેમ જ ક્યાં પોલીસમાં જશે એટલે ખોટી સોનામહોરો આપે છે. ભીલો ને સોનામહોરો લઈને આવે છે અને તેમને દેખાડે છે. પણ ભીમાશાહે જોયું કે દીકરાએ લોભમાં ખોટા સિક્કા એમને આપ્યા છે. એટલે તે કહે છે કે મારા દીકરાએ તમને આ ખોટા સિક્કા આપ્યા છે! હું ફરી લખી આપું!

ભીલોને થયું કે આ કેવો ભલો માણસ છે? આવા માણસને ન લૂંટાય! ભીલોનું હૃદય પરિવર્તન થાય છે અને તેઓ ચોરી-લૂંટફાટ મૂકી દે છે. ભીમાશાહ તેમને ખેતી કરવા માટે જમીન આપે છે. અને તેમને સાત્ત્વિક ધંધો આપી સારે માર્ગે ચઢાવે છે.

વિશ્વાસનીય વર્તાવ એ ભારતીય લોકજીવનનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. અહીં એટલું બધું વિશ્વાસનીય વર્તન હતું કે લોકો ગમે ત્યાં પૈસા મૂકતા પણ તેમને ચિંતા ન રહેતી. તેમની પ્રામાણિકતાની એટલે જ સુંદર અસર પડે છે. ભારતમાં બધા વિચારો સાથે સલામતીનો પણ

[illegible]

[illegible]

૬. [illegible]

[illegible]

[illegible]

[illegible] ભરશે ! એમ કહી તેના ઘરે ગયા.

પેલો બાપુરા ગભરાયો અને રડવા જેવો થઈ ગયો. તેણે કહ્યું "પધારો ! હું તમારી રકમ ચૂકવવાની ચિંતામાં છું ! ગમે તેમ કરીને બે દિવસમાં ભરી દઈશ !"

શ્રીમદ્દે કહ્યું : હું પણ એ જ ચિંતામાં છું ! લાવો તો પેલી સોદા–ચિઠ્ઠી !" પેલાએ ચિઠ્ઠી આપી ને એને પોતાની પાસેની બન્ને તેમણે ફાડી નાખી.

પેલો વેપારી જોઈ રહ્યો. ને કહે કે 'આપ આ શું કરો છો ?' તો તેમણે કહ્યું કે 'તમને ચિંતા થઈ એમ મને પણ થઈ; આપણી બન્નેની ચિંતાનું કારણ તો આ સોદા ચિઠ્ઠી જ છે ને ! એટલે મેં એ બન્નેનો નાશ કર્યો ! આ સટ્ટો છે એટલે જ આટલો બધો નફો નુકશાન થાય છે !"

જેટલા મહાપુરૂષો થયા છે તેમણે જીવન આખું બીજાના કલ્યાણની ચિંતામાં આપી દીધું છે. તેમનો એ વારસો છે–સાંસ્કૃતિક વારસો છે. ભગવાન મહાવીરનો શિષ્ય ચંપાનગરીનો નિવાસી પાલિત શ્રાવક પિહુંડ-નગરમાં વેપાર અર્થે જાય છે. તે વખતે તે એકલો જતો નથી. આખી નગરીના લોકોને ચેતવે છે કે જેને વેપાર કરવા પરદેશ ચાલવું હોય તે ખુશીથી ચાલે. જેની પાસે પૈસા નથી તેને પૈસા આપીશું. માલ નથી

[illegible] !"

[illegible]

[illegible] !"

[illegible] : "તમે મારું શરીર [illegible] કરાવ્યું હતું [illegible] નવું શરીર તૈયાર કર્યું!"

[illegible] તૈયાર થાય છે. [illegible] આશ્ચર્ય પામે છે કે [illegible] શું કરે છે! પણ પેલો માણસ મારવાને બદલે તેમની પીઠને [illegible] કરીને ચાલતો થાય છે! ખરા માણસનો આવો પ્રભાવ હોય છે.

હમણાં અમદાવાદના એક ભાઈનો કિસ્સો જાણવા મળ્યો. તેમના પિતાએ દેવાળું કાઢેલું. એ દેવું ચૂકવતા જાય તો પાયમાલ થઈ જાય. લેણદારોએ વિચાર કર્યો કે તગાદો ન કરવો. તેમણે ચાર આની પૈસા લીધા અને તેને વેપાર કરવા દીધો. આ ભાઈ પાછા સાધનસંપન્ન થયા એટલે લેણદારો પાસે ગયા અને કહ્યું કે તમે બાર આની બાકીનો ભાગ પણ લ્યો! હવે હું કમાતો છું!

પેલા બધા આશ્ચર્ય પામ્યા; કહેવા લાગ્યા કે અમે તો માંડી વાળ્યા છે હવે કંઈ લેવાનું નથી.

તો તેણે કહ્યું : "એ ન ચાલે! હું જીવતો છું! મારી પાસે જોગવાઈ છે પછી હું દેવું કેમ રાખું?" સાંભળવા પ્રમાણે તેમણે પોતાનું બાકીનું દેવું ચૂકવી દીધું.

આવી કરજ ફેડવાની ભાવના હોવી જરૂરી છે.

૮. કરકસર :

આર્થિક વહેવારની પ્રામાણિકતા માટે એ પ્રશ્ન વિચારાઈ ગયો કે માણસે શા માટે હરામનું ન લેવું જોઈએ, કે બીજાનું ધ્યાન રાખવું

[illegible]

[illegible]

તો પૈસા બાઈએ [illegible] : " [illegible] મોકલી આપો!"

જ્યારે [illegible] ને પૈસા [illegible] આપવા ગયા તો બાઈએ કહ્યું : "બાઈ, તમારો ઉપકાર માનું છું! અત્યારે મારા હાથ-પગ સારા છે; મજૂરી મળે છે. નહીં મળે ત્યારે આપની પાસે આવીશ!"

મફતનું ન લેવા અંગે ઘણા દાખલાઓ રોજ-બ-રોજના જીવનમાં મળી આવે તેમ છે. આ ભારતના ખમીરમાં પડેલી વસ્તુ છે. ભોળી બાઈએ ગીતા નહોતી વાંચી; પણ સંસ્કાર પડેલા તે જણાયા છે. કામ મળે ન મળે તેની અનિશ્ચિતતા આટલી ગરીબી છતાં મદદ મળે ત્યારે સાફ ના પાડે એ કેટલી મહત્વની વાત છે! આવાં પાત્રોને વીણી-વીણીને પ્રામાણિક જીવન વહેવારને સાંકળવો પડશે.

અગાઉ તો બધાં જ સારાં હતાં. ઉપર કહ્યાં તે બધા સૂત્રોવાળું ભારતીય લોક-જીવન પ્રામાણિક વહેવારમાં આગળ વધતું હતું. પણ, આજે યંત્રવાદના કારણે શોષણ વધ્યું છે; નફાખોરીના નામે આંધળી લૂંટ ચાલી રહી છે. તેમજ જીવનની દરેક બાબતમાં ભેળસેળ, ખાવા-પીવાની વસ્તુથી લઈને દરેક બાબતમાં એટલી બધી વધી છે કે પ્રામાણિક જીવન વહેવારનું સંસ્કૃતિનું અંગ ચૂથાઈ ગયું હોય એમ લાગે છે. જૂઠું બોલ્યા વગર કે ભેળસેળ કર્યા વગર પૈસા પેદા થાય નહીં, અને લાંચ-રૂશ્વત વગર વહેવાર થઈ શકે નહીં; આવું માનસ ઘડાતું જાય છે. તે આપણા આર્થિક ક્ષેત્ર માટે ઘણી જ વિચારણા માંગી લે છે.

જોઈએ. જો બધા આ રીતે સમજતા થાય તો જગતની ચિંતા મટી જાય! એટલે આ ચારે સૂત્રો એક બીજા સાથે સંકળાયેલા છે. આ જૂના અવશેષોને યાદ કરીને નવી રચના કરવી જોઈએ.

વીરાંગના પન્નાદાઈનો પ્રસંગ

રાજસ્થાનનો એક પ્રસંગ છે. ત્રણુસો વર્ષ પહેલાં ઉદયસિંહ રાણાના પિતા અજીતસિંહ રાણાનું ખૂન થયું. ખૂન કરનાર તેમની દાસીનો પુત્ર વનવીર હતો. તેનામાં ખુમારી એ આવી કે રાજકુટુંબને તારાજ કરીને સર્વોપરિ કેમ ન બનું? એટલે એણે બધી સાફસૂફી કરી નાખી. કેવળ રાજકુમાર રહ્યો. મા–બાપે તે રાજકુમારને પન્ના નામની દાઈને સોંપ્યો હતો. પન્નાએ વિચાર કર્યો કે આને જીવતો કઈ રીતે રાખવો? વનવીર તો એ તાકમાં જ હતો કે રાજકુમારને મારી નાંખવો. એટલે પન્નાએ રાજકુમારને વનમાં મોકલી આપ્યો પોતાનાં બાળકને રાજકુમારનાં વસ્ત્રો પહેરાવી પારણામાં સુવાડી દીધો.

એક દિવસ અચાનક વનવીર આવી ચડયો. હાથમાં તલવાર હતી અને તેણે પન્નાના બાળકને રાજકુમાર સમજીને કાપી નાખ્યું. પન્નાનું અંતર રડી ઊઠયું પણ મન મજબુત કરીને તે બેસી રહી. બલિદાનની કસોટીની આ પરાકાષ્ટા હતી.

વનવીર ગયો અને પન્ના પણ જંગલમાં ગઈ. ત્યાંથી રાજકુમારને લઈને તે સારું સંરક્ષણ મળે તે માટે વિચારવા લાગી. તેને કુંભલગઢનો કિલ્લેદાર આશા શાહ યાદ આવ્યો. તે જૈન વાણિયો હતો. કદાચ તે આશ્રય આપે!

ને એની પાસે ગઈ. આશા શાહના મનમાં ગડમથલ જાગી. પ્રસંગ આવે ત્યારે જ પરીક્ષા થાય! ધર્મની કસોટી થાય. આશાશાહ વિચારે છે "શરણે આવનારનું રક્ષણ કરવું જોઈએ!" પણ, મનમાં હિચકીચાટ થાય છે કે "વનવીર જાણશે તો શું થશે?"

આશાશાહ 'ના' કહી શકતા નથી અને 'હા' પણ બોલતા

આ છે સંસ્કૃતિ ! સંસ્કૃતિ માટે ત્યાગ ભરેલાં બલિદાન જોઈએ :—બ્રહ્મચર્ય, ત્યાગ અને નારી સન્માન ! એ વર્ગોમાં હજુ પણ સંસ્કૃતિનાં તત્ત્વો જોવા મળે છે.

પછાતવર્ગનાં આદર્શ દૃષ્ટાંતો :

સૌરાષ્ટ્રમાં 'નવઘણ અને જાહલ'નો પ્રસંગ જાણીતો છે. નવઘણને મારી નાખવા માટે પ્રયત્નો થાય છે. માતાપિતાની સામે તેમના પોતાના દીકરાનો વધ થાય છે. તેઓ પોતાના બાળકને હોમી નવઘણને બચાવે છે. એજ નવઘણની ધર્મબહેન જાહલ ઉપર જ્યારે આફત આવે છે ત્યારે નવઘણ સિંધ જઈને બહેનને સુમરાઓના હાથમાંથી બચાવે છે. આ નવઘણને બચાવનાર કુટુંબ આહીરનું હતું.

એવોજ પછાતવર્ગનો બીજો એક દાખલો સૌરાષ્ટ્રમાં સાંભળ્યો. એક ખાટકી ઘેટાં-બકરાં લેવા નીકળ્યો. બનાસકાંઠામાં પોતાના એક મિત્ર આદિવાસીને ત્યાં મહેમાન થયો. આ કોળીકુટુંબ હતુ. કોળી રામપીરનો ભગત હતો એટલે તે મંદિરમાં જઈને સૂતો ઘેર ખાટકી અને કોળીનો દીકરો સૂતા. મહેમાન પાસે રૂપિયા હતા. તે જોઈને દીકરાની દાનત બગડી. તેણે તેને મારી નાખ્યો અને શબને જમીનમાં દાટી દીધું.

સવારે બાપ ઘેર આવ્યો. તેણે દીકરાને પૂછ્યું: "મહેમાન ક્યાં ગયા ? નાસ્તો કરાવ્યો ?"

પણ દીકરો બરાબર જવાબ ન આપી શક્યો. બાપને વહેમ પડ્યો. તેને ખરી વાતની જાણ દીકરાએ કરી દઈ રૂપિયા દેખાડ્યા. બાપ કહે કે એ પાપનું ધન નો' અડાય !

એનો કેસ ચાલ્યો ! બાપાએ સાચી જુબાની આપી. મેજિસ્ટ્રેટે દયા ખાઈ તેને જન્મટીપની સજા કરી. સજાનું સાંભળી ડોસો પોકે-પોક રોયો ! કોઈએ ઠપકો આપ્યો કે "હાથે કરીને તમે આ કર્યું ?"

ડોસો કહેઃ "મોહના કારણે દુઃખ થાય છે, પણ હું રામદેવપીરનો ભક્ત અને મારો દીકરો આવું કરે એ માટે મને રડવું આવે છે !"

ગૌતમસ્વામીને તેમનાં કેવળજ્ઞાનનો ખ્યાલ ન આવવાથી તેઓ કહે છે:—
"તમારે ગાદી નહીં, પણ ત્યાં ભગવાન છે!"

ભગવાન કહે છે: "એ મોહ છે તે બાધાકર છે!"

એ સાંભળી ગૌતમસ્વામી તેમને નમી પડે છે. આથી ગુરુ કરતાં શિષ્ય આગળ વધી જાય છે. એટલે વિનમ્ર બનવાનો સંસ્કાર ભારતીય સંસ્કૃતિમાંથી સર્વપ્રથમ લેવાનો છે. શંકર રામને નમે છે; રામ બધાને નમે છે અને બધા રામને નમે છે.

રામકૃષ્ણ પરમહંસનો દાખલો છે. તેઓ એક બ્રાહ્મણને નમે છે. બ્રાહ્મણ અસમંજસમાં પડે છે કે "આ તો સંન્યાસી છે મારે શું કરવું?"

રામકૃષ્ણ કહે છે: "મેં સન્યાસ વિધિસર લીધો નથી હું તો દાસાનુ દાસ છું!"

જે દાસનો દાસ છે તેજ સાચો સ્વામી છે. તે એમ કહેશે કે હું પૂજવા લાયક નથી! આપોઆપ પુજાવવાનો ભાવ થઈ જાય તેવું આચરણ સાધુઓ કરે ત્યારે એ પૂજા સાચી બને! પછી એ આચાર ધર્મ બને અને ચારિત્ર્ય એવું થઈ જાય કે બોલવાની જરૂર ન રહે!

ગુરુ માટે કહેવામાં આવ્યું છે કે:—

गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः

—અહીં મૌન રહેવાનો અર્થ હું એવો કરું છું કે એવું વાતાવરણ સર્જવું કે સાંભળનારને ખ્યાલ આવી જાય કે ગુરુ શું કહેવા માગે છે?

રવીન્દ્રનાથ ટેગોર કહેતા કે "પિતાજી કદી અમને મારતા નહીં, પણ એમનું વર્તન જ એવું હતું કે એ આવે એટલે અમે બધા ચૂપ થઈ જઈએ, ડાહ્યા ડમરા થઈ જઈએ. અને અમારું તોફાન બંધ થઈ જતું!"

આગળ કોઈની મોહ રહે પણ [illegible] ની ચિંતા કરે! ગરીબી મોહ રહે. [illegible] આમાં [illegible] લાગે છે કે [illegible] !

હું એક વરસ મૌન પાળી [illegible] નળકાંઠામાં ગયો. ત્યાં [illegible] પણ પ્રયોગ આદરી જ [illegible] ગયો. [illegible] થયું; અહીં તો સ્ત્રીઓના [illegible] હતાં; [illegible] લઈ જતાં તેમાંથી ધર્મમય સમાજ રચનાનો પ્રયોગ આદર્યો.

[illegible] ચોકડી (ગુજરાત)માં [illegible] જોયો! તિજોરી જોઈ; એને સાચવવા માટે ગુરખો રાખવો પડે! બીજી બાજુ કહીએ: "ધર્મ વાડીએ ન નીપજે! ધર્મ હાટે ન વેચાય પણ ધર્મ કરીએ તો થાય!" જ્યારે અહીં તો ધર્મને સાચવવા માટે તિજોરી હતી. આ તો દાખલો છે. ઠેર ઠેર આવું જોવા મળે છે. કોઈ એક જગ્યાનો પ્રશ્ન નથી; પણ વિચારવા જેવું છે. આમાંથી સમાજ રચનાનો તાળો ગામડાંમાંથી મળ્યો. ત્યાં પછાત વર્ગો અને નારી જાતિમાં આ સંસ્કૃતિ ભરી પડી દેખાય છે. વિશ્વકુટુંબિતાની ચતુરંગિણીના આ તત્ત્વોને સાફ કરી ગામડેથી શહેરમાં અને શહેરમાંથી ક્રમે કરીને વિશ્વમાં ફેલાવવાના છે.



ચર્ચા-વિચારણા

શ્રી. પૂંજાભાઈ : પૂ. મહારાજશ્રીએ કહ્યું તેમ ભારતીય સંસ્કૃતિના અવશેષો વેરવિખેર પડ્યા છે. સાચી દોરવણી નીચે સંગઠનો થતાં તે સંકલિત થઈ દીપી ઊઠશે; તેમજ દેશ અને જગતનો ઉદ્ધાર કરશે.

ગામડામાં પણ જે દોષો આવ્યા છે તે વાદેવાદે આવ્યા છે. ગુજરાતમાં પીત્તળ-તાંબાનાં વાસણો આવ્યા અને માટીનાં ગયાં. હવે

[૧૪]

ભારતીય સંસ્કૃતિમાં અનાક્રમણના અવશેષો

ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓના અવશેષો અંગે આપણે વિચારણા કરી રહ્યા છીએ. તેમાં વિશ્વશાંતિના ઉપર વિચાર થયો છે; આજે અનાક્રમણના ક્યા ક્યા અવશેષો બાકી રહ્યા છે તે ઉપર વિચાર કરશું.

અનાક્રમણ એટલે આક્રમણ ના કરવું; પણ આક્રમણ થાય તો શું કરવું? એટલે પ્રતિ-આક્રમણ શબ્દ સામે આવશે! આક્રમણ તો નહીં કરીએ; પણ આક્રમણ થશે તો કાયર થઈને બેસીશું તો નહીંજ! તેનો સામનો કરશું એટલે કે અનાક્રમણ કેવળ "આક્રમણ ન કરવું" એ રૂપે નિષેધાત્મક નહીં રહે; પણ આક્રમણ વખતે સામનો કરવો, આક્રમણને ખાળવું, એમ વિધેયાત્મક (પ્રવૃત્યાત્મક) પણ હશે.

તો, સામનો કરવો તે કઈ રીતે કરવો? કોઈ જુલ્મ થાય; કોઈ આતતાયી હેરાન કરે કે દાદાગીરી કરે અન્યાય કરે ત્યારે સામનો કરવો એ ફરજ બને છે. એટલે અનાક્રમણનો અર્થ ગમે તે રીતે ચલાવી લેવું; એ નથી થતો! પણ પ્રતિ-આક્રમણ કોણ કરે? જો દરેક હાથમાં કાયદો લઈને ચાલે તો અરાજકતા ફેલાઇ જાય! એટલે ખરાં-ખોટાંના ન્યાય માટે રાજ્ય આવ્યું! કોઈ કહે કે મને જુલ્મ થયો છે; અન્યાય થયો છે તો તેની ખાત્રી કરવી જોઇએ! ખાત્રી નહીં થાય તો સાચું કોણ કે જૂઠું કોણ છે, તેનો ખ્યાલ નહીં આવે! આ બધું વ્યવસ્થિત થવું જોઈએ! અને તે કામ રાજ્ય ઉપર આવ્યું!

પણ, રાજ્ય એ કાર્ય ન કરે તો? પ્રજાની એજ ફરિયાદ છે કે માથાભારે લોકો ફાવી ગયા છે. એવી જ દાંગાઇ કરનાર રાજ્યો પણ ફાવી ગયાં છે. સામાન્ય પ્રજાની છાપ એ છે કે લોકોને દેશીરાજ્યોમાં સહન કરવું પડયું છે, વેઠવું પડયું છે. પ્રજાની રંજાડ; સ્ત્રીઓનાં અપહરણ;

ચંપાલાલજીએ કહ્યું: "મને સોંપો એ કામ! હું એમને મનાવીશ! પણ રાજ્યે મારું માનવું પડશે!"

રાણા કબુલ થયા. એટલે ચંપાલાલજીએ બન્નેનો તાળો પાડી દીધો. હરિજનોને ન્યાય મળ્યો.

એટલે આ પછાતવર્ગના લોકોમાં દોરવણી જોઈએ. જો દોરવણી ન હોય તો વેરવિખેર પડેલા અંશો વેડફાઈ જાય! કોઈ પણ સક્રિય કાર્ય ન થાય! આમ ગામડામાં જે છૂટક છૂટક વર્ગો છે તે બધાનો મેળ કેવી રીતે પાડવો તેની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. માત્ર ઉપદેશથી આ કામ નહીં બને! ઉપદેશ માનશે પણ તેની અસર લાંબા વખત સુધી નહીં ટકે! એટલે સંગઠનો થાય અને યોગ્ય દોરવણી મળે તો બન્નેને પૂરો ન્યાય મળે અને શાંતિ થઈ જાય!

અહિંસક આક્રમણનો બીજો પ્રસંગ

[illegible] પ્રસંગમાં હિંદુ-મુસલમાનનું તોફાન થયું. ત્યાં [illegible] જોર! તેઓ મારામારી કરવામાં માને એટલે એક [illegible] થઈને નીકળ્યા. તેમણે કહ્યું [illegible] કર્યો [illegible]!"

ચંપાલાલજીએ કહ્યું: "મને સોંપો એ કામ! હું એમને મનાવીશ! પણ રાજ્યે મારૂં માનવું પડશે!"

રાણા કબુલ થયા. એટલે ચંપાલાલજીએ બન્નેનો તાળો પાડી દીધો. હરિજનોને ન્યાય મળ્યો.

એટલે આ પછાતવર્ગના લોકોમાં દોરવણી જોઇએ. જો દોરવણી ન હોય તો વેરવિખર પડેલા અંશો વેરાઇ જાય! કોઇ પણ સક્રિય કાર્ય ન થાય! આમ ગામડામાં જે છૂટક છૂટક વર્ગો છે તે બધાનો મેળ કેવી રીતે પાડવો તેની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. માત્ર ઉપદેશથી આ કામ નહીં બને! ઉપદેશ માનશે પણ તેની અસર લાંબા વખત સુધી નહીં ટકે! એટલે સંગઠનો થાય અને યોગ્ય દોરવણી મળે તો બન્ને પક્ષે ન્યાય મળે અને શાંતિ થઈ જાય!

અહિંસક અનાક્રમણનો બીજો પ્રસંગ

એકવાર પંજાબમાં હિંદુ–મુસલમાનનું તોફાન થયું. ત્યાં આર્યસમાજીઓનું જોર! તેઓ સામનો કરવામાં માને એટલે એક ગુરૂકુળના આચાર્ય બંદૂક લઇને નીકળ્યા. તેમણે ફૂલિયા કુંભારને કહ્યું: "તું પણ ચાલ!"

"ફૂલિયો કહે: "તમે આચાર્ય છો. ભણાવો છો પછી આમ કેમ કરો છો? મારાથી નિર્દોષ માનવહત્યાનું આ કામ નહિ થઇ શકે."

તેમણે કહ્યું: "વાત કરવાનો સમય નથી. તું ચાલ!"

ફૂલિયો કહે: "હું નથી આવતો!"

તેમણે કહ્યું: "તું ખતમ થઇ જઇશ!"

"ભલે! તેમ કરવા જતાં હું, મારી પત્ની અને ત્રણ બાળકો, ગાય અને વાછરડું આમ સાત પ્રાણીઓ ભલે હોમાઇ જતાં!" ફૂલિયાએ કહ્યું. તેણે ઉમેર્યું: "એથી કંઇ ઝઘડો શાંત નહિ થાય!"

શ્રીમદ્જીના પિતા વૈષ્ણવ હતા; માતા જૈન હતાં. એક વાર
વૈષ્ણવ-કંઠી છૂટી ગઈ પણ તત્ત્વ ન છૂટે. એ માટે મુક્ત એમના જૈન
ગુરુ લાલજી મહારાજે પણ કહેલું કે તમે વેદાંતના પુસ્તકો વાંચ
સમન્વયનાં સુંદર તત્ત્વો છે તે બતાવ્યાં અને શંકરાચાર્યનાં પુસ્
વાંચવા કહ્યું. આમ ધર્મસંપ્રદાય-સંસ્થા સાથે તાદાત્મ્ય અને તાટ
રાખવું. એટલે કે સમન્વય સાધવો જોઈએ એમ કહીએ તો ચા

આપણા શિબિરમાં ગોસ્વામીજીએ જટા કાઢી નાખી ક્રાંતિ
પણ તે ઉપરની ક્રાંતિ સાથે અંદરની ક્રાંતિ પણ થવી જોઈએ. સાથે
ઉપરનું ચિહ્ન પણ ન છોડવું. જો સંતબાલ સ્થાનકવાસી મટી જાય
નવો સંપ્રદાય થાય. એટલે જે છે તેના મૂળ તત્ત્વને ખીલવવું
બાહ્ય ચિહ્ન કાયમ રાખવું જોઈએ.

ડુંગરસિંહજી મુનિ અને નેમિમુનિ મારી પાસે આવ્યા અને
હું સહેજે નાની મુંહપત્તિ રાખતો હતો. ડુંગરસિંહજી મુનિએ
નાની મુંહપત્તિ રાખવી શરૂ કરી. એટલે મેં ટકોર કરી કે "અનુ
ન કરવું; પણ સંશોધન કરવું! સંતબાલ જે વિચારે, તે જ વિચા
પહેરે તેવું જ પહેરવું એ બરાબર નથી. પણ જે માનતા હો
કે પહેરતા હોઈએ તે જ કરવું; છતાં તેમાં સંશોધન કરવું જોઈએ

સન્યાસી થઈએ એટલે જે જાતના નિયમો હોય તે પાળવા જો
વૈષ્ણવને જૈન બનાવવા કે જૈનને વૈષ્ણવ કરવા એ તો વટાળવૃત્તિ
કંઈક અંશે તે દ્વેષમય છે અને તેથી ઝઘડા વધે છે.

મારી સાથે રહેતા જે વૈષ્ણવો હોય તે બહાર જાય ત્યારે બ
ખાય તો તેની ટીકા કરવા કરતાં તેમને સમજાવવા જોઈએ.
ચાતુર્માસ ખાતે ભાઈ-બહેનોને જમવા માટે ચાલતા રસો
પર્યુષણના દિવસોમાં લીલોતરી ન લાવવાનો વિચાર કર્યો. કોઈ વૈ
સભ્યને લાગે કે અમારા માટે એવું બંધન શા માટે? તેમની
વાતનો સ્વીકાર થવો જોઈએ, કાં તો તેમને સમજાવી ગળે

થાન પાસેના એક ગામમાં કોળી ભગત રહે। તેના ભગતનો ાવીશ વર્ષનો યુવાન પુત્ર બાળવિધવા મૂકીને મર્યો અને ભગત ભજન રવા બેઠા. પૂછવાથી તેમણે કહ્યું : "ઘણા ગ એ પણ ગયા હશે! ું કોને—કોને રોઉં? પ્રભુની માયા! પ્રભુ સંકેલે તેમાં નવાઈ શી?"

આવા વિરલા તાદાત્મ્ય અને તાટસ્થ્ય બન્ને ગુણો સાધે છે. ામડાંમાંથી સંસ્કૃતિના આ ગુણો વધારે મળશે.

શ્રી. બળવંતભાઇ : સવારના પૂજ્ય મહારાજશ્રીએ કહ્યું તે ્યાર્થ છે. પણ નરસિંહ મહેતાની જેમ જ્ઞાતિ, સંપ્રદાય, કુટુંબ ગેરેમાંથી ક્રાંતિને માર્ગે સાથે સંબંધિત રહીને જવું દુર્લભ છે."

શ્રી. દેવજીભાઇ : "એટલે જ તો આચરણીય છે. લખમશીભાઈ ચાઉનાં પ્રથમ નાતના આગેવાન હતા; વચ્ચે તેમણે પદ છોડ્યું. આજે ામેથી લોકો આપવા આવ્યા. એટલે સંબંધો જાળવવા અને ક્રમે ક્રમે ાંતિને માર્ગે બેધડક ચાલ્યા જવું એ જ તાદાત્મ્ય અને તાટસ્થ્યનું અદ્ભૂત પરિણામ છે!"

(તા. ૩૦-૧૦-૬૧)



હવે, અહીં અર્જુને અન્યાયની સામે ડંખ રાખ્યા વગર લડવું જોઈતું હતું; એટલે **આયાસ** કરવો જોઈતો હતો ત્યાં **અનાયાસ** કર્યો! તેણે એમ કર્યું કારણ કે એની પાછળ મોહનું તત્વ, વૈરાગ્યનો આંચળો ઓઢીને આવ્યું હતું.

એવી જ રીતે જ્યાં **અનાયાસ** જોઈએ ત્યાં **આયાસ** કરવો એ પણ બરાબર નથી! શાસ્ત્રોમાં એના ઘણાં પ્રસંગો છે? છતાં એક દાખલો લઈએ. એક માણસ પેટ ભરવા ધંધો કરે છે ત્યાં સુધી **આયાસ** બરાબર છે; પણ જેની પાસે ખાવાનું પુષ્કળ છે; સંપત્તિ ઘણી છે; છતાં ન્યાય-અન્યાય નહીં ગણીને અનીતિથી વધુ ધન કમાવવા માટે **આયાસ** કરે છે તે ખોટો છે. કારણ કે અહીં **અનાયાસ** જોઈતો હતો ત્યાં એ **આયાસ** કરે છે. વધુ મૂડી ભેગી કરવા અને ભવિષ્યની ચિંતા કરીને જે **આયાસ** થાય છે તે ખોટો છે.

પ્રારબ્ધ અને નિયતિવાદનો કોયડો

આમાંથી પ્રારબ્ધ અને નિયતિવાદનો કોયડો ઊભો થાય છે. ભગવાન મહાવીરના સમયમાં પ્રક્રુદ્ધ કાત્યાયન, અજિત કેશકંબલી વગેરે આચાર્યો હતા. એમાં મંખલીપુત્ર ગોશાલક પણ હતો. એ નિયતિવાદનો પ્રરૂપક હતો. "જે થવાનું હોય તે થાય છે, જે બનવાનું હોય છે તે બને છે. મારા પ્રારબ્ધમાં જે લખેલું છે તે થવાનું જ. માટે પુરુષાર્થ કરવો નકામો છે." આવો તેનો મત હતો. ગોશાલનો કે રાગદ્વેષ દૂર કરવાનો પણ પુરુષાર્થ ન કરવો જોઈએ એવું તેના મત પ્રમાણે

અધિકાર હોય ત્યાં ચેષ્ટા કરતો નથી, એટલે કે નિષ્પુરૂષાર્થી થઈ જાય છે. આ અધિકાર-અચેષ્ટા પણ ખોટો અનાયાસ છે.

દાખલા તરીકે એક માણસ રસ્તામાં ચાલ્યો જાય છે. ત્યાં બે જણને લડતા જુએ છે. તે બન્નેની વચ્ચે પડે છે ત્યાં સુધી વાંધો નથી પણ પછી બન્નેમાંથી એકની વાત પકડી લે છે અને ભરાઈ પડે છે કે તમે આમ બોલ્યા જ શા માટે? આથી કરીને પેલો ઝઘડો પતતો નથી. વળી એક નવો ઝઘડો ઊભો થઈ જાય છે. આ અનાધિકાર-ચેષ્ટા થઈ. એવું જ ઘણીવાર જોવામાં આવે છે કે એક માણસ બીજાને ટકોર કર્યા કરે છે અને તે પણ ઉગ્રપણે. તેને કોઈ સાચી વાત બતાવે તો પણ તે સ્વીકારવા તૈયાર થતો નથી; આ પણ અનાધિકાર ચેષ્ટા છે. એનું પરિણામ નિષ્ફળતામાં આવે છે અને પૂર્વગ્રહ બંધાઈ જાય છે. બીજા સાથેનો સંબંધ પણ બગડી જાય છે. ઘણીવાર જેનુ કામ હોય તેના બદલે લોકો જાતે કરવા બેસે છે. જેમકે કોઈ બહેનનું કામ હોય પણ ભાઈ દોઢડાહ્યો થાય અને વ્યવસ્થા જાળવવાને બદલે બગાડી નાખે છે. આ પણ અનાધિકાર ચેષ્ટા છે. એવી જ રીતે સાધુને પાળવાના નિયમો અથવા સાધુ મર્યાદાની વાત ગૃહસ્થ પકડીને ચાલે છે. કોઈ ભાઈ ભગતનો ડોળ કરીને કહે કે આ સંસાર મિથ્યા છે, એમાં કોઈ કોઈનું નથી, સગાવહાલાં સહુ સ્વાર્થી છે. આમ કહીને નિષ્ક્રિય બનીને બેસી જાય, પોતાનું કર્તવ્ય છોડી દે અને જ્યાં ખાવાનો કે પટેલાઈ કરવાનો પ્રસંગ પડે ત્યાં 'હું ઘરનો વડીલ છું' કહીને ડહાપણ ડોળે એ પણ અનાધિકાર ચેષ્ટા છે.

અનાયાસ કે અધિકાર અચેષ્ટા :

એવી જ વાતો અધિકાર-અચેષ્ટાની છે. સાધુસંતને લોકો પ્રતિષ્ઠા આપે છે, વંદના કરે છે; તેમને ખાન-પાન માન-પાન વગેરે સમાજ આપે છે; કારણ કે તેઓ વિશ્વકુટુંબી બન્યા છે. ઘરબાર છોડીને વિશ્વાત્માઓનો વિચાર કરે છે પણ, પોતાની જવાબદારી પ્રમાણે ચેષ્ટા કરતા નથી. તો તે અધિકાર અચેષ્ટા છે. લોકો જાણે છે કે સાધુઓને

કહેવા એ બરાબર નથી. વૈદિક ધર્મમાં યોગની ભૂમિકા રાખવામાં આવી છે. જૈન ધર્મમાં સાધનાના ૧૪ ગુણસ્થાનક કહ્યાં છે. ચૈતન્યની દૃષ્ટિએ એકત્વ હોવા છતાં વહેવારની દૃષ્ટિએ અલગતા છે જ, છતાં બધાને અવિવેકથી એકસરખા કહેવા; કે જુદા જુદા ગણાવવાની માથાકૂટમાં ન પડવું, એ પણ અધિકાર-અચેષ્ટા છે.

અધિકારી પુરુષ કે સંત કદિ જવાબદારીથી ભાગે નહીં. મહાત્મા ગાંધીજી રાજકારણના ગંદવાડથી ભાગ્યા નહીં. તેમણે સ્પષ્ટ કહ્યું જ્યાં ગંદવાડ વધારે ત્યાં જ સફાઈ કરનારનું કામ હોય છે. આધ્યાત્મિક પુરુષ સિવાય કોણ ત્યાં સફાઈ કરશે?" એવી જ રીતે સમાજશુદ્ધિનું કાર્ય સાધુઓનું છે. જો તેઓ એ ન કરે તો પછી લોકસેવકોએ કરવાનું રહ્યું, લોકસેવકો પણ ન કરે તો જનસંગઠનોએ કરવું જોઈએ. અને તે પણ ન કરે તો રાજ્યસંગઠને કરવું રહ્યું. સમાજ શુદ્ધિનું કાર્ય શરૂઆતના ત્રણ ચૂકયા તેથી રાજ્ય ઉપર આવી પડ્યું. સાધુઓ બેદરકાર રહ્યા. તેમણે એને સંસારનું કાર્ય માની લીધું. લોકસેવકો—બ્રાહ્મણોએ પોતાનું કાર્ય લોટ માગવાનું, આશીર્વાદ આપવાનું કે લગ્ન જેવા પ્રસંગોમાં મંત્રોચ્ચાર કરીને પૈસા ભેગા કરવાનું માન્યું. એટલે કોઈ શુદ્ધિનું કામ ન કરી શક્યું.

મહાત્મા ગાંધીજી જો એમજ વિચારત કે હજુ સમય પાક્યો નથી. લોકો તૈયાર થયા નથી. માટે રાહ જોઉં; તો તેઓ જે ભગીરથ કાર્ય કરી શક્યા તે ન કરી શકત! તેઓ તો હંમેશ માટે આગળનો કાર્યક્રમ વિચારતા. જ્યારે દેશ સ્વાતંત્રતાનો આનંદ લૂંટતો હતો ત્યારે તેઓ શાંતિ સ્થાપવા નોઆખલી જવા ઉપડ્યા. જો બાપુએ એમ વિચાર્યું હોત કે આવા હુલ્લડ તો થયા કરે છે અને આપમેળે શાંત પડે છે હું ન જાઉં તો કાંઈ વાંધો નહિ. તો તેનું શું પરિણામ આવત! એટલેજ કરવા યોગ્ય કાર્ય તરતજ કરવું જોઈએ—તે માટે વિલંબકારી નીતિ ન અપનાવવી જોઈએ.

પુરૂષાર્થમાં પુરૂષાનર્થ નહીં

એવી જ રીતે એક મુદ્દો છે. પુરૂષાર્થમાં પુરૂષાનર્થ ન થવો જોઈએ. તલમાંથી તેલ કાઢવું એ તો પુરૂષાર્થ છે પણ રેતીમાંથી તેલ કાઢવા માટે પુરૂષાર્થ કરવો એ પુરૂષ – અનર્થ ગણાશે.

આજે ભૌતિક વિજ્ઞાન દોટ મૂકી રહ્યું છે. રશિયા અને અમેરિકા આકાશમાં ઊંચે જવા મથી રહ્યા છે ! શા માટે ? શું અહીંયા વસતિ વધી ગઈ છે અને પૃથ્વી ટૂંકી પડે છે ? તો માનવને ત્યાં વસાવવા માટે પ્રયત્ન કરો છો ? તેઓ કહેશે કે અમે શાંતિ માટે પ્રયત્ન કરી રહ્યા છીએ; પણ શાંતિ માટે શું આકાશમાં ઉડવાની હરિફાઈ કરવી જરૂરી છે ? તેનો જવાબ એવો મળશે કે જેની પાસે વૈજ્ઞાનિક શક્તિ અને ભયંકર શસ્ત્રો વધારે હશે તેનાથી ડરીને બીજા દેશો અશાંતિ નહીં મચાવે ! આ માન્યતા ખોટી છે. આ બધા વૈજ્ઞાનિક પ્રયોગો વડે શાંતિનો પુરૂષાર્થ એ ખરેખર પુરૂષાનર્થ જ છે. એનાથી માનવનું હિત સધાતું નથી; શાંતિ આવતી નથી.

આજે પુરૂષાર્થ કરવો હોય તો રાજનૈતિકો ઉપર અંકુશ લાવવાનો કરવાનો છે. તે માટે પંડિતજી પુરૂષાર્થ કરી રહ્યા છે. પણ જેમના ઉપર વધારે જવાબદારી છે એવા સાધુઓ અને લોક સેવકો આ દિશામાં નિષ્ક્રિય બની ગયા છે અને સાંપ્રદાયિકતાના ખંડન-મંડનમાં પડી સાંપ્રદાયિકતા વધારવાનો પુરૂષાર્થ (?)—પુરૂષાનર્થ કરી રહ્યા છે. આ ખોટો આયાસ છે અને શાંતિ માટે નિષ્ક્રિય બેઠા રહેવું, એ ખોટો અનાયાસ છે; બન્ને સાચી દિશામાં હોય તો જ સાચો અનાયાસ-આયાસ થઇ શકે !

ટૂંકમાં અનાયાસના અવસરે આયાસ ન થવો જોઈએ, તેમજ આયાસના અવસરે અનાયાસ ન થવો જોઈએ, એજ અનાયાસ—આયાસનું રહસ્ય છે.



[illegible]) [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] પ્રમાણે [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] નથી.
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સહેવું પડે છે.
[illegible] [illegible] [illegible] [illegible] [illegible].

શ્રી. શંકરલાલ : "ભારતમાં આયાસ તો ભરેલ જ છે ને થાય ; પણ અનાયાસની દૃષ્ટિ આગે રાખીને થાય છે. આથી જ ભારતના [illegible] આમ આળસના દોષો જોતા નથી પણ અન્તઃસ્તરમાં પડેલ [illegible] જ રાખીને દોષોના દોષ–નિવારણ માટે અખંડ પુરુષાર્થ કરી [illegible]; પણ ડંખ રાખતો નથી. અનાયાસ–આયાસમાં અવિરત પુરુષાર્થ કરવાનો પ્રયાસ હોવા છતાં ફળની ઝંખના રહેતી નથી; કારણ કે ભાવનાનું ફળ નિશ્ચિત જ છે. એટલે ભાવના એટલા માટે જ રહેવાનું કે મૂળ કર્તાને ભૂલી ન જવાય; ભગવંત ભૂલાય નહીં અને સમય આવે ધીરજ રાખીને પણ કાર્ય પાર પાડી શકાય!

શ્રી. ચંચળબેન : અનાયાસ–આયાસનું રહસ્ય એ છે કે કાર્યો બધાં કુશળતાથી કરવાં અને છતાં લેપ ન લાગે તેની સાવધાની રાખવી; અનિષ્ટોના પ્રતિકારમાં પ્રથમ આયાસ–પુરુષાર્થની પહેલ સાવધાનીપૂર્વક, જવાબદારીના સક્રિય ભાન સહિત કરવી અને પરિણામ પ્રત્યે ઉદાર રહેવું. એ જ રીતે આજીવિકાની બાબતમાં ધર્મ જાળવીને જ પ્રવૃત્તિ કરવી અને ધાર્યું ફળ ન મળે તો યે નિરાશ ન થવું?

(તા. ૬–૧૧–૬૧)

સંપ્રદાયોન્તર કરાવવા સુધી સીમિત છે. ત્યારે ગાંધીજીનો પ્રેમ નિઃસ્વાર્થ અને અસીમ હતો. તે માટે તેમણે સંયમનો પાયો મજબૂત રાખ્યો હતો અને અહિંસાના સામુદાયિક પ્રયોગ વડે તેને વ્યાપક કરવાનો પ્રયત્ન કર્યો હતો. એટલે મિસ સ્લેડ ગાંધીજીના અસીમ પ્રેમને અપનાવવા ભારત આવ્યા. ગાંધીજીની સલાહથી તેમણે પોતાનું ભારતીય નામ 'મીરાંબહેન' ધારણ કર્યું. ગાંધીજીએ તેમને કહ્યું કે તમારા દેશની અને અહીંની સંસ્કૃતિ વચ્ચે તમારે તાળો મેળવવો પડશે અને સ્રી-કાર્યકર્તા તરીકે તમારે સંયમની વધારે પ્રતીતિ આપવી પડશે. તેમના વાળ પણ તેમણે ઉતરાવ્યા. મીરાંબાઈ ખાદીનો જાડો ખરબચડો પોશાક અને સાડી પહેરવા લાગ્યાં. તેમનું પડછંદ તેમજ કોમળ શરીર વગેરે જોતાં, તેમણે ગાંધીજીના પૂરક તરીકે કામ કર્યું.

એ બાઈની જે માહિતી મળી છે તે ઉપરથી વિચારતાં મને લા[ગે] છે કે એ બહેને બહુ મોટો ત્યાગ કર્યો છે. એક અર્થમાં તો આ વા[ત] નવીન જ લાગે છે. કયાં અમેરિકાની છૂટ-છાટો અને સ્વતંત્ર વ્યકિતત્વમ[ાં] ઉછરેલી એ બાઈ અને કયાં આ સંયમનાં પાઠનો સ્વીકાર!

આ ઉપરથી આપણને આશા બંધાય છે ખરી કે વિશ્વમાં[ં] વેરવિખેર પડેલાં આવાં નારી રત્નો મળી શકશે ખરાં. પાશ્ચાત્ય જગતમ[ાં] ભૌતિક—રૂપ સૌંદર્ય પૂજા અને પ્રસાધનોનું મહત્વ વધારે છે ત્યારે એ બાઈ ગાંધીજી પાસે આવીને ભૌતિક તત્ત્વોને પડકારી શકે છે એ વધ[ુ] આશ્ચર્યજનક લાગે છે. એ બન્ને સંસ્કૃતિઓનો મેળ જ કયાંથી હોય?

ગાંધીજી આગાખાન મહેલમાં નજરકેદ હતા તે વખતની ... ડાયરીનું એમનું લખાણ છે કે:—

"હું ગાંધીજી પાસેથી આવી ત્યારથી મારો (... જન્મ થયો!"

એક અમેરિકન બહેનનો ભારતની સંસ્કૃતિમાં એ... આટલી હદ સુધી ત્યાગ કરવો એ આપણને પ્રેરણા ... લાગે છે કે એ બળને ભારતે ખોવું જોઈતું ન હતું.

[illegible] પ્રચાર છે, [illegible] માટે [illegible] નથી; [illegible] છે. [illegible] છે. [illegible] છે; [illegible] છે. [illegible] નથી, [illegible] માટે [illegible] છે [illegible] છે. [illegible] નથી [illegible] નથી.

[illegible]

[illegible] છે. [illegible] છે. [illegible] છે.

[illegible] છે. [illegible]

સત્ય અને પ્રમાણિક જીવન વહેવાર :

આ વિષયો અંગે વિશેષ ચર્ચા કરવાની રહેતી નથી. આ બન્નેનો ઉકેલ નૈતિક લોકસંગઠનો દ્વારાજ થઈ શકે છે. આજે ઈન્ટુક સાથે કેટલાક રાષ્ટ્રોના મજૂરોનાં સંગઠનોનું જોડાણ છે. ખેડુતોના પણ દેશ-પરદેશના સંગઠનો છે. પણ તેમની દૃષ્ટિ સ્પષ્ટ અને નૈતિક નથી; તેમજ એ બધાનું સંકલન નથી. અમેરિકામાં ખેડુતોનું સંગઠન ખરું. તેઓ દાન-દયામાં માને છે પણ કેવળ રાષ્ટ્રની દૃષ્ટિએજ ચાલે છે. આપણે ત્યાં ખેડુત મંડળો છે તેમણે નૈતિક દૃષ્ટિએ એક થવું જોઈએ. તો પછી વિદેશના ખેડુત મંડળો સાથે જોડાણ કરવું સહેલું પડે.

સાવરકુંડલામાં સેલ્સટેક્ષ, ઈન્કમટેક્ષ [illegible] અનાજની રંજાડ અંગે ફરિયાદ કરતા વેપારીઓ મારી પાસે આવ્યા [illegible] તેમને કહ્યું : મારા અનુભવ પ્રમાણે તમે સંગઠન કરો, બંધારણ ઘડો, નૈતિક નિયમો બાંધો. એના ઉપર મક્કમ રહો અને નક્કી કરો કે પોતાની આવકમાંથી [illegible] અનાજને આટલા આપીશું! તો સરકારને વિશ્વાસ બેસશે. પણ જો રંજાડ થાય તો તમે અહિંસક લડત ચલાવી શકો. તેમાં ખેડુ મંડળ તમને ટેકો આપશે પણ તેઓ સંગઠિત ન થઈ શક્યા.

આજે [illegible] માણસને નીતિ અને પ્રમાણિકતા [illegible] [illegible] શહેરોમાં [illegible] [illegible]—[illegible], મજૂરોના—નૈતિક સંગઠનો તેમજ ગામડાંમાં [illegible] સંગઠનો [illegible] [illegible] સંકલન થઈ શકે.

[illegible]

દબાણથી પડદો–લાજ છોડી ન શકે. (૨) ફઈબીઓ અને માગશો મેણાં ટોણાં મારે અવિશ્વાસથી જુએ વગેરે થાય, ત્યારે કાર્યકર પોતાનો આગ્રહ લાદી ન શકે; અને (૩) જો લાદવા જાય તો સ્ત્રી-સન્માન હાનિ પહોંચે—અહિંસાને હાનિ પહોંચે અને જો લાજ ચાલુ જ રહે તો સ્ત્રી-પુરુષને સામાજિક કામોમાં પરસ્પર પૂરક થવામાં ક્ષતિ થાય! આવે વખતે ખરેખર મુંઝવણ થતી હોય છે.

આ ઉપરાંત બીજા બે આગ્રહો છે તે કાર્યકરોએ રાખવા જરૂરી છે:—

(૧) અસ્પૃશ્યતા નિવારણ; માનવ માનવ વચ્ચે ભેદની દિવાલ નહીં રાખવી.

(૨) ખાદી ગ્રામોદ્યોગનો આગ્રહ.

આમાં પણ પતિ-પત્ની વચ્ચે સંઘર્ષ થવાની શકયતા છે તો ત્યાં શું કરવું એ સવાલ નડે છે?"

આ અંગે શિબિરાર્થીઓમાં ખૂબ ચર્ચા ચાલી અને અંતે પૂ. સંતબાલજીએ સંશોધન મૂકયું તેનો સાર નીચે પ્રમાણે છે:—

કાર્યકરોને માર્ગદર્શન:

પૂ. સંતબાલજી: "આપણા પ્રેમને લઈને આપણે નજીકનાં એટલે પત્ની-પાત્ર ઉપર નૈતિક દબાણ કરીએ તો તે ક્ષમ્ય છે. દા. ત. અસ્પૃશ્યોની માફક થોડાક દિવસ ઘરમાં રહીએ તો નૈતિક દબાણ હિંસક નહીં થાય; અને પત્નીને આજે નહીં તે થોડા દિવસો બાદ વાત ગળે ઊતરશે ખરી.

ખાદીમાં પણ ઝીણી, રંગીન વગેરે જાતો આવતી હોઈને એ

પશ્ચિમનું ઉત્તરમાં. આમ આ આખીયે પ્રજા તે સંસ્કૃતિના અમરતત્ત્વોનું પાન કરતી રહી. એટલે કેવળ ધર્માચાર્યોએ 'ભૌતિક સંપત્તિ'ના મોહને છોડવાની વાત કરી, એટલું જ નહિ પણ તે સદી દર સદીએ કોઈને કોઈ સંતના મુખે ગવાતું ગયું. સારી વાતોનો એટલો બધો સુંદર સમન્વય અહીંની સંતવાણીમાં મળે છે કે તેને અલગ–અલગ સંતની રચના કહેવા કરતાં ભારતીય સંસ્કૃતિની રચના કહેવી ઠીક થશે.

વિશ્વને પ્રેરણા આપવા માટે ભારતીય સંસ્કૃતિને જ લેવાનું એક જ કારણ છે કે તેનામાં જ્યાં એક તરફ સનાતન સત્યોને સંઘરવાની શકિત છે ત્યાં નવીનતાને અપનાવી લેવાની અદ્‌ભુત શક્તિ રહેલી છે. એ જ કારણે ગાંધીજી રસ્કિન–ટોલ્સ્ટોયથી પ્રભાવિત થઈને "અહિંસા"નો પ્રચાર કરી શકયા અને વિનોબાજી લોહિયાળ ક્રાંતિ વગર 'ભૂદાન' જેવી વસ્તુ સર્જી શકયા. એટલું જ નહીં "લોક શાંતિ અને સુખાકારી માટે સતત સંઘર્ષ જરૂરી નથી!" એ વાત આજે સંઘર્ષમાં માનતા સામ્યવાદી દેશોને પણ સ્વીકારવી પડી છે. આમ આ સંસ્કૃતિ વિશ્વના માનવને પ્રેરણા આપવાનું અદ્‌ભૂત બળ દાખવે છે અને વિરોધીઓને પણ પોતાનામાં સમાવી લેવાની ક્ષમતા ધરાવે છે.

એની વિરુદ્ધ પાશ્ચાત્ય સભ્યતા કે નાગરિકતા અથવા સામ્યવાદને પણ લઈએ તો તેમનામાં લોકજીવનને પરિમાર્જન કરવાના અને ટકી રહેવાના ગુણો જોવા નથી મળતા.

સંસ્કૃતિનું પહેલું કામ છે વિશ્વકુટુંબની ભાવનાનો પ્રચાર કરવાનું! સભ્યતા કે નાગરિકતા અથવા સામ્યવાદમાં એ ભાવ જાગતો નથી. બાળક મોટું થાય કે ભણી જાય, અલગ થાય. પછી ભલે મા–બાપને છેલ્લાં દિવસોમાં કોઈ વૃદ્ધ શાળા કે હોટલોમાં રહેવું પડે! એ છે પાશ્ચાત્ય સભ્યતા! સામ્યવાદી દેશોમાં તો ફરજિયાત રીતે દરેકને અલગ રાખવામાં આવે છે. માતા પણ કામે જતી હોઈ, તેના બાળકનો ઉછેર અલગ શિશુ–શાળામાં કરવામાં આવે! ગાય વીયાય ત્યારે તેના દૂધ

તેને અલગ-અલગ સત્તર વ્યાખ્યાનો વડે બહુ જ ઊંડાણથી છણ્યો છે. અને બહુ જ સ્પષ્ટ રીતે તેની રજૂઆત કરી છે. સાથે શિબિરાર્થીઓની ચર્ચા-વિચારણાએ પણ વિષયને વધુ સ્પષ્ટ કર્યો છે.

વિષય એટલો બધો રસપ્રદ અને ઊંડાણથી ભર્યો હતો કે તેના સંપાદનમાં ઘણો જ સમય લાગ્યો છે; પણ એનાથી વ્યક્તિગત રીતે મને જે લાભ થયો છે તેવો જ લાભ આ વિષય અંગે દરેકને થશે એવી મને શ્રદ્ધા છે. આ વિષયને મેં સત્રની શ્રદ્ધા સાથે ગ્રહણ કરેલ છે અને "ભારતીય સંસ્કૃતિ"નું વિશદ્દર્શન હું પામી શક્યો છું. એવી સંસ્કૃતિના પ્રચારક અને આચરણશીલ એના વાચકો બનશે એવી મને શ્રદ્ધા છે.

મહાવીર જયંતી
તા. ૬-૪-૬૩
જૈન-બોર્ડિંગ હોમ
મદ્રાસ

—ગુલાબચંદ જૈન

હવે વિશ્વરાજ્યોમાં લોકશાહી વ્યવસ્થા મજબૂત બનતી જાય છે ત્યારે જનતાને ઘડવાનું જ મુખ્ય કામ આગળનું બન્યું છે. એટલે એમનાં નીતિનાં પાયા પર સંગઠનો બનાવવાં જોઈએ. એ સંગઠનો સતત સાચે રસ્તે વિકાસ કરતાં રહે તે માટે; તેનું સંચાલન આપણા પ્રેરકો કે જે રચનાત્મક કાર્યકરો કહેવાય છે તેમની બનેલી સંસ્થાના હાથમાં મૂકવું જોઈએ. અને રચનાત્મક કાર્યકરોની સંસ્થાને પણ માર્ગદર્શક પ્રેરણા મળતી રહે તે માટે સાધુસંતોએ ધ્યાન રાખવું જોઈએ. દુનિયાભરનાં રાજ્યોની અશુદ્ધિઓ દૂર કરવા માટે પણ સાધુસંતોએ ધ્યાન આપવું જોઈએ.

આ સાધુસંતો સર્વાંગી પ્રશ્નોને સમજે, અને તે માટે સાથે બેસી વિચાર વિનિમય કરી શકે તે માટે સંવત ૨૦૧૭ ના ચાતુર્માસમાં મુંબઈમાં માટુંગા (ગુર્જરવાડી) મુકામે સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓનો એક શિબિર યોજવામાં આવેલો. તે સતત ૪ ૨ માસ ચાલ્યો, તેમાં જે પ્રવચનો થયાં વ. આપ્યાં તેનું પુસ્તક આકારે સંકલન થાય તો બીજા સાધુ સાધ્વી, સેવકો અને પ્રજાને તેમાંથી ઉપયોગી માર્ગદર્શન મળે તેવી ઘણાં કાર્યકરોને લાગણી થઈ આવી. ખાસ કરીને પૂ. નેમિચંદ્રજી મહારાજની એવી તીવ્ર ઇચ્છા હતી. પરંતુ આટલા બધા સાહિત્યને તૈયાર કરવું, તેનું સંપાદન કરવું, અને પછી છપાવવું તે ઘણું અઘરું કામ હતું. તેને માટે સમય જોઈએ અને સહાય માટે નાણાં પણ જોઈએ. આની વિમાસણ ચાલતી હતી. પણ જે કામ કુદરતને ગમતું હોય છે તે કામને આગળ ચલાવવા કુદરત જ કોઈકને નિમિત્ત બનાવી પ્રેરણા આપે છે.

માટુંગાના આ શિબિરમાં શીવમાં રહેતા શ્રી મણિભાઈ લક્ષ્મીચંદ સોપડાવાળા પ્રથમથી રસ લેતા હતા. તેમને મુનિશ્રી સંતબાલજી ઉપર અપાર શ્રદ્ધા છે. મહારાજશ્રી જે ધર્મકાર્ય કરી રહ્યા છે તે આજના યુગે ખૂબ જરૂરી છે તેમ તેઓ માને છે. એટલે શિબિરનાં કામોમાં અનેક રીતે તેઓ ઉપયોગી થતા હતા. તેમણે કહ્યું કે "મહારાજશ્રીના આ શિબિરપ્રવચનો પુસ્તકરૂપે છપાય અને સાધુસંતોને અપાય તો તેનો લાભ તેમના જીવનવિકાસમાં તો થાય જ

પ્રસ્તાવના

જગત ભારતને ધર્મપ્રધાનદેશ કહે છે અથવા આધ્યાત્મિક ભૂ
તરીકે વર્ણવે છે. આથી કેટલાંય આંતરરાષ્ટ્રીય સમાજ અગ્રણી
ઇચ્છે છે કે એકવાર ભારતમાં જન્મ મળે તો કેવું સારું! દુનિયા
કોઈપણ રાષ્ટ્રમાં પેદા થઈ શકે, એના કરતાં વધુમાં વધુ સંતો અ
ભક્તો ભારતમાં પેદા થાય છે, થયા છે અને થાય એવી પરિસ્થિ
છે. છેલ્લે છેલ્લે મહાત્મા ગાંધીજીએ દુનિયાભરનું ભારત તરફ ધ્ય
ખેંચ્યું. ગાંધીજીએ સાફ સાફ કહેલું:—'હું ભારતીય પ્રયોગદ્વા
જગતની સેવા કરવા માગું છું.' અને એથી જ એમણે બીજા સંદર્ભ
આ વાક્ય વાપર્યું છે:—"હું હિંદી છું તેના કરતાં પહેલાં હું
છું." હિંદુ શબ્દ કોઈ એક દેશનો કે કોમનો વાચક નથી. હિંદુ શ
સાચા અર્થમાં ભારતીય સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવે છે. મુસ્
ભાઈઓએ મુસલમાન શબ્દને કોમી ઝનૂનના અર્થમાં વાપર્યો, તે
પ્રતિક્રિયારૂપે કેટલાક હિંદુઓએ આવેશમાં આવી જઈ વળતા ઝનૂન
રૂપમાં હિન્દુ શબ્દને વિકૃત બનાવી દીધો. તે વળી જુદી વાત
જગતના બધાય ધર્મો હિંદમાં આદરસ્થાન પામી શક્યા છે. તે ઇતિહ
સિદ્ધ વાત છે. આનું મૂળ કારણ આ દેશમાં વિકસેલી સંસ્કૃતિ છે,
તેનું નામ છે ભારતીય સંસ્કૃતિ.

સંસ્કૃતિ અને ધર્મ

સંસ્કૃતિ અને ધર્મ બન્ને શબ્દોને કાકા કાલેલકરે સોનું
ઘરેણું' એ ઉપમા આપી છે. વાત સાચી છે. જો આપણે ધર્મને
કહીએ, તો સંસ્કૃતિ એ ધર્મના ઘાટે ઘડાયેલું ઘરેણું છે. બીજા શબ્દો
કહીએ તો ધર્મનો વ્યક્તિગત અને સમાજગત એવા વિશ્વવ્
જીવનનિર્માણમાં જે નક્કરપુટ લાગી જાય છે, તે જ છે સંસ્કૃતિ. ભાર
સંસ્કૃતિમાં એક એવી અજબ પ્રાણશક્તિ રહેલી છે કે જે દુનિય
ગુરુ અથવા માર્ગદર્શક બની શકે તેમ છે. આથી જ આ

સુસંસ્થાઓ તથા વિરલ વિભૂતિઓનો અસરકારક સંબંધ જોડવાનું કામ ખાસ કરવું પડશે. એટલું જ નહીં કે બલકે કેટલીક પાયાની સંસ્થાઓ નવેસરથી ઊભી કરીને એમને વિશ્વવ્યાપક બનાવવાનું કાર્ય પણ સાથોસાથ કરવું પડશે. અલબત્ત આ ભગીરથ કાર્ય કોઈ એકલદોકલનું નથી. પણ દુનિયાનાં સદ્ભાગ્યે ભારતમાં વિશ્વને જોડતી એક શુદ્ધ રાજકીય સંસ્થા ઊભી થઈ ગઈ છે અને તેને ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિ ને અનુરૂપ વ્યાપક ધર્મનો પુટ પણ આપ્યો છે. ઈન્ટુક જેવી પાછળ રહી ગયેલા વર્ગના શ્રમજીવી જનતાની સંસ્થાએ પણ ભારતના મજૂરોનું અનોખું વ્યક્તિત્વ જગતના ચોગાન આગળ અમુક અંશે બતાવી આપ્યું છે. આવી જ રીતે ભારતનાં ગામડાંનું પ્રતિનિધિત્વ ખેડૂતો જગતમાં વ્યક્ત કરી શકે એવો પ્રયાસ જારી રહ્યો છે. જ્યારથી ભારત પર ચીનનું આક્રમણ થયું ત્યારથી ભારતના લોકસેવકોમાંથી તથા સાધુઓ કે સંતોમાંથી પણ અહિંસક ક્રાન્તિના પ્રયોગો તરફની રુચિ સારી પેઠે વધી છે. ત્યારે હમણાં એક માસિકે લખ્યું છે, તેમ શુદ્ધિ પ્રયોગના અનુભવેલા સામુદાયિક અહિંસક પ્રયોગોમાંથી અહિંસક ક્રાન્તિનો મસાલો જગતને સારી પેઠે મળી રહેશે.' ટૂંકમાં ભારતીય સંસ્કૃતિ પર ચઢી ગયેલી રાખ ઊડી જઈ એની ભીતરમાં રહેલી ઝગમગ જ્યોતને વિશ્વના માનવ જગતમાં ફેલાવાનો આજે સર્વોત્તમ મોકો છે.

દરેક પુસ્તકની જેમ આ પુસ્તકમાં સાધુસાધ્વી શિબિર વ્યવસ્થાપક સમિતિ, પ્રકાશક, સંપાદક ભાઈશ્રી ગુલાબચંદભાઈ તેમ જ પ્રિય નેમિમુનિએ જે હાર્દિક મહેનત લીધી છે, તેની વાચકો કદર ભૂલશે નહીં, એની મને ખાતરી છે.

તા. ૨૩–૮–૬૩
અહિંસા મંદિર,
દિલ્હી – ૬.

'સંતબાલ'



મર્યાદ... !

લોકોનું વર્તન, જે સંસ્કારોથી થાય છે; તેને આપણે
રતીય સંસ્કૃતિ એટલે ભારતના લોકોના જીવનનું
ષ્ટુ, તે ખૂબ વિચારવાનું છે. આજ અમુક દેશોના
ા હોય છે, આ સંસ્કારો પડ્યા પ્રજાનો એક જ
ાકો પોતાની રીતે સારા કહેવાય. એ એક
જે ભારતીય લોકોની નજરે સારું હોય તે
ારું ન લાગે; જે જાપાનીઓને સારું લાગે તે
ાગે કે જે તેમને સારું લાગે તે યુરોપિયનોને
ાઢ પોતાની રીતે ખાણી રીતે રહેવા માટે ચોક્કસ
ી અપનાવી તે મુજબ પોતાનું વર્તન કરે છે.
ેના સંસ્કૃતિ છે.

ા જીવનમાં વિતાવે છે તેના ઉપર પણ ઘણી
ની અસર જણાય છે. જેમકે એક બાળક
કેટલાક સંસ્કારો એના પૂર્વજન્મના એનામાં
ં મા-બાપના વંશ પરંપરાગતના સંસ્કારો
માજના સંસ્કારો મળે છે. આ સંસ્કારો
નો સ્વભાવ ઘડાય છે અને ધીમે ધીમે
, ચોક્કસ માનવ સમુદાયમાં આવે છે,
. આમ સંસ્કાર, ટેવ અને સ્વભાવ પડી
નો પ્રશ્ન આવ્યો ત્યારે એક વાત યાદ
એક પુસ્તક વાંચવા મળ્યું. તેમાં એક
પાસે જાય છે અને કહે છે કે અમે
આવ્યા છીએ. ત્યારે તેમણે કહ્યું કે
તેના સંદર્ભમાં નાનાભાઈઓ દાખલો

સભ્યતાને વિસારી દેવામાં આવી ન હતી પણ, તેના કરતાં સંસ્કારને વધારે મહત્ત્વ આપ્યું હતું. અહીં સંસ્કારોને સામે રાખીને સંસ્કૃતિનું ઘડતર થયેલું, ત્યારે પશ્ચિમમાં સભ્યતાને વધારે મહત્વ આપવામાં આવ્યું હતું. એટલે ત્યાં સમાજ કે દેશમાં સભ્યપણા અને સભ્ય વધારાનો વિચાર કરવામાં આવ્યો છે; પરિણામે સંસ્કૃતિ – વિરૂદ્ધ અનિષ્ટો ચાલતાં હોય તો તેના પ્રતિ દુર્લક્ષ સેવવામાં આવ્યું. પરિણામે આજે પશ્ચિમનો સમાજ સભ્ય ખરો—નાગરિક ભાવનાથી સભર ખરો; પણ ત્યાં દારૂ પીવો; સમાજમાં પાવો એ સભ્યતા મનાય છે ને ગ જ ચારિત્ર્ય તરફ તો હદ બહારનું દુર્લક્ષ સેવવામાં આવે છે. સભ્યતાના-નામે જે સૌંદર્ય–પ્રતિયોગિતાઓ ચાલે છે તેમાં હદબહારનાં નારી દેહનાં અર્ધ-નગ્ન પ્રદર્શનો જ થાય છે. આમ થવાનું મૂળ કારણ તો ત્યાં સભ્યતા એટલે મોટા માણસોની વિલાસી રહેણી-કરણી અને તેનું અનુકરણ, એમ થયું. જ્યારે માણસોની રીતભાત આદર્શ બને તો એ બાદ સમાજની સભ્યતાનો કેવો વિકાસ થઇ શકે?

આ સભ્યતા કે જેને આપણે ભદ્ર સંસ્કૃતિ કહીશું તેનાથી ભારતની સંસ્કૃતિ કે જેને સંત સંસ્કૃતિ કહીએ છીએ તે ઘણી દૂર છે. અહીં પણ સભ્યતાને વિસારવામાં આવી નથી. પણ સભ્ય (civilized) કોણ? એને સર્વ પ્રથમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે:—

'सभायां साधुः सभ्यः'

—સભા-સમાજની વચ્ચે જે સાધુ-સંત-સજ્જન છે તેજ સભ્ય છે. આવો સજ્જન એટલે તે કાળે જની રિદ્ધિ-સિદ્ધિએ તેને ત્યાગનારો; અથવા તો તેની મર્યાદા કરનારો એમ મનાતું. આવો સાધુ કે સજ્જન પુરુષ ધાર્મિક મનાતો. એટલે અહીં સંસ્કારનો આદર્શ સંત-જીવન બન્યું. પરિણામે અહીં જીવનને ઉચ્ચ બનાવવાનું ઘડતર સંસ્કારો મારફત થયું—તે સંત સંસ્કૃતિ બની.

ભારતીય સંસ્કૃતિની સ્થાપિતા શાથી?

ભારતીય સંસ્કૃતિની વિશેષતા એટલા માટે છે કે તેણે વિશ્વને

પરિવર્તન શીલતા આપણે કહેશું. પિતા પુત્રને બોધ આપે છે,
વાત સાચી છે કે, પિતાનો અનુભવ વધારે પણ યુગ પ્રમાણે
પણ પિતાને બોધ આપી શકે છે. એટલે જ કહ્યું છે—"Th
Child is a Father of a man." બાળક માણસનો પિતા છે
દા. ત. પિતા કહે છે કે સૂર્ય ફરે છે; છોકરો કહે છે સૂર્ય નહીં પણ
થ્વી ફરે છે. આમ તેનો તાળો મેળવવો પડશે. કોઈ કહેશે જૂની
ળા સારી, કોઈ કહેશે આજનું શિક્ષણ સારૂં ! આ બન્નેનો તાળો
ળવીને આગળ વધવાનું છે. જે સંસ્કૃતિ ટકે છે તે જીવનઘડતરના
ા અનુભવો અને નવાં વિજ્ઞાનોનો મેળ સાધીને આગળ વધે છે.

ભારતીય સંસ્કૃતિનો ઉદ્દગમ :

ભારતીય સંસ્કૃતિ તરીકે આપણે જે સંસ્કૃતિને ઓળખીએ છીએ તેનો ઉદ્દગમ મૂળે આર્યપ્રજાથી થયો; એમ કહી શકાય ! આર્યપ્રજા મધ્ય એશિયામાંથી ત્રણ શાખાઓમાં ફટાઈને વહેંચાઈ ગઈ. એક શાખા યુરોપમાં ગઈ. યુરોપ નામ પણ "આર્યપ" શબ્દનો અપભ્રંશ છે. બીજી શાખા ભારતમાં આવી. ભારતનું મૂળ નામ આર્યાવર્ત ગણાતું. ત્રીજી શાખા ઈરાનમાં ગઈ. ઈરાનનું પ્રાચીન નામ 'આર્યાયન' હતું. જે બદલતાં ઈરાન થયું. ત્યાંથી એક શાખા આરબ પ્રદેશમાં ગઈ. આ આરબ શબ્દ પ્રાચીન 'આર્યપ' શબ્દનો અપભ્રંશ છે. તે ઉપરાંત પણ તે આર્ય પ્રજા જુદા જુદા પ્રદેશોમાં વહેંચાઈ ગઈ.

આર્ય પ્રજાએ પોતાની સંસ્કૃતિનો ખાસ આગવી ઢબે વિકાસ
કર્યો હોય તો ભારતમાં આવીને; તે ભારતીય સંસ્કૃતિ કહેવાઈ. અહીંના
પ્રાચીન લોકો તેમ જ વર્ષો વહેવા સાથે ભારતીય પ્રજા અનેક લોકોના
સંસર્ગમાં આવી. તેણે જોવા જઈએ તો અનેક ધર્મના લોકોના સંસ્કારોને
પોતાનામાં મેળવ્યા. એટલું જ નહીં; ઘણી અશુદ્ધિઓને પણ સાફ
ી. જેમ ગંગા નદી જ્યાં જ્યાંથી વહી ત્યાં ત્યાંની આસપાસની
જી નદીઓના પાણીને સમાવતી આગળ વધતી ગઈ છે; તેમ

ળ્યા અને રાજ્ય વિભિષણને સોંપી દીધું. વાલીનું રાજ્ય છીન્યું પણ સુગ્રીવને આપી દીધું. ગાંધીજી આફ્રિકા ગયા વકીલાત કરવા પણ કેસ લડતા લડતા બીજો જ કેસ લડવા મંડી પડ્યા. અરીસે પૂછ્યું : 'અમારો કેસ મૂકીને આ બીજો શું લીધું છે?"

તો તેમણે કહ્યું : "હવે મારે ભારત માટે લડવું છે. આ જમાનામાં કાળા ધોળાના ભેદ આટલી હદ સુધી!"

'ગાંધીજીએ આત્મનિરીક્ષણ કર્યું. તેમને લાગ્યું કે હરિજનો સાથે જે આભડછેટ કરવામાં આવે છે, તેમને દૂર રાખવામાં આવે છે તેનો જ પડઘો અહીં પડે છે. એટલે તેમણે વિચાર કર્યો કે માનવ-માનવભેદ બન્ને બાજુએથી કાઢવો જોઈએ. રંગભેદ પણ નહીં અને જાતિભેદ પણ નહીં. તેમણે તો લોકોને કહ્યું કે જે દેશમાં રહો તે દેશના થઈને રહો. તો એ દેશવાળા કાઢી મૂકવાના નથી. મુસ્લિમો ગાંધીને આફ્રિકાના લોકો કાઢતા નથી કારણ કે એ તેમના થઈને રહ્યા છે. એવું જ હિંદીઓનું છે — તેઓ જ્યાં કમાતા હોય ત્યાંના થઈને રહી શકે છે. પાશ્ચાત્ય પ્રજા જેવું નથી કે કમાવા ઉપડ્યા અને ઘોંઘાટ કરી, ભાઈઓને લડાવીને શાસન કરવા લાગ્યા. એનું કારણ ભારતની સંસ્કૃતિ છે.

ભારતીય સંસ્કૃતિની ઘણી વિશેષતાઓ છે. પણ મુખ્યત્વે બે વિશેષતાઓ આપણે તારવી શકીએ છીએ :—

(૧) ધર્મ-સહિષ્ણુતાનો પ્રચાર : ભારતીય સંસ્કૃતિએ બધા ધર્મોને પરસ્પરની શુભેચ્છા અને વિશ્વાસ વડે રહેવાનો પાઠ ભણાવ્યો છે. એના તો અનેક પ્રમાણો મળી આવે છે. એક ઉપનિષદકારે કહ્યું છે:—

गवामनेक वर्णानां क्षीरस्या स्त्येकवर्णता ।
क्षीरवत् पश्यत ज्ञानं लिंगिनस्तु गवां यथा ॥

—એટલે જેમ ગાયો જુદા જુદા રંગની હોય છે; પણ બધાનું દૂધ સફેદ રંગનું હોય છે તેમ જુદા જુદા મહાપુરુષોએ સ્થાપેલ ધર્મો જુદા જુદા હોવા છતાં બધાનું જ્ઞાન એકસરખા દૂધ જેવું છે.

અહીં પહેલાથી જ ભરવામાં આવી છે. એટલે જ અહીંના સંસ્કર્તાઓએ કેવળ પૃથ્વીને જ નહીં પણ ત્રણે લોકને સ્વદેશ કહીને બિરદાવ્યો છે :—

'स्वदेशो भुवनत्रयम्'

ત્રિ-ભુવન-ત્રણે લોક સ્વદેશ છે. તે સાથે જ ભારતીય સંસ્કૃતિના અમર ગાયકે ગાયું છે :—

माता भूमिः पुत्रोऽहं पृथिव्याः

—એટલે કે સમગ્ર વસુંધરા અમારી માતા છે અને અમે એ ધરતીમાતાના પુત્રો છીએ. આ નાદ જેને આખું વિશ્વ પોતાનું લાગે તેજ ગજવી શકે; અને તેજ જોઈ શકે કે :—

'यत्र विश्वं भवत्येकनिडम्'

—જ્યાં આખું વિશ્વ એક ગાળા રૂપે બને છે. આ કેવળ શ્લોકોમાં કે સાહિત્યમાં રહેલી વાતો નથી પણ ભારતીય સંસ્કૃતિની વિશેષતા ભરેલી ઉજ્જવળ પરંપરા છે.

પ્રારંભમાં આર્ય લોકો જ્યારે હિંદમાં આવ્યા ત્યારે અહીં વસતી નાગ-અસુર તેમજ દક્ષિણની દ્રાવિડ વ. અનાર્ય જાતિ સાથે પરસ્પરના વહેવારમાં અંતર જોઈને અસહિષ્ણુતાના કારણે અથડામણો થઇ હશે; પણ બાદમાં તો આર્ય જાતિના લોકોએ અહીં વસતી પ્રજાઓ સાથે એવો સમન્વય કર્યો કે આજે આર્ય અને અનાર્ય જેવા ભેદો રહ્યા નથી. તેમણે પરસ્પર પ્રેમ અને મૈત્રી સંબંધ સ્થાપ્યો અને એક બીજાની સાથે સંપથી રહેવાનું તેમને શીખવ્યું; તેમજ રહેણી-કરણીમાં પણ સુધારો કર્યો. આમ આર્ય-અનાર્યનો સમન્વય એ ભારતીય સંસ્કૃતિના પ્રથમ ચરણે થયો. આર્યોએ પણ અનાર્યના દેવ મહાદેવ વ. ને પણ પૂજનીય માની તેમના પ્રતિ આદર રાખવાનું સૂચવ્યું.

પ્રાચીન આર્યોએ જ્યારે સિંધુ અને ગંગા નદીની ખીણોમાં વસવાટનો પ્રારંભ કર્યો અને રાજાઓએ ચક્રવર્તીપણું મનાવવા માટે પ્રયાસ કર્યો.

વેપાર ખેડતા હતા. પણ સાથે સાથે ભારતના ધર્મ અને સંસ્કૃતિનો અચૂક પ્રચાર પણ પોતાના આચરણ દ્વારા વિદેશના લોકોમાં કરતા હતા. પૂર્વના દ્વીપો જાવા (યવદ્વીપ) સુમાત્રા, લંકા, બાલિ. હિંદી ચીન, સિયામ વ. ઉપર આજે પણ સ્પષ્ટપણે ભારતીય સંસ્કૃતિની છાપ છે; એટલું જ નહીં તેમના ધર્મસંસ્કારો ઉપર પણ હિંદનો સ્પષ્ટ પ્રભાવ છે.

હિમાલયમાં પણ ઉત્તર પશ્ચિમ દિશાથી ખૈબર અને બોલન ઘાટી પસાર કરીને વણઝારાની ટોળીઓ આવતી. ફક્ત ફારસ નહીં, ગ્રીક, રોમ અને મિસરના દેશોનો પણ સાંસ્કૃતિક સંબંધ અહીં સુધી હતો. દરિયાવાટે ફારસ અને અરબના સાગરો પાર કરી હિંદી વહાણો જતા. અશોકના સમયમાં તો જે ધાર્મિક-પ્રચારસંઘો ગયા તેણે ઉત્તર ભારતમાંથી કાશ્મીર, અફઘાનિસ્તાન, મંગોલિયા અને ચીનમાં જઈને તેનો પ્રચાર કર્યો.

જૈન શાસ્ત્રોમાં હિંદની દક્ષિણ-પશ્ચિમ આવેલા ટાપુઓના રાજકુમાર આર્દ્રકુમારના હિંદ આવાગમનની વાત આવે છે. આ બધો પ્રદેશ માડાગાસ્કર કે ત્યાંની આસપાસનો છે. આ બધા કારણોસર ભારતીય સંસ્કૃતિના પ્રવાહો જગત ઉપર એક યા બીજી રીતે ફરી વળેલા.

ભારતીય સંસ્કૃતિનો પ્રારંભ

ભારતીય સંસ્કૃતિનો પ્રારંભ આપણે ભ. ઋષભદેવથી કરી શકીએ છીએ. ઋષભદેવને ભારતના બધા ધર્મો માન્યતા આપે છે. તેમણે સર્વપ્રથમ સંસ્કૃતિનું શ્રી ગણેશ કર્યું હતું. પણ આજે જે વિકસિત સંસ્કૃતિનો આપણને પરિચય મળે છે તેનો કાળ શ્રી રામચંદ્રજીથી ગણી શકાય. આ કાળ સાથે ઇતિહાસની કડીઓ પણ મળે છે. એટલે ભારતીય સંસ્કૃતિના બે વિભાગ પ્રાગ્-ઐતિહાસિક અને ઐતિહાસિક કરી શકાય છે. ખાસ તો સમન્વયની દૃષ્ટિએ જોવા જઈએ તો ભગવાન રામચંદ્રજીએ આર્ય-અનાર્યનો સમન્વય કર્યો હતો અને ભારતની જે આગવી સંસ્કૃતિ છે તેના તેઓ ઘડવૈયા હતા, એમ માની શકાય.

[૨]

ભારતીય સંસ્કૃતિનાં અંગો

આ દેશની સંસ્કૃતિ જોવા માટે રામયુગથી લઈને ગાંધી-યુગ સુધીનો સળંગ ઇતિહાસ આપણે જોવો પડશે. સાતત્ય-રક્ષાનો જો ખ્યાલ આવી જાય તો તે પ્રમાણે પરિવર્તન થઈ શકે. એ પણ ખ્યાલ આવે કે જમાની સાથે સુમેળ રાખવા હોય તો ક્યાં અને કેવું તેમજ કેટલું પરિવર્તન વિવેકસર કરવું જોઈએ! આને વધુ વિસ્તારથી સમજવા માટે આપણે સંસ્કૃતિના આઠ અંગો મૂક્યાં હતાં. એ અંગો ઉપર વિશેષ વિવેચન કરવાનું છે.

[૧] વિશ્વકુટુંબિતાની ચતુરંગિણી :

ભારતીય સંસ્કૃતિનો મુખ્ય આધાર અને કૌટુંબિક જીવનનો પાયો જોવા જઈએ તો આ વિશ્વકુટુંબિતાની ચતુરંગિણી છે. જેના કારણે માણસ ન કેવળ પોતાના કુટુંબ સાથે, પાડોશી સાથે અને અજાણ્યા મહેમાન સાથે પણ ઓતપ્રોત થઈને રહી શકે. સંસ્કૃતિની આ ભાવના ભારતમાં જોવા મળે છે ત્યારે પશ્ચિમમાં એ ભાવના જોવા મળતી નથી. પાશ્ચાત્ય દેશોમાં મોટા ભાગે એવા ઘણા મા-બાપો મળશે કે તેમને છતાં દીકરા-દીકરીઓએ પરિવારની હૂંફ વગરનું હોટલોમાં કે તેમના માટેની વૃદ્ધ સંસ્થાઓમાં જીવન ગાળવું પડે છે. સામ્યવાદી પ્રદેશોમાં તો તે મા-બાપ કામે જતા હોઈને કુટુંબ જીવનનો જે પ્રેમ બાળકને મળવો જોઈએ તે મળતો નથી અને બાળકો એક સામાન્ય-નિરીક્ષિકાની દેખરેખમાં ઉછરતા હોય છે. સંસ્કૃતિનું પહેલું શરણું ઘરથી મંડાય છે. પણ ઘરની ભાવના-સંયુક્ત કુટુંબજીવનની ભાવનાનો જે હ્રાસ થઈ રહ્યો છે તે વિશ્વના માનવ સમાજ વચ્ચે વિશ્વાસ અને સૌહાર્દ તોડી રહ્યો છે. ભારતે આ ભાવના ટકાવી રાખવા માટે પહેલું સૂત્ર આપ્યું :—

(૧) માતૃદેવોભવ : બાળક જન્મે એટલે સહુથી પહેલાં માને

[૫]

ભારતીય સંસ્કૃતિનાં અંગો

[illegible]

[illegible] :

[illegible]

(૧) [illegible]

ના ઘરેથી નિરાશ થઈને ચાલ્યો જાય તો સમજો કે તે, તે ગૃહસ્થનું ણ્ય લઈને અને પાપ આપીને જાય છે. ગૃહસ્થના ભોજનના પ્રારંભમાં તિથિનો ગ્રાસ પહેલાં મૂકાતો. જૂના વખતમાં તો ભારતમાં કેટલાક કો તો એક અતિથિને જમાડ્યા વગર પોતે જમતા જ નહોતા. કોઈ ખત અતિથિ ન આવ્યો હોય તો તેને ગોતવા માટે લોકો જતા. આમ તિથિ સત્કાર એક નિયમ તરીકે ભારતના લોકોમાં પ્રચલિત હતો.

આજે જોકે અતિથિદેવોની ભાવનામાં સહેજ ઓટ આવી છે. તે તાં ભારતનું એ ખમીર છે તેને ભારતે છોડયું નથી. હમણાં એક મેરિકન બાઇ મળવા આવેલા મેં તેમને પૂછ્યું: "તમને ભારતમાં ું ગમ્યુ ?"

તો તેમણે જવાબ આપ્યો: "અતિથિ સત્કાર અને નઃસ્વાર્થ સેવા!"

ભારત પોતાના અતિથિ સત્કાર માટે ઇતિહાસના પાને પાને પ્રસિદ્ધ છે. અહીં કોઇ અતિથિને કદિ ધૂત્કારવામાં આવ્યો નથી. એટલુ જ હીં, જે વિદેશના લોકો અહીં વ્યાપાર કરવા, ધર્મપ્રચાર કરવા, ધર્મનો ભ્યાસ કરવા કે યાત્રા કરવા આવેલા તેમને પણ ભારતે સ્થાન આપ્યું છે અને તેમને વસવાટ માટે ના પાડી નથી. આ અતિથિ સન્માનની ભાવનાનું જ કારણ હતું. એટલું જ નહીં, માણસ ઉપરાંત કુતરો, ાગડો, ગાય વગેરેનો ભાગ પણ જમણમાંથી કાઢવામાં આવે છે એ વિશ્વકુટુંબિતાના પાયાના સંસ્કારના કારણે જ છે.

આ ચારેય સૂત્રો માનવ-ઐક્યને સ્થાપિત કરવાના પાયા સમાન છે. તેને 'વિશ્વ એક કુટુંબ છે' એવી વૃત્તિ કેળવવાનાં સૂત્રો ગણાવી શકાય. આ સંસ્કારો ભારતના જીવનમાં એવા વણાયા છે કે તેના વગરનું ભારતીય જીવન કલ્પી ન શકાય.

માને છોકરો કદાચ નમન ન કરે પણ તેના મનમાં મા રમતી

[૨] અનાક્રમણ વૃત્તિ :

ભારતીય સંસ્કૃતિનું બીજું મહત્વનું અંગ છે અનાક્રમણ વૃત્તિ. આપણે જગતનો ઇતિહાસ ઉપાડીને જોઈશું તો એમ જણાયા વગર નહીં રહે કે ભારતે કદિ કોઈની સામે આક્રમણ કર્યું હોય! અહીં આર્યો આવીને વસ્યા પણ તેઓ અહીંની પ્રજા સાથે ભળી ગયા. એટલું જ નહીં આજે જે અન્ય જાતિઓ અને ધર્મના લોકો પણ વિકાસ સાધી શક્યા છે તે આ વૃત્તિને જ આભારી છે.

અનાક્રમણ શબ્દ રાજકારણનો છે. એનો અર્થ કેવળ લડાઈ કરવી એટલો જ થતો નથી; સાથે કોઈ પણ પ્રજાને કારણ વગર નિર્મૂળ ન કરવી એ પણ થાય છે, અને શોષણ ન કરવું એ પણ થાય છે. એટલે જ આફ્રિકાના લોકો જેમ ગોરાઓને ચાલ્યા જવાનુ કહે છે તેમ હિંદીઓને પણ ચાલ્યા જવાનું કહે છે. તે છતાં હિંદીઓ અંગે તેમને માન છે, કારણ કે હિંદીઓએ સર્વપ્રથમ તેમને બતાવ્યું કે અંગ્રેજો કઈ રીતે તેમનુ શોષણ કરે છે. અને આફ્રિકાની સ્વતંત્રતાની લડતમાં હિંદીઓનો મોટો ફાળો છે.

અનાક્રમણની એક બીજી એ પણ વિશેષતા છે કે જ્યારે આક્રમણ થાય, અન્યાય થાય ત્યારે તેનો પ્રતિકાર કરવો જોઈએ. ગાંધીજી આફ્રિકામાં પૈસા કમાવા ગયા; પણ ત્યાં અન્યાય જોયો એટલે તેનો પ્રતિકાર કરવા તૈયાર થયા. આનું કારણ ભારતની સંસ્કૃતિ હતી. મણિલાલ ગાંધી જીવ્યા ત્યાં સુધી અન્યાયો સામે લડતા રહ્યા. તેમના ગયા પછી સુશીલાબેન ગાંધી પોતાની શક્તિ પ્રમાણે કરી રહ્યાં છે અને ગાંધીજીનો વારસો જાળવી રાખ્યો છે. આક્રમણ બીજા ઉપર કરવું નહીં તેમ બીજા ઉપરનું આક્રમણ સહેવું પણ નહીં; આ અનાક્રમણવૃત્તિનો સ્પષ્ટાર્થ છે.

[૩] તાદાત્મ્ય અને તટસ્થતા :

ભારતીય સંસ્કૃતિનું આ ત્રીજું અંગ છે. તાદાત્મ્ય એટલે કે

—પછી એ: મા હોય કે પિતા હોય, કુટુંબ હોય કે દેશ હોય! કૈકેયી કહે: "મેં બે વચન માગી લીધાં છે. ભરતને ગાદી અને રામને વનવાસ!"

ભરતે પહેલાં માને વંદન કર્યાં હતાં, પણ આ સાંભળીને કહે: "હું તારો વિરોધી! સિદ્ધાંત મહાન છે. હે મા! તારી આવી કુબુદ્ધિ હતી તો મને જન્મતાં જ મારી નાખ્યો હોત તો સારું હતું!"

આમાં તાદાત્મ્ય અને તટસ્થતા બન્ને આવી જાય છે.

હવે આપણે આ વિષયને જરા વિશેષ ખુલાસાપૂર્વક જોઈએ...! ભરત માતાને વફાદાર હતા. મા બાળકને ચાહે અને બાળક માને ચાહે એ સ્વાભાવિક છે. પણ ભરતે જોયું કે માતા કર્તવ્યથી નીચે ઊતરી ગઈ છે; એટલે વિરોધ કર્યો. એના મોહના દોષને ટેકો ન આપ્યો. આ વાત સમજવા જેવી છે. એક બાજુ પગ પૂજવા; આત્મીયતા રાખવી અને બીજી બાજુ એ જ વ્યકિત સાથે અસહકાર કરવો એ સહેલું નથી. એ ભરત જેવા જ કરી શકે!

ગાંધીજીનો પ્રસંગ :

ગાંધીજી અને રળિયાત બહેનનો પણ એવો પ્રસંગ છે. તેમને બહેન બહુ ગમતાં પણ બહેનને ગાંધીજી હરિજનોને અપનાવે એ ન ગમે "તમે આ હરિજનો ભેગા રહો તો હું અહીં રહી શકીશ નહિ. ત્યારે ગાંધીજીએ કહ્યું : "બહેન! હું તો હરિજનોને આશ્રમમાં પહેલાં રાખવાનો છું. તમે ભલે ખુશીથી જઈ શકો છો, તમારી સાથે પ્રેમ જરૂર રહેશે!" આ છે સત્ પુરુષોની વિચારવાની રીત!

મહાદેવભાઈ ગુજરી ગયા ત્યારે ગાંધીજીની મુલાકાત થઈ ન હતી, પણ તેમની સમાધિ આગળ જતા ત્યારે ફૂલ ચડાવતા એટલો પ્યાર હતો. મહાદેવભાઈને ગાંધીજી અને ગાંધીજીને મહાદેવભાઈ, બન્ને એકરસ હોય તેમ દેખાય! તેમ છતાં ગાંધીજી એક વખત તેમને એટલો બધો ઠપકો આપે છે કે મહાદેવભાઈને થયું કે હવે હું આમની સાથે નહીં રહી

રવા લાગી જાય છે. ગુરુ શિષ્યોના અને સન્યાસીઓના મનની ‘અક-
ળામણ સમજી જાય છે. એવામાં જનક આવે છે અને મુનિ પ્રવચન
શરૂ કરે છે. વિષયનો રસ જામ્યો છે કે બૂમ પડે છે:—“દોડો,
દોડો ! આગ અંતઃપુરમાં લાગી છે !”

સભામાં ભંગાણ પડ્યું.

કોઈએ વિચાર્યું કે ઝૂંપડીમાં મારો લંગોટ પડ્યો છે, કોઈનું
કમંડળ હતું, બધું બળી જશે, એમ ધારીને એક ઊઠયો, બીજો ઊઠયો,
અને એમ આખી સભા ઊઠી ગઈ. એકમાત્ર શ્રોતા જનક રહ્યા. પ્રવચન
ચાલતું હતું. ગુરુએ પૂછયું, “જનક ખબર છે! અંતઃપુરમાં આગ
લાગી છે.”

જનકે કહ્યું : “ભલે લાગે ! અત્યારે હું શ્રોતા છું. મને જે તત્ત્વ
મળી રહ્યું છે તે ફરીથી નહીં મળે !”

मिथिलायां दह्यमानायां न मे दहति किंचन

—મિથિલા ભલે આખી બળે – એમાં મારું કંઈ બળતું નથી.
આનો અર્થ એ થયો કે પહેલાં તાદાત્મ્ય હતું અત્યારે તટસ્થતા છે.
રાજ્યની ફરજ ઊભી થાય તે વખતે પ્રજા ભારી છે. તેના કલ્યાણમાં
સમય જવો જોઈએ. તે વખતે તાદાત્મ્ય હોય છે. પણ આત્મકલ્યાણ
માટે સમય નક્કી કર્યો છે ત્યારે તટસ્થતા આવી જાય છે. પ્રસંગ
પૂરો થયો. બધા શિષ્યો અને સન્યાસીઓ આવીને બેસી ગયા.
યાજ્ઞવલ્કય મુનિએ કહ્યું : કેમ ? તમારાં દંડ-કમંડળ અને લંગોટ બધું
સલામત છે ને ?”

શિષ્યોએ કહ્યું : “હા !”

મુનિ કહે : “આ જનક રાજાનું તમારા કરતાં વધુ જતું હતું
છતાં તે ન ઊઠયા કારણ કે તે જિજ્ઞાસુ ભક્ત છે. હવે તમને ખ્યાલ
આવી ગયો હશે કે હું પ્રવચન શા માટે શરૂ કરતો ન હતો !”

કયુ મોઢું લઈને રામ પાસે જાઉં ! રામ તો ઉદાર છે તેમને કંઈ નહીં લાગે ? પણ, મને લાગે છે. રામ આ બધું જાણી ગયા હતા. કારણ કે તે માનસશાસ્ત્રી હતા. તેમણે વિચાર્યું કે જે થાય છે તે સારા માટે. જો તેમણે નિમિત્ત આપ્યું ન હોત તો ઋષિમુનિઓનો સંગ ન થાત. તે ઉપરાંત રામે વલ્કલ પહેર્યાં હતાં વનવાસી થયા હતા, છતાં તેઓ વહેવાર ચૂકતા ન હતા. તાદાત્મ્યતા અને તટસ્થતાને તેઓ બરાબર સમજતા હતા.

રામને એટલા માટે જ મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામ કહેવામાં આવે છે અને તેમનાં જીવનમાં ભારતીય સસ્કૃતિના આદર્શો એ રીતે વણાયેલા આવે છે કે તેમણે જાતે જે પ્રભાવ તે કાળે પાડયો હશે તેના કરતાં, રામનામનો મહિમા વધારે પ્રભાવ પાડે છે. કવિ દુલા કાગ એક ભજનમાં કહે છે કે "રામને થાય છે કે મારો પ્રભાવ આટલો હોય તો મારા નામનો પ્રભાવ કેટલો હોય ? એટલે એક પત્થર લઈને પાણીમાં ફેંકે છે પણ તે ડૂબી જાય છે. રામ શરમાઈ જાય છે. સાથીઓ કહે છે કે મહારાજ ભૂલ તમારી નથી. તમારા શરીરવ્યાપી અહંની છે. વળી આપ જાને જેને હડસેલો છો તેને બચવાનો વારો કયાંથી હોય !'

મોટા માણસો પણ ભૂલ કરી બેસે છે. વ્યક્તિગત અહંના શિકાર બની બેસે છે. રામ કરતાં રામનું નામ વધી જાય છે. આજે પણ રામાયણ વાંચીને લાખો માણસો પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે. આનો અર્થ એ થયો કે તાદાત્મ્ય અને તટસ્થતાને સમજો. જ્યાં એકરૂપતા કરવાની હોય ત્યાં તેમ કરો પણ, જ્યાં દોષો પેસતા જુઓ અને છૂટી જવાનુ હોય ત્યાં તરત છૂટી જવું–તટસ્થ થઈ જવું !

તટસ્થતા એટલે ?

કેટલાક લોકો તટસ્થતાનો અર્થ એવો કરે છે કે તીરે ઊભા જોતા રહેવું કે તમાશો કેમ ચાલે છે ? તેઓ એમ કહે છે કે સંસારના

બાજુએ રહી શકે. ભારતીય સંસ્કૃતિએ જ્યારે એકતરફ ઓતપ્રોત થઈને રહેવાનું કહ્યું છે, ત્યારે બીજી તરફ એના પરિણામની સ્વાર્થી આશા-ઓથી તટસ્થ રહેવાનું સૂચવ્યું છે. એટલે જ આપણે ભારતીય જન-જીવનમાં પણ એ વિનમ્રતા ઘણા અંશે જોઈએ છીએ.

આપણે અત્યાર સુધી ત્રણ અંગો—(૧) વિશ્વકુટુંબિતા, (૨) અનાક્રમણવૃત્તિ અને (૩) તાદાત્મ્ય અને તટસ્થતા એ ઉપર વિચાર કરી ચૂક્યા છીએ. બાકીના અંગો ઉપર હવે પછી વિચાર કરીશું.

☆

ચર્ચા – વિચારણા

તાદાત્મ્યતા અને તટસ્થતા બન્ને જોઈએ.

શ્રી. પૂંજાભાઈ : હેમચંદ્રાચાર્ય તદાત્મતા સેવવા છતાં રાજ-કારણથી તટસ્થ રહી શક્યા. ગાંધીજી જેવા પણ રહ્યા. આજે પં. જવાહરલાલ જેવા ગૃહસ્થી છતાં રહી શકે છે."

પૂ. નેમિમુનિ : "પછી આજે શી ખામી રહે છે! પંડિત જવાહરલાલ જેવા હોવા છતાં દેશમાં ગડબડ વધતી જાય છે!"

પૂ. દંડીસ્વામી : "જનક પણ જોઈએ તેમ યાજ્ઞવલ્ક્ય પણ જોઈએ. એક પ્રત્યક્ષ પ્રવૃત્તિમાં હતા, બીજા પ્રત્યક્ષ નિવૃત્તિમાં હતા. છતાં બન્નેના અનુસંધાને તે યુગની સર્વાંગી શાંતિ થઈ. આમ બન્ને પ્રકારે તાદાત્મ્ય અને તટસ્થતા સાધુઓમાં પણ જોઈએ; સાધકોમાં પણ જોઈએ. આજે તો પોતપોતાના નાના વર્તુળમાં તાદાત્મ્ય હોય છે પણ મોટા વર્તુળ પ્રત્યે તટસ્થતાનો દાવો કરીને ખસી જવાય છે."

શ્રી. માટલિયા : "બન્ને ન હોય તો અનર્થ થવાનો મોટો સંભવ છે. ઇસ્લામના આરંભમાં નિરંજન નિરાકારના તાદાત્મ્ય ઉપર

અદાલતને તો પૂરાવો જોઈએ. તેણે કહ્યું: "ભાઈ તારે આની સામે શું કહેવું છે?"

એણે કહ્યું: "દીકરાના સોગન ખાઈને સાચું કહે તો બધુ યે સાચું માની લઉં. બાકી મારા દીકરાના સમ ખાઈને કહું છું કે આ બધું તરખટ છે."

તરત પેલા ખેડૂતે સાચુ કબૂલી લીધુ.

એવો જ એક બાનુઆતનો કિસ્સો હતો. માલિકણ મારા ફોઈના પુત્રી હતા પણ સગાવાદ ન કરતા, હું જાણતો હતો કે પેલો બાનુઆત સાચો હતો. એટલે એની વાતને ટેકો આપ્યો. પ્રથમ તો બહેનને ખોટું લાગ્યુ. પછી તેમનો મારા ઉપર સારો ભાવ થઈ ગયો.

એવી જ રીતે એક બાનુઆતે પોતાના મકાનમાં રહેતી મુસલમાન બહેનોને અન્યાય કર્યો હતો અને મને ફેસલા વિષે પૂછ્યું. બાઈ સાચી હોઈને મારે તેના પક્ષે ઊભા રહેવું પડ્યું. પહેલાં તો મુશ્કેલી પડી પણ અંતે તો સત્ય અને ન્યાયને જ જગત જુએ છે. દુર્ભાગ્યે એક કિસ્સામાં જૈન સાધુ પણ સગાવાદમાં તણાયેલા પણ અંતે તો તેમને પણ સમજાયું.

મેં કહ્યું: "જો આવા વ્યકિતગત કિસ્સામાં આપ રસ લો છો; તો સામુદાયિક પ્રશ્નોમાં સત્ય–ન્યાય જાળવવાના રસમાં પ્રેરણા આપતા આપની સાધુતાને ક્યાં બાધ આવે છે?"

એકદમ નહીં, પણ ધીમે ધીમે તો ગળે વાત ઊતરે જ છે. સાચે તો ક્યાં તાદાત્મ્ય કેળવવું અને ક્યાં તટસ્થ રહેવુ એનો વિવેક એ જ આ અંગેનો પાયો છે. (૨૪–૭–૬૧)

જો ! પણ અહીં અનાયાસ-આયાસનો સિદ્ધાંત કામ આવે છે. કુદરત ઉપર વિશ્વાસ રાખીને તેઓ રહે છે, અને જંગલમાં ગયા પછી જરૂર પડી તે પ્રમાણે અનાયાસે જે વનફળો કે કંદ મળ્યાં તેનો આહાર કરે છે.

આપણે ત્યાં જૈન શાસ્ત્રોમાં, મુનિ માટે માધુકરીનો ઉલ્લેખ છે. માધુકરી એટલે ભ્રમરવૃત્તિ. ભમરો અનેક ફૂલ ઉપર બેસી પોતાનું જીવનપોષણ કરે છે; છતાં ફૂલને પણ આંચ આવવા દેતો નથી! સાધુઓ માટે પણ ભિક્ષાચરીના નિયમમાં તેને ગોચરી કે માધુકરી કહેવાનું કહેવામાં આવ્યું છે. જેમ ગાય ઘાસ ચરે પણ તેનાં મૂળને હાનિ ન પહોંચે. ભમરો રસ ચૂસે પણ ફૂલને હાનિ ન થાય. તેમ સાધુ દરેક ઘરેથી થોડું થોડું લે! દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે—
"जहा दुम्मस्स पुप्फेसु भमरो आविअइ रसं, न य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पयं । ए मेय समणा मुत्ता जे भवंति अनिस्सिया नानापिंड रया दंता तेन वुच्चंति साहुणो ।" આમ શરીરને પોષણ આપવું એ ધર્મ અને છતાંયે કોઈને ત્રાસરૂપ ન થવું એ પણ ધર્મ; એ જ છે અનાયાસ-આયાસનો અર્થ. સાધુ પુરુષ તો આવું જીવન જીવી શકે પણ રામનું શું!

રામ તો રાજાના કુંવર, છતાંયે જીવન જ્યાં તેમણે સહેજે મળ્યું તે જ લીધું. ચોરી કરીને ન લીધું. આ આહારનો પ્રશ્ન તેમણે અનાયાસ આયાસ વડે ઉકેલી લીધો. એ સિવાય પણ શ્રીરામે ઘણા પ્રશ્નો, આ સિદ્ધાંતો વડે જ ઉકેલ્યા છે.

રાવણ સામે યુદ્ધ થયું. રઘુવંશમાં-ગાથામાં કહ્યું છે કે આનો આ રાવણ પૂર્વજન્મમાં અનેકવાર રામ સાથે લડે છે; અને ભગવાનના હાથે મરણ પામે છે. નૃસિંહ સામે હિરણ્યકશ્યપુ રૂપે; એવી જ રીતે રામ સામે રાવણ રૂપે આવે છે. એટલું જ નહીં ત્યાર પછીના અવતારોમાં કૃષ્ણ સામે કંસ રૂપે આવ્યો, એવી પણ માન્યતા છે. અહીં પણ રાવણને મારે છે ત્યારે તેને મારવાનો પ્રયત્ન અનાયાસ-આયાસ રૂપે જ છે.

આયાસનો તાજો મળી ગયો. બાપુના ખોળામાં બાનું પ્રાણપંખેરૂં ઊડી ગયું ! બાપુને તે વખતે બહુ અસર ન થઈ પણ જ્યારે તેમની ચિતા બળે છે ત્યારે ગાંધીજી એકીટસે જોઈ રહ્યા છે. ત્યારે દેવદાસ વગેરે કહે છે "બાપુજી ! હવે તમે જાવ !"

તે વખતે આંખમાંથી અશ્રુબિંદુઓ સરી પડે છે. આનો અર્થ સાથીનો વિરહ કહીએ તો ખોટું નથી. ગાંધીજી બોલ્યા : "આટલાં વરસ સાથે રહ્યાં એ સાથી પણ ચાલ્યાં ગયાં !"

અનાયાસ-આયાસ નવી પ્રણાલિકા માટે :

બદલાતા સમય પ્રમાણે જૂની રીતોનાં બંધનો તોડી નવી પ્રથા દાખલ કરવા માટે આ અનાયાસ-આયાસ ઘણું મહત્ત્વનું છે. માતંગ ઋષિ પાસે શબરી નામની યુવાન ભીલકન્યા આવે છે અને માગણી કરે છે કે "મારે આપની પાસે અભ્યાસ કરવો છે ! અહીં આશ્રમમાં રાખશો ?"

ઋષિને વિચાર થયો કે "શિષ્યો વિરોધ કરશે. તેનાં બે કારણો છેઃ એક તો પછાત કોમની છે. અને વળી યુવાન સ્ત્રી છે. તે ઉપરાંત લોકોનો પણ વિરોધ થશે."

ત્યારે ઋષિના મનમાં બીજો વિચાર એ પણ આવ્યો : "એ એક ગુરુ પાસે આવી છે. તેને કોઈ પણ બોલાવવા નથી ગયું. અનાયાસે આવી છે તો શું કામ કાઢી મૂકવી ! જો કાઢી મૂકે તો આયાસ થઈ જાય !"

એટલે કહ્યું : દીકરી ! ભલે તું અહીં રહે, પણ કાળજી રાખજે કારણ કે તું કુમારિકા છે. યુવાન છે ! એટલે એ રીતે રહેજે કે કોઈને મોહ ન થાય !"

શિષ્યોને આ ગમતું ન હતું ! આવી પછાત ભીલ કોમની કન્યાને રાખે, તેમાં આપણું હીણું દેખાય ! પણ, ગુરુને બે બાજુની જવાબદારી

જેમ એક કુટુંબમાં કોઈ વડા છે-તેની પણ ફરજ છે અને નાનો છે તેની પણ ફરજ છે. તેઓ પરસ્પરની ફરજ સમજી એક બીજાનું કાર્ય કરે છે; તેવી જ રીતે આ વિશાળ માનવ સમાજના મૂળભૂત પ્રશ્નો સામે આવતાં તેનો નિકાલ કરવો પડે તે અનાયાસ-આયાસમાં ગણાશે.

સાધુસંતો માટે પણ આ અંગ વિચારણીય છે! આજે ઘણા સંતો "એકાંત આત્મવાદ"ના બહાના હેઠળ તેનાથી દૂર ભાગવાનો પ્રયત્ન કરે છે તે ખોટું છે. સાચો સંત કદિ આવા અનાયાસ-આયાસના પ્રસંગોથી પાછો ન ફરી શકે! તે માટે પોતાની પરિવ્રજ્યા દરમિયાન પ્રસંગો ઉપસ્થિત થતાં કાર્યકર્તા, નેતા કે સમાજને લખવા યોગ્ય લખીને અને બોલવા યોગ્ય બોલીને ઘટતું કરવું જોઈએ. ખાદીનો, હરિજનોદ્ધારનો તેમજ સ્વદેશીનો પ્રશ્ન આવ્યો ત્યારે પૂ. જવાહરલાલજી મ. સા.એ છડેચોક એવા સ્પષ્ટ વ્યાખ્યાનો આપ્યા કે તે વખતની અંગ્રેજ સરકારને તેમની પાછળ છૂપી પોલિસ રાખવી પડતી. સ્વામી વિવેકાનદે ગુલામ ભારતીયોને જાગૃતિની જે હાકલ સંભળાવી છે-તે આજના વેદાંતી સન્યાસીઓએ વિચારવા જેવું છે.

આની વિરૂદ્ધ ઘણીવાર એવું સાંભળવાં મળે છે: "આપણે શું? પ્રશ્નો ઉકેલવા શા માટે? એ તો લોકસેવકોની અક્કલ ઉપર છોડી દેવા જોઇએ! લોકસેવકો પણ પોતાના શ્રેયનું એવું અનુકરણ કરે તો પછી પ્રશ્નો ઉકેલાય જ નહીં, અને લોકઘડતર થાય નહીં. એટલે સામાજિક કાર્યકરે, સંતોએ, નેતાઓએ જ્યારે પ્રસંગો ઊભાં થાય ત્યારે તેને ઉકેલવા માટે લોકસંગઠનો ઊભાં કરવાં જોઈએ અને તે અનાયાસ-આયાસ જ ગણાશે. તે વગર સંસ્કૃતિની સુરક્ષા અને સળંગતા નહીં આવે.



પેટ કામ ભલે પરિશ્રમરૂપ બનતું જોઈએ તેમ લેખ હશું. પણ મહાત્મા ગિરજાને તો નાના છોકરાં જેવી, પૂજ્ય તરીકે નિરખન કરીને સામે થી હોમવાનું હશે. ભાઈ જ ફરકે છે અને વાતો કર્યા કરે તો તો તો થાકે જ નહીં!"

આ અંગે ગ્રામ-ઉદ્યોગોનું તારણ મેં નીકાળ્યું છે :—

"સંગઠનો આધ્યાત્મિકતાએ ધ્યાનમાં રાખી ઊભાં કરવાં એ નવાઈ-આધારે જ છે, કારણ કે સંગઠનો આજે મોટાભાગે એવાં છે જે આર્થિક અને રાજકીય લાભો માટે થયાં છે. એટલે વ્યાપક દૃષ્ટિવાળાં, સર્વાંગી રીતે ઐક્યનાં અનુસંધાનવાળાં સંગઠનો હશે કે આ પછી તે જ આવાગે રીતાં થયેલાં કૃત્રિમ કે એકાંગી સંગઠનો સામે પણ ઘણાં જટિલ પ્રશ્નો આવો અને સામગ્રી હોવા આવી શકે. સ્વાર્થ આદર્શોના સાધનરૂપે સંગઠનો ન બનવાં જોઈએ. અને એવાં સંગઠનો ને તો એમનો વિરોધ થવો જોઈએ. એ જ રીતે એ ભૂમિકાએ હોવા છતાં તો સર્વોદયી સંગઠનો જરૂરનાં છે તે જ રીતે રાજ્ય સંગઠનની શુદ્ધિ માટે તેની સાથે અનુસંધાન પણ ને સીધું રાખવી રહે તે જરૂરી લાગ્યું છે. (૩૧-૭-૬૧)



તે છતાં આપણે એકાંત પુરુષાર્થવાદને સાચો કહેતા નથી. કારણ કે તેમ કરવા જતાં ચાવકિનો વાદ આવી જાય છે કે "જે સમય મળ્યો છે, એમાં સુખભોગ કરી લો। પરલોક કોણે દીઠો છે? કોને ખબર પછી શું થશે?" આવા એકાંત પુરુષાર્થવાદનો ભગવાન મહાવીરે નિષેધ કર્યો છે. એટલે અનાયાસ–આયાસમાં એક બાજુ ગોશાકના નિયતિવાદને છોડીને પ્રવૃત્તિ કરવાનુ સૂચન છે, જયારે બીજી બાજુ આજે જે ભૌતિકવાદી પ્રવાહ ચાલે છે તેવા અવિચારી પુરુષાર્થની નિવૃત્તિનું સૂચન પણ છે.

સંસ્કૃતિ–રક્ષા માટે અગત્યનું અંગ

આજે આધ્યાત્મિક લોકોમાં સંસ્કૃતિ–રક્ષા માટે પણ નિવૃત્તિના નામે ચોમેર નિષ્ક્રિયતા વ્યાપી છે. તેમાં સક્રિયતા લાવવાની જરૂર છે. પણ તે કઈ રીતે લાવી શકશું? એના ઉપર વિચારતા મને જૈન સૂત્ર ઉત્તરાધ્યયની ગાથા યાદ આવે છે:—

'असंखयं जीवियं मा पमायए, जरोवणीयस्स हु नत्थिताणं।'

અહીં બતાવવામાં આવ્યું છે કે જીવન અસંસ્કૃત છે. જરાયે–પ્રમાદ ન કરો। વૃદ્ધાવસ્થા આવ્યા પછી કોઈ રક્ષણ કે આશ્રય મળવાનો નથી.

અસંસ્કૃત એટલે શું? એનો સ્થૂળ અર્થ ત્યાં ક્ષણભંગુર કરવામાં આવ્યો છે; પણ એ બંધ બેસતો નથી. અસંસ્કૃત એટલે જે સંસ્કૃતિ–સભર ન હોય; સંસ્કાર વિહીન હોય, કે ઘડાયેલું ન હોય। તેવું જીવન. વ્યક્તિત જીવન પછી સામાજિક જીવન અને ત્યાર પછી સમષ્ટિ જીવન। આમ ત્રણે જીવનના અંગે વિચાર કરવો જોઈએ કે એ સંસ્કૃતિ સભર અગર તો ઘડાયેલાં છે કે નહીં। જ્યાં સુધી ત્રણે જીવનો સંસ્કૃતિથી પૂરી રીતે સભર ન દેખાય ત્યાં સુધી ક્ષણ માત્ર પણ પ્રમાદ નકરવો જોઈએ.

આ ઉપરથી તારવી શકાય કે જ્યાં ક્ષણવાર પણ પ્રમાદ ન કરવાની વાત હોય ત્યાં નિવૃત્તિ કે નિષ્ક્રિયતાની તો વાત જ ક્યાં છે? ઊલટો અહીં

त्यजदेकं कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवींत्यजेत् ॥

—કુળ માટે એક વ્યક્તિને, ગામ માટે કુળને, દેશના હિત માટે ગામને અને વિશ્વાત્માઓના હિત માટે જગત છોડવું પડે તો છોડે। સિદ્ધાંત આવે ત્યાં તે જ મુખ્ય ગણાય; કુળ, ગ્રામ કે દેશ ત્યાં ગૌણ ગણાય. એક બાજુ આદર્શ, ચેતન કે સિદ્ધાંત હોય, બીજી બાજુ વહેવાર, શરીર કે સગાંવહાલાં હોય તો ત્યાં સિદ્ધાંત, આદર્શ કે ચેતન ખાતર એ બધાંને તજવાં પડે તો તજવાં જોઈએ.

ગીતામાં કહ્યું છે કે :—

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात्

—સ્વ એટલે આત્માના ધર્મની—ગુણોની—સંસ્કૃતિની દૃષ્ટિએ જ પસંદગી કરવી જોઈએ. જ્યારે માણસ પહાડની અણીને છેડે આવીને ઊભો હોય. એક બાજુ દરિયો હોય, બીજી બાજુ ખાઈ હોય ત્યારે ચાલવું ખરેખર બહુ કપરું હોય છે. એથી યે અઘરું તાદાત્મ્ય-તાટસ્થ્ય કે અનાયાસ-આયાસની કસોટી થાય ત્યારે ચાલવું છે.

અર્જુને સંસ્કૃતિની દૃષ્ટિએ જ નિર્ણય કર્યો અને માંગણી કરી કે "મને તો આપ જોઈએ છે।"

દુર્યોધનને તે સાંભળીને "હાશ! સારું થયું!" એમ નિરાંત વળી. પણ એને ક્યાં ખબર હતી કે એકબાજુ અગ્યાર અક્ષૌહિણી સેના કરતાં પણ બીજી બાજુ એક કૃષ્ણની શક્તિ અનંતગણી વધારે હતી. શ્રીકૃષ્ણ હથિયાર વગર પણ જીવતાજાગતા પ્રચંડ શક્તિના પૂંજ હતા.

અર્જુનનો અહીં અનાયાસ-આયાસ સૂચિત થાય જ છે; પણ સાથે સાથ શ્રીકૃષ્ણ કેટલા જાગૃત અને તટસ્થ હતા? જો અર્જુન ભૂલ્યો હોત અને શ્રીકૃષ્ણને સામે પક્ષે ઊભા રહેવાનું થાત તો! કદાચ

ઘણી વાર માણસ આવો સહજ પુરુષાર્થ ખોટી રીતે પણ કરતો રહે છે! જ્યાં સિદ્ધાંત, આદર્શ કે સંસ્કૃતિની રક્ષા પુરુષાર્થ વડે સચવાય એવા જ પુરુષાર્થને અનાયાસ – આયાસ ગણાવી શકાય। બાહ્ય પુરુષાર્થ કરતાં અવ્યક્ત જગતના આંતરિક પુરુષાર્થ ઉપર દૃઢ વિશ્વાસ હોવો જોઈએ. એ જ વસ્તુ અનાયાસ – આયાસનો પાયો છે. એક માણસ દોડ્યો જાય છે. એને તમે પૂછો કે તે શા માટે દોડે છે? જો એનો કોઈ સરખો જવાબ ન મળે તો સમજવું કે તે વ્યર્થ શ્રમ છે.

મને નવાઈ લાગી એક માણસ અંગે. તે બાળકો માટે પૈસા ભેગા કરે છે, પણ બાળકોની કાંઈ ખેવના કરતો નથી. પછી તે રડવા બેસે છે. અને પૈસા ભેગા કરવાનું પણ ચાલુ રાખે છે. આવા માણસના પુરુષાર્થને શું કહેવું?

ઘણા લોકો એક પ્રશ્ન કરે છે કે "અનાયાસ – આયાસ"ની મર્યાદા શી છે?

તે અંગે એટલું જ કહી શકાય કે બે બાબતો ઉપર વધારે ધ્યાન આપશો તો તેનો જવાબ મળી જશે:—(૧) પુરુષાર્થમાં જરાયે કચાશ ન રાખવી, (૨) પુરુષાર્થ થાય છે તે સાચા માર્ગનો – સંસ્કૃતિ સભરનો છે કે કેમ? આટલો ખ્યાલ રાખતા અનાયાસ – આયાસની મર્યાદા આપોઆપ સમજાઈ જશે.

અંતે, ઈશાવાસ્ય ઉપનિષદના પહેલા શ્લોકની એ વાત પણ ન ભૂલાવી જોઈએ કે "મનુષ્યયત્ન પહેલો અને ઈશ્વર કૃપા પછી!" 'ૐ મૈયા' ભલે "મૈયા"નો સ્થૂળ પ્રતીક હોય પણ સૂક્ષ્મ રીતે એને જ અવ્યક્ત જગતના—નિસર્ગનો કે કર્મનો મહાનિયમ માનવો જોઈએ. એમાં એ વસ્તુ સૂચવવામાં આવી છે કે હરેક પળે વિશ્વવાત્સલ્ય તો રાખવું જ!

લડવું છતાં પ્રેમ રાખવો, યુદ્ધ જગવવું છતાં વાત્સલ્ય સિંચન કર્યા કરવું. આ ખૂબી પં. જવાહરલાલ નેહરુમાં છે. તેઓ એક વખત રસોઈયા ઉપર ખૂબ ગુસ્સે થઈ ગયા હતા. થોડી વાર પછી હસવા લાગ્યા. તે દિવસે રસોઈયાએ તેમને વધારે પ્રેમથી જમાડ્યા.

[૫]

ભારતીય સંસ્કૃતિમાં માતૃજાતિની પૂજા

ભારતીય સંસ્કૃતિનાં ચાર અંગોમાંથી ચાર ઉપર અત્યાર સુધી વિચાર થઈ ગયો છે. હવે પાંચમા અંગ માતૃજાતિ પૂજા વિષે આજે વિચારશું. આ દેશની સંસ્કૃતિને ઘડવા અને ટકાવી રાખવા માટે સ્ત્રીઓએ પણ ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેની મહત્તાના દાખલાઓ અને પ્રમાણ ઠેર ઠેર જોવામાં આવે છે.

સ્ત્રીઓમાં કેટલા ગુણો છે તે અંગે રામાયણમાં રામચંદ્રના મુખે પ્રમાણ આપવામાં આવ્યું છે :—

कार्येषु मंत्री, कर्मेषु दासी, धर्मेषु पत्नी, क्षमायाम् धात्री ।
भोज्येषु माता शयनेषु रंभा, रंगेषु सखी लक्ष्मण । प्रा [illegible] ॥

—એટલે કે કાર્યોમાં તે મંત્રી રૂપે છે; સેવા કરવામાં તે દાસી જેવી છે; ધર્મકાર્યમાં તે પત્ની છે અને ક્ષમા કરવામાં તે ધાત્રી ([illegible]) છે. ભોજનની વખતે માતા જેવી છે અને શયનમાં સુંદરી છે! મારી મિત્ર રૂપ એવી તે પ્રિયા મારી છે. આમ સીતાજીનું વર્ણન કરતાં એક આદર્શ ભારતીય નારી કેવી હોવી જોઈએ તેનું સ્પષ્ટ ચિત્રણ આમાં કરવામાં આવ્યું છે. અને ભારતીય નારી એ આદર્શ રાખતી આવે છે એટલું જ નહીં, સીતાનો આદર્શ આજે દરેક ભારતીય નારી માટે હોય છે.

ભારતીય સંસ્કૃતિના આદ્ય પ્રવર્તક મનુ મહારાજ કહેવાય છે. તેમના અંગે કહેવામાં આવ્યું છે કે :—

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम्
विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत्

—ગીતા

હજરત મહમદ સાહેબ કહે છે કે "બહિશ્ત વસતું હોય તો સ્ત્રીના પગમાં વસે છે." "જૈનોના ભગવતી સૂત્રમાં કહ્યું છે કે બાળક જન્મે છે ત્યારે માતાનાં ત્રણ અંગો તેને મળે છે. એક તો માથું જે મહત્વનું અંગ છે; તેમજ ઊંચામાં ઊંચું અંગ બ્રહ્મરન્ધ્ર આત્માને રહેવાનો ભાગ તે માતાઓમાંથી મળે છે.

માતા માટે "रत्नकुक्षधारिणी" એટલે રત્નને કુખે ધારણ કરનારી કહેવાય છે. ભગવાન મહાવીર જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે માતાને દુઃખ ન થાય તે માટે હળવા બની જાય છે. માતાને ચિંતા થાય છે કે મારા ગર્ભના જીવને શું થયું? ત્યારે પાછું હલન-ચલન શરૂ કરે છે. આનો અર્થ એ છે કે નાનપણથી તેઓ માતાની ચિંતા કરે છે. વિશ્વવાત્સલ્યનું શક્તિનું કેંદ્રધર છે અને ઘર ગૃહિણીનું કહેવાય છે.

—એટલે કે "न गृहं गृहमित्याहुः गृहिणी गृहमुच्यते...।" માત્ર ઈંટ પત્થરનું મકાન ઘર કહેવાતું નથી; ગૃહિણીને જ ઘર કહેવાય વાંઢાનો નિવાસ ઘર કહેવાતું નથી.

બીજું અંગ જે બાળકને મળે છે તે લોહી છે, ગર્ભમાં તેનું પોષણ મા પોતાના રક્તથી કરે છે અને જન્મ્યા બાદ પ્રબળ વાત્સલ્યના કારણે તેનું જ લોહી દૂધ રૂપે અમૃત બનીને તેનુ પોષણ કરે છે.

ત્રીજું અંગ માંસ એ પણ માતામાંથી મળે છે. ત્યારે રોમ-હાડકાં પિતામાંથી મળે છે. અને બાકીનાં અંગો માતાપિતાનાં મળીને મળે છે. એટલે સ્ત્રીમાં રહેલું માતૃત્વ પ્રગટ કરે તો આખા વિશ્વમાં તે પહોંચી જાય.

માતૃજાતિની પૂજાના ઘણાયે ઉદાહરણો ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં જોવા મળે છે. એનું એક કારણ એ છે કે અહીંની સંસ્કૃતિમાં સર્વ પ્રથમ જેને દેવ તરીકે ગણવામાં આવી તે માતા છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે—"માતૃદેવોભવ" તે ઉપરાંત જગતના ઈશ્વરો, પયગંબરો, દીપંકરો, તીર્થંકરો, અવતારો કે દિવ્યવિભૂતિને

પ્રભુ અને ગોપીનો અમર પ્રેમ

શ્રી કૃષ્ણચરિત્રમાં ગોપીઓની વાત આવે છે. તેનો ઊંડાણથી વિચાર કરીએ તો ગોપીઓ માત્ર સ્ત્રીઓ તરીકે જ નથી; પણ તેમાં જગતનું વાત્સલ્યથી ભરેલું માતૃત્વ જોવા મળશે.

શ્રી. પ્રતાપરાયે ગાયું છે:—

તારી મોરલીનો ભણકાર રે,
કાનમાં વાગે ગોકુળનાથ,
મોરલીએ કામણ કર્યું
મનડાં હરી લીધાં જાણે અમૃત રસધારા રે,
છોડી કુટુંબ પરિવાર,
મોહ લોભ છોડ્યાં ગોકુળનાથ...!

એમાં કેવો સુંદર ભાવ ભર્યો છે! સંસ્કૃતિની દૃષ્ટિએ ભારત આ બધું વિચારે છે અને ત્યારે તે વિશ્વને ભૂલતું નથી. પ્રેમનો કોઈ પાર નથી, તેને તો આખું વિશ્વ પણ નાનું પડે છે; અખિલ બ્રહ્માંડ નાનું પડે છે. વિરાટ દર્શનનું રહસ્ય પણ એજ છે. એક મુખમાં આખું વિશ્વ સમાયેલું છે.

ભાગવત કહે છે કે અમારું ઘર–આ મારું કુટુંબ એમ નહીં, તમારું ઘર આખું વિશ્વ છે. રણછોડ એટલે કે રણ+છોડ=રણછોડાવનાર યુદ્ધ બંધ કરાવી બધાંને પ્રેમથી વિજય અપાવનાર! તેણે મોરલીથી મુગ્ધ કરીને બધાને વશ કર્યાં.

મોરલી વગાડનારા તો ઘણા છે, સૂર પણ એવા ગૂંજે કે ઘડીભર મસ્ત થઈ જઈએ. પણ, પેલી મોરલીનો ગાનાર કાનુડો–વ્રજમાંથી ગયો છતાં બધી ગોપીઓ હજુ એ જ સૂરમાં મસ્ત હતી; કામકાજ સૂઝતું નહીં; જ્યાં જાય ત્યાં તેમને કૃષ્ણની મોરલી સંભળાયા કરે. "નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે!" ઓધવજીએ આ જોયું અને બધાને લઈ કૃષ્ણ ભગવાન પાસે ગયા; ત્યારે કૃષ્ણ તો

સાધ્વીઓ માટે એક જ પસંદ કરી ! તે વખતે એવી માન્યતા હતી કે સ્ત્રીઓ કુંવારી રહી શકે જ નહીં. તેમણે એ માન્યતા બદલાવી, કે કુમારિકા રહેવા છતાં આખા વિશ્વ સાથે એ વાત્સલ્ય વહેવડાવી શકે છે; અને ચંદનબાળાને પ્રધાન શિષ્યાપદે સ્થાપી તેમણે એ વિધાન ઉપર મહોર મારી. ભગવાન મહાવીરને ત્રણ નિમિત્ત મહાન બનાવે છે:— ચંદનબાળા, ચંડકોશિક અને અનાર્ય જાતિ !

સ્ત્રીઓના અંગે અંગમાંથી વાત્સલ્ય ઝરે છે. કદિ જુઓ કે મોટી બહેન, નાનાભાઈને રમાડતી હોય, બચીઓ ભરતી હોય ત્યારે તમે તેનો ભાવ જોજો ! પોતાના પતિ ઉપર. પિતા ઉપર, બાળક ઉપર, ભાઈ ઉપર અને બીજે બધે જ વાત્સલ્ય પાથરે છે. તે પત્ની તો અમુક સમયે જ હોય છે, પણ માતૃસ્વરૂપ તો તેનું સદાકાળ રહે છે. એટલે જ કહ્યું છે: "પરધનને પત્થર માનો પર સ્ત્રીને માતા માનો અને ભગવાન ન મળે તો તુલસીદાસ જામીન છે.

માતા આગળ વિકાર ન હોય :

ભગવાન મહાવીરનો સુદર્શન નામનો એક ઉપાસક હતો. સામાન્ય રીતે સ્ત્રીઓને જોઈને પુરુષો લોભાય છે; પણ અહીં પુરુષને જોઈ સ્ત્રી મોહાય છે. તે નગરની રાણી અભયા સુદર્શન ઉપર મોહાય છે. પોતાની દાસી કપિલાને મોકલી તે સુદર્શનને તેડાવે છે.

સુદર્શન આવે છે અને તે રાણીના હાવભાવ જોઈને સમજી જાય છે. એટલે તે કહે છે:—"હું ગૃહસ્થાશ્રમી છું ! ગૃહસ્થાશ્રમાં જેમ પતિ પ્રત્યે પત્નીનો એક ભાવ હોય છે તેમ પત્ની પ્રત્યે પતિનો એક જ ભાવ રહેવો જોઈએ. તેમાં વળી તમે તો રાણી છો—રાજ્યમાતા છો. માનો બાળક પ્રતિ પ્રેમ હોય—વિકાર ન હોય !"

રાણી ઘણું સમજાવે છે; પણ, તે ડગતો નથી. ખોટું આળ પણ ચઢાવે છે, પણ પછીથી રાજાને સાચી વાતનો ખ્યાલ આવી જાય છે. તે [illegible] છે કે :

કોઈ પુરુષ એવો હોય કે વિકારના સ્થાનમાં નિર્વિકારી રહે, તો શ્રીમદ્ કહે છે કે મારું માથું તેને નમી જાય છે. સ્ત્રીને કાષ્ટની પૂતળી સમ ગણે તે ભગવાન છે. આનો અર્થ એમ પણ કરી શકાય કે જે સ્ત્રીને માતા સમાન ગણે છે તે ભગવાન સ્વરૂપ છે. એટલે જ જૈનધર્મ તેને ભવ્ય અંજલિ આપે છે કે :—

मंगलं स्थूलिभद्रायाः

—એમની પહેલાં ઘણાં સાધુઓ થઈ ગયા—મોટા મોટા થયા. ગૌતમ સ્વામી, સુધર્મા સ્વામી આવ્યા પછી જંબુ સ્વામી આવ્યા, પ્રભવ આવ્યા પણ કોઈને યાદ નહીં કરતાં આમને યાદ કર્યા તેનું કારણ એ છે કે એ સામાન્ય વાત નથી! એક તો પોતાની પ્રિયા હતી; તેમાં વળી વેશ્યા હતી અને રૂપરૂપનો અંબાર હતી. એવા સ્થળે પણ મન ચલિત ન થયું. ઉલટું તેને ધર્મ માર્ગમાં ઉતારવી એ ખરેખર કપરામાં કપરું કાર્ય છે.

સ્થુલિભદ્ર કોશાને કહે છે : "જે આનંદનો ઝરો મારામાં છે તે જ ઝરો તારામાં પણ છે. તું તો જગદ્વંદ્ય મહાશક્તિ છો! તું તને પોતાને ઓળખ!" અને કોશાનું પરિવર્તન થઈ જાય છે.

ચોમાસુ પૂરું કરીને–વિજય મેળવીને સ્થુલિભદ્ર ગુરુ પાસે આવે છે ગુરુ બેઠા છે. બધા શિષ્યોએ વંદન કર્યું. ગુરુએ કહ્યું : "બહુ સારુ!"

પણ, સ્થુલિભદ્રે વંદન કર્યા ત્યારે કહ્યું : "બહુ સારું કર્યું–બહુ સારું કર્યું!" એમ બે વખત બોલ્યા એટલે શિષ્યોને ઇર્ષ્યા થઈ કે અમે વાઘ સિંહની બોડમાં રહ્યા અને આ મહેલમાં રહ્યો, તેને વધુ માન! ગુરુ સમજી ગયા. તેમણે કહ્યું: "તમારા કરતાં આ વાઘ સિંહની બોડ જોખમી હતી!"

શિષ્યો કહે: "એમાં શું? અમે પણ જઇને રહી શકીએ છીએ!"

ગુરુની આજ્ઞા લઈને ત્યાં જાય છે. કોશા તેમને બતાવી આપે

ાતૃ-પ્રતિષ્ઠા માટે માતૃત્વ :

ખરેખર નારી એ કંઈ નરકની ખાણ નથી. પણ વાસનાં જ ક્ષરી કે નરકની ખાણ છે. એટલે માતૃજાતિની પ્રતિષ્ઠા કરવા માટે ાતાઓમાં રહેલું માતૃત્વ પ્રગટાવવું પડશે. યુરોપમાં માતૃપૂજાને બદલે ૌંદર્યપૂજા તરફ વધારે લક્ષ રહ્યું છે. જ્યાંસુધી સ્ત્રી ભોગ્ય જ છે એવી ાવના જે સમાજમાં રહેશે ત્યાંસુધી નારીની સાચા અર્થમાં પ્રતિષ્ઠા હીં થાય.

એ ઉપરાંત ચીન-જાપાન વગેરે દેશોમાં પણ સ્ત્રીઓ રાષ્ટ્રહિત ાટે પોતાનાં શીલનું બલિદાન આપે છે. ત્યાં માતૃપ્રતિષ્ઠા શી રીતે થઈ ાકે ? એટલે માતૃપ્રતિષ્ઠાનો સવાલ કેવળ ભારત પૂરતો નહીં, પણ આખા િશ્વને સ્પર્શતો છે. તે તે રીતે વિચારવો પડશે.

માતૃપ્રતિષ્ઠાને વહેવારુ બનાવવા માટે એક મહત્ત્વનો ઉપાય એ ાણ છે કે પુરુષે બહુગામીપણું કે કામવૃત્તિ બંધ કરવી જોઈએ. સ્ત્ ી માટે જેમ એક પતિનો આદર્શ છે તેમ પુરુષ માટે એક પત્ની વ્રતનો આદર્શ હોવો જોઈએ. આજે સ્ત્રી-સમાજ પોતાના હકની લડાઈમાં ાગળ આવી રહ્યો છે ત્યારે ઘણી સ્ત્રીઓ, જાણવા છતાં કે ુરુષ પરણેલો છે છતાં સ્વચ્છંદપણે તેની સાથે વિચરે છે. એ માતૃપ્રતિષ્ઠ ાટે મોટા ફટકા સમાન છે.

માતૃપ્રતિષ્ઠા સાચા શબ્દોમાં આવી શકે તે માટે નીચેના સાચ ઉપાયો પ્રયોગમાં લાવવા જોઈએ :—

(૧) જાતિવૃત્તિનું સંસ્કરણ કરવું.

(૨) સુસંગઠિત માતૃસંસ્થાઓ ઊભી કરી તે વડે આવા જવાબ ારી ઉકેલવા.

(૩) જાહેર જીવનમાં નારી પ્રતિષ્ઠા વધારવી જોઈએ.

છે. આના પરિણામે સ્ત્રી અને પુરૂષ ત્યાં ભોગ્ય અને ભોક્તા બન્યા. એમના સંબંધો શરીરપ્રધાન બન્યા. એમાંથી કૃત્રિમ સાધનો ઊભાં થયાં. સ્ત્રી-પુરૂષનો સંભોગ સ્વભાવિક જ છે એવું તત્વજ્ઞાન ઊભું થયું. તેમાંથી ઈર્ષ્યા-દ્વેષ ઊભાં થયાં. છૂટાછેડાની ભાવના વ્યાપક બની. તાણી તૂંસીને સંયુક્ત ન રહેવું; તેથી ખર્ચ ખાવાની વૃત્તિ અને લગ્નજીવનની પવિત્રતા તેમજ એકાગ્રતા ન આવી. આથી જ મિજલસોમાં સ્ત્રીઓનું સ્થાન ખરૂં, પણ લોકશાહી યુરોપ-અમેરિકાની વહેલી આવ્યા છતાં સ્ત્રીઓની પ્રધાનતા રાજ્યમાં ન આવી; નહીંતર કદાપિ આટલાં બધાં યુદ્ધો ન થાત. કારણ કે સ્ત્રી કદિ યુદ્ધપ્રિય નથી. યુદ્ધ સ્ત્રી માત્રને અળખામણું લાગે છે. આમ યુરોપની આર્ય શાખામાં સ્ત્રીનો ઉપલક આદર રહ્યો છતાં રૂપ બજાર થઈ ગયાં.

આપણે ત્યાં વિકારને સંસ્કારવાને બદલે છેલ્લા કાળમાં સ્ત્રી પુરૂષને અલગ રાખો, સ્ત્રીને ઘરમાં રાખો, ઘુંઘટમાં રાખો અથવા શંકા-કુશંકા લાવી સજા અને પ્રાયશ્ચિત વ. સૂત્રો આપ્યાં. તેથી વિકારનું પ્રમાણ ઘટ્યું નહીં, ઉલ્ટું વધ્યું. એટલે હવે મનોવિજ્ઞાન અને બ્રહ્મચર્યના સુયોગનો નવેસરથી વિચાર કરવો પડે છે. દમન, નિગ્રહ, દંડ વગેરેના બદલે નવી દૃષ્ટિએ વ્રતો વિચારવાં પડશે. માતાઓ સમાજમાં આદરપાત્ર કેમ બને? તે ઉંડાણથી જોવું પડશે. આપણાં શાસ્ત્રોને પણ "आर्षसंदधीत"ની રીતે છતાં, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવે કસીને આધુનિક માંગને અનુરૂપ ઢબે આપવા પડશે. પુરૂષ લગ્ને કુંવારો અને અનેક પત્નીઓ કરી શકે અથવા સ્ત્રી અને પુરૂષની ભૂલમાં પુરૂષની ભૂલ તરફ કૂણી નજર રહેશે ત્યાં લગી માતૃસમાજ ઉંચે આવી શકશે નહીં.

આ યુગે પણ નર્તકીઓ વ. રૂપે નારીઓને રાખી શકાય છે. અમુક કોમોમાં બે પાંચ રખાતો રાખી શકે છે; આ બધું ઘરમૂળથી, માત્ર કાયદાથી નહીં, લોકોની માન્યતા રૂપે પણ બદલવું પડશે, યુરોપમાં નારી-સૌંદર્ય પૂજા છે અને અહીં પુરૂષને પ્રધાન માની તેના અભિમાનની પૂજા પ્રતિષ્ઠા છે; તે દૂર કરવી પડશે. ગામડાંઓ અને

પ્રતિનિધિ રૂપે પ્રમુખ બની શક્યા હતા. આથી જો તક મળે તો જરૂર આગળ આવી રહેશે !"

સંગ્રામ અવદશાનું કારણ:

શ્રી. પૂંજાભાઈ: "મારા નમ્રમતે માતૃજાતિની અવગણનાનું કારણ "સંગ્રામ" લાગે છે. સંગ્રામોમાં પુરૂષો આગળ રહી મ: એટલે વિધવાઓ વધી: યુરોપમાં એમને ફરી પરણાવી. એશિયામ નોંધારી બની. સંયમ અંગત રીતે પાળવા છતાં, આર્થિક પરાધીનત કારણે, પુરૂપ પ્રધાનતા આવી ગઈ. શાસ્ત્રોમાં પણ એની ર દેખાય છે.

પૂ. દંડીસ્વામી: "છતાં એજ શાસ્ત્રોમાંથી આપણે વીણ તો માતૃપૂજા-પ્રતિષ્ઠાનાં અનેક ઉદાહરણો મુનિશ્રી સંતબાલજીએ આ તેવાં મળી શકે છે."

અંતમાં મુનિશ્રી સંતબાલજીએ માટલિયાએ કરેલ માતૃપૂજાનાં સૂચ આવકાર્યાં હતાં. નારી માધ્યમના જોખમો તરફ સજાગ રહીને જોખમો ઉઠાવવાની હાકલ કરી હતી.

આ બીજી માતા છે. તેણે કહ્યું: "રાજાની આ માતા ગણાય છે!, રાજમાતા પોતાના પુત્ર પાસે આવી માગણી કરે તે શોભે નહીં!"

સુરેનાથનું અભિમાન ઓગળી ગયું. દુર્ગાદાસમાં ભારતીય સંસ્કૃતિનો રંગ હતો એટલે જ તે આમ કરી શક્યો!

પુરુષને સન્માર્ગે વાળતી સ્ત્રી:

ભારતીય સંસ્કૃતિમાં માતૃપૂજા વણાયેલી છે; એટલે જ તેને જે પ્રતિષ્ઠા મળી છે તે અદ્ભુત છે. માતાઓમાં કેવળ સામાન્ય શક્તિ હોતી નથી, પણ તેમણે મોટા મોટા વિશ્વવંદ્ય બનેલા મહાત્માઓ અને સાધકો સુસ્થિર કર્યા છે—પ્રેરણા આપી છે.

સીતા અને રાવણ:

એવા પ્રસંગો આપણે વિચારીશું. સર્વ પ્રથમ રામયુગમાં જોઈએ. સીતાજીનો એક પ્રસંગ છે. સીતાજી અશોક વાટિકામાં એકલા અટૂલા હતા. ચારે બાજુ રાક્ષસી ઓનો હતી, ચારે બાજુ વિલાસની સામગ્રી હતી. રાવણ વારંવાર આવતો અને કહેતો: "જાનકી! એક વાર તો મારી સામે નજર તો માંડ! એક વાર નજર માંડીશ તો તારું સ્થાન મંદોદરી કરતાં ઊંચું બનાવી દઈશ."

ત્યારે સીતા કહે છે: "પતંગિયાના પ્રકાશથી કમલિની નહીં વિકસે, એ તો સૂર્યના પ્રકાશથી જ વિકસે છે. તું એ જ પ્રકાશનો અંશ છે. કારણ કે તું શંકર ભગવાનનો ભક્ત છે અને શંકર રામના ભક્ત છે. પણ તેં એ પ્રકાશને બનાવટી બનાવી દીધો છે. સોનાના ચળકાટથી સત્ય કદિ ઢંકાય છે?"

हिरण्य मयेन पात्रेण, सत्यस्यापिहितं मुखम् ।

રાવણ વિફરે છે અને તલવાર લઈને આવે છે. પણ જેવી સીતા આંખ ફેરવે છે તે આડું જોઈ જાય છે. સીતાનું તેજ તે સહી શકતો

—તેઓને તો ટકોરો બસ! તુલસીદાસ જાગી ગયા. તેમણે પત્નીને કહ્યું: "તું મારી ગુરુ!" એમ કહીને ચાલી નીકળ્યા! તેઓ કવિ તો હતાજ પણ તેમણે હિંદી ભાષામાં સંસ્કૃતિનો અનન્યમય આપ્યો રામાયણ! નારી વડે મળેલ પ્રેરણા કેવું અમર કામ કરી ગઈ!

બિલ્વમંગળ અને ચિંતામણિ

બિલ્વમંગળ નામનો બ્રાહ્મણ ચિંતામણિ નામની વેશ્યામાં એટલો બધો આસક્ત થાય છે કે મેઘલી રાત્રે નદીમાં પૂર આવ્યું છે ત્યારે તેને મિળવાને મળવાનું મન થાય છે. એટલે એક શબને તરાપો માની બેસી જાય છે. નદી પાર કરે છે. વેશ્યાને ઘરે સીડી નહતી પણ એક સાપ લટકતો હતો. તે એને દોરી સમજીને ઉપર ચઢી જાય છે. ચિંતામણિ ભરનિદ્રામાં સૂતી હોય છે. તેને જગાડે છે. ચિંતામણિ કહે: "અરે, તમે ચઢી આવ્યા કઈ રીતે?"

બિલ્વમંગળ કહે: "બહાર જે રાંઢવો લટકતો હતો. તેને પકડીને હુ આવ્યો છું."

ચિંતામણિ ત્યાં જઈને જુએ છે તો એક સાપ લટકતો હતો. તેને થયું કે આવો શક્તિશાળી માણસ મારી આસક્તિમાં પડ્યો રહે તે સારું નહીં. એટલે તેણે કહ્યુ: "મારા વહાલા સુર! તું હવે ઈશ્વરનો દાસ થા! આટલી મમતા પ્રભુમાં લગાડીશ તો બેડો પાર થઈ જશે!"

સુર ચેતી જાય છે અને પછી હિંદીના ભક્તિ રસના મહાન સંત કવિ સૂરદાસ રૂપે આજે પણ અમર છે. આવી છે હિંદની સ્ત્રી શક્તિ!

સ્ત્રી શક્તિ ઉપરથી જાળાં હટાવો

આજે એ સ્ત્રી શક્તિ ઉપર જાળાં બાઝી ગયાં છે. સોનાનો મોહ અને ઘરેણાં કપડાંના મોહના કારણે, એમ થવા પામ્યું છે. એ બધાને દૂર કરીને પાછો ઝળઝળાટ લાવવાનો છે. આજે તો ઘણીવાર નારીને પોતે આટલી શક્તિશાળી છે, તેનું ભાન હોતું જ નથી.

એ માટે કેટલાંક ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓએ આગળ આવવું

કાર્ય કરવું પડશે. આવા માતૃસંગઠનો દ્વારા જ્યારે માતાઓના પ્રશ્નો ઉકેલાશે ત્યારે નવી પરિસ્થિતિ સર્જાશે.



ચર્ચા – વિચારણા

માતાનો ઉપકાર

શ્રી. દેવજીભાઈએ ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું : "મેં એક વર્ષે સજોડે બ્રહ્મચર્ય વ્રત લીધેલું તેમાં વિચારથી હું નબળો બનેલો પણ મારાં પત્ની બનેલા નહીં. બે પુત્રીઓ થયા પછી એમણે મને પ્રેરેલો પણ હુ તે વખતે પામર બન્યો હતો, પણ એ પત્નીના સંસ્કાર વારસાને કારણે જ હું તેમના અવસાન બાદ ફરી લગ્ન કરવા માટે ન લલચાયો અને આટલું કામ કરી શકુ છું.

એજ રીતે મારા બાવીશ વર્ષના ભાઈના વરસી તપના ઉત્સવ વખતે મારી પત્નીની પરીક્ષા એક માતબર બહેને લીધી. "આ વખતે દાગીના સંઘરી રાખ અને રિસાઈ જા તો તારા થઈ જશે !"

મારી પત્નીએ કહ્યું : "આ વખતે તો મારે સાથ જ આપવો જોઈએ !"

ટુંકમાં આજે સવારે મુનિ શ્રી સંતબાલજીએ કહ્યું તેમ મારા માટે માતાનો ઉપકાર હતો જ પણ પત્નીનો પણ માતૃભાવરૂપી વારસો આપવામાં હિસ્સો ઓછો ન હતો.

નારીઓએ આદર્શ સ્થાપવો જોઈએ :

શ્રી. ચંચળબહેને કહ્યું : "બાદશાહી જમાનાગાં એક એવા પ્રકારનો નારીનો મેળો થનો કે જેમાં બાદશાહ માટે ત્યાં આવેલી સુંદર નારી ઉપર અત્યાચાર થતો. એવા એક મીનાબજારમાં બીકાનેરના રાજવીની પત્ની પણ મેળો જોવા ગઈ અને ફસાઈ, ત્યારે તેણે બહાદુરી બતાવી અને છેવટે એ મીનાબજારનો મેળો બંધ થયો અને અકબર બાદશાહને તેને બહેન બનાવવી પડી.

એમ સ્ત્રી તે બધાને ત્યાંથી રવાના કરે છે. નારીએ પોતાના શીલને બ્રહ્મચર્ય વડે ટકાવવું જોઈએ એ તેજ ને પ્રકાશિત બને છે.

(૨) સમાજનો વ્યાપક સદાચાર: જે દેશમાં ચારિત્ર્યનું ધોરણ ઊંચું હોય; તે દેશ અને સમાજ હંમેશા ઉપર આવે છે. ભારતમાં આને પ્રારંભથી જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. અહીં નારીને મા-બહેન રૂપે ગણવામાં આવી છે અને તેને પૂજનીય ગણવામાં આવી છે. ગયા વખતે આપણે શિવાજીનો અને દુર્ગાદાસનો દાખલો જોઈ ગયા હતા. ગમે તેવી રૂપાળી સ્ત્રીઓ ઉપર વિકારની દૃષ્ટિ ન થવી, એજ આ ધારાનો સિદ્ધાંત છે. આજે પણ ઘણા સ્થળે જોવા મળે છે કે બહેનો નિર્લજ્જ પુરુષોને એમ રીતે કહે છે "શું તમારી મા બહેનો નથી!"

ભારતના સામાજિક સદાચાર અંગે આ દોહામાં ઘણું સુંદર કહ્યું છે:—

समदृष्टि अरु तृष्णा त्यागी, पर स्त्री जिसकी मात रे
कभी झूठे वच न बोले, पर धन धूल समात रे.

—પારકી સ્ત્રીને મા સમાન ગણવી અને પારકા ધનને માટી સમાન લેખવું એ ભારતનો જૂનો પારંપરાગત સંસ્કાર છે.

(૩) સમાજમાં નારી શીલરક્ષાની ખાતરી: જ્યારે સ્ત્રી અને પુરુષોમાં સહેજે બ્રહ્મચર્ય તરફ વલણ હોય અને સમાજમાં વ્યાપક સદાચાર આવે તો સહેજે નારીમાં શીલરક્ષણની ખાતરી આવી જાય છે. સમાજમાં જેમ સારું છે તેમ નરસું પણ તત્ત્વ હોય છે, પણ જોવાનું એ છે કે એમાં વજન કોનું થયું છે? ભારતનો ઇતિહાસ સમાજમાં નારીની શીલ રક્ષાની ખાતરીથી ભરેલો પડ્યો છે. એના અનેક પ્રસંગો છે.

ભારતીય સંસ્કૃતિમાં શીલનું જે મહત્ત્વનું સ્થાન છે અને તેના જે પ્રેરક પ્રસંગ છે તે યુગ પ્રમાણે જોઈ જઈએ.

રામ ત્યાં છે! તેમણે ચૌદ વર્ષ વનમાં ગાળ્યા, તેમની સાથે તેમની સ્ત્રી સીતા હોવા છતાં–તેમણે કદિ તેની તરફ વિકારી નજરે જોયું નથી!"

ઘણાને એમ થશે કે મંદોદરીને આની ખબર ક્યાંથી? તો એક તો લોકવાયકા પ્રમાણે વાતો ચાલતી હતી તે; તેમજ સીતા સાથેનો પ્રસંગ પડ્યા પછી મંદોદરી તે જાણી શકી હતી. સતી જેમ પોતાના મનનો ભાવ જાણે તેમ સામા પક્ષે વિકારભાવને પણ ઓળખી શકે.

સુલોચના પ્રશ્નાર્થ રૂપે તેને જોતી રહી ત્યારે તેણે કહ્યું: હું સીતા સાથે થોડોક સમય રહી છું એટલે રામ કેવા છે તેની મને ખબર છે. તેનો દૂત પેલો વાંદરો હનુમાન આવ્યો હતો. તેણે ભલે બધો ઉપદ્રવ કર્યો પણ તેણે કોઈ સ્ત્રીને હેરાન ન કરી! જો એક વાનરકુળની વ્યક્તિ પણ આટલી સુશીલ બની શકે તો એ રામનો કેવો પ્રભાવ હશે! તે તને સાચી દૃષ્ટિએ જોશે! માટે તું ચિંતા કર્યા વગર ચાલી જા...!"

રામનો આ પ્રસંગ અને રાવણકુળની નારીઓની પણ રામ ઉપર આસ્થા એનો જો વિચાર નહીં કરીએ તો ભારતની સાચી સંસ્કૃતિનો ખ્યાલ આપણને નહીં આવી શકે! શીલનું–સદાચરનું કેટલું મહત્વ છે તે એના ઉપરથી સમજી શકાય છે.

દ્રૌપદીનો પ્રસંગ

ત્યારબાદ કૃષ્ણ યુગમાં આવીએ!

બ્રહ્મચર્યનો પ્રભાવ કે પતિવ્રતનો પ્રભાવ એવો છે કે ગમે તેવી સ્ત્રી પણ અબળામાંથી સબળા બની જાય છે. તે વખતનો યુગ હતો; દારૂ–માંસાહાર તેમજ વ્યસનોનો! દ્રૌપદીને તે વખતના યુગની પ્રતિનિધિ નારી તરીકે આપણે ગણાવી શકીએ. કૌરવો સત્તાની ખુમારીમાં હતા એટલે તેમણે પોતાની ખુમારી અહીં બતાવી.

દ્રૌપદીની લાચારી એ હતી કે તે પોતે વેચાઈ ગઈ હતી. 'યથા રાજા તથા પ્રજા' જેમ; દુઃશાસન રજસ્વલા દ્રૌપદીને સભામાં લાવી;

તેનો શોખ તમારે જરાયે રાખવો નહિ. ગ્રન્થમાળામાં આ અન્યાય ન થવા દેજો. બોલજો ! ભીખુ, અત્યાર સુધીના માટે ક્ષમાવતા ? તેણે આ બધું કહી બતાવ્યું.

આમ પ્રસંગમાં સ્ત્રીઓએ ધર્મપ્રચાર અધિકાર રીતે તો ધર્મપ્રચાર ભિન્ન રીતે પણ મદદ કરી, ધૈર્યનું ગૌરવ બતાવ્યું છે.

શુભા ભિક્ષુણી :

ભગવાન મહાવીર અને બુદ્ધના જમાનામાં શુભા ભિક્ષુણીનો એક કિસ્સો જાણવા જેવો છે. તે બૌદ્ધ ભિક્ષુણી એકાંત જગ્યામાં જતી હતી. તે સુંદર તેમજ રૂપાળી હતી. એક ગુંડો જુવાન તેને જતાં જોઈ, અને તેની પાછળ જવા લાગ્યો.

એકાંતનો લાભ લઈ ત્યાં પેલો જુવાન આવ્યો ત્યાં તેની આગળ આવીને ઊભો રહ્યો. શુભા ભિક્ષુણીએ વિચાર કર્યો : "ભગવાન તો નિર્બળના સાથી ! આજે શીલ આજે નહીં રહે તો શીલ શાનું ?"

એટલે તેણે ભગવાનનો જાપ જપવો શરૂ કર્યું. પેલો લંપટ તેની પાસે ન આવ્યો. પણ, પાછો ખડખડ હસીને મશ્કરી કરવા લાગ્યો. શુભાએ તેને પૂછ્યું : "ભાઈ ! તારી શી ઇચ્છા છે ? તને શું જોઈએ છે ?"

ત્યારે તે લંપટે કહ્યું : "તારી આંખ બહુ સુંદર છે ! મને તે બહુ ગમે છે. હું તેનો આશક બન્યો છું !"

માણસ જ્યારે વિકારી બને છે ત્યારે તેને સુંદરી ઘૂરે છે. તે વખતે કોઈ પણ એની પાસે તો તેને પાછો વાળે પણ શુભાએ જુદી રીતે જ વિચાર્યું. તેને થયું કે મારી આંખના કારણે જ, મારો ભિક્ષુણી વેશ છતાં આને વિકાર થાય તો એ રૂપ શું કામનું ? તેણે પોતાના નખથી આંખનો ડોળો બહાર કાઢીને કહ્યું : "હે ભાઈ ! તને આ બહુ ગમે છે ને ?"

તેનાં ચીર તમારે પૂરવાં જોઈએ અથવા રાજસભામાં આ અન્યાય ન થવા દેવો જોઈએ! શ્રીકૃષ્ણ ભગવાન એટલા માટે કહેવાયા કે તેમણે આ બધું કરી બતાવ્યું.

આવા પ્રસંગમાં સ્ત્રીએ ઘણીવાર અહિંસક રીતે તો ઘણીવાર હિંસક રીતે પણ સામનો કરી, પોતાનુ શીલ બચાવવું જોઈએ.

શુભા ભિક્ષુણી :

ભગવાન મહાવીર અને બુદ્ધના યુગમાં પણ શુભા ભિક્ષુણીનો એક પ્રેરક પ્રસંગ છે. તે બૌદ્ધ ભિક્ષુણી એકાંત જંગલમાં જતી હતી. તે યુવાન તેમ જ સુંદર હતી. એક લંપટ માણસે તેને જતા જોઈ અને તેની પછવાડે જવા લાગ્યો.

એકલતાનો લાભ લઈ જ્યાં ઘોર જંગલ આવ્યું ત્યાં તેની આગળ આવીને ઊભો રહ્યો. શુભા ભિક્ષુણીએ વિચાર કર્યો: "ભાગીશ તો નિર્બળતા ગણાશે! સામનો કરીશ અને નહીં ટકું તો શીલ જશે!"

એટલે તેણે આચારની શક્તિ વધારી આંખનું ત્રાટક કર્યું. પેલો લંપટ થોડી વાર તો અંજાયો. પણ, પાછો નફ્ફટ થઈને ચાળા કરવા લાગ્યો. શુભાએ તેને પૂછ્યું : "ભાઈ! તારી શી ઇચ્છા છે! તને શું જોઈએ છે?"

ત્યારે તે લંપટે કહ્યું : "તારી આંખ બહુ મોહક છે! મને તે બહુ ગમે છે. હું તેનો આશક થયો છું!"

માણસ જ્યારે વિકારી બને છે ત્યારે તેને ધ્રુજારી છૂટે છે. તે વખતે કોઈ પણ સ્ત્રી ધારે તો તેને પાડી શકે પણ શુભાએ બીજી રીતે જ વિચાર્યું. તેને થયું કે મારી આંખના કારણે જ, મારો ભિક્ષુણી વેશ છતાં આને વિકાર થાય તો એ રૂપ શું કામનું? તેણે પોતાના નખથી આંખનો ડોળો બહાર કાઢીને કહ્યું : "લે ભાઈ! તને આ બહુ ગમે છે ને?"

મુક્તાબાઈનો પ્રસંગ:

[illegible]

ભારતીય સંસ્કૃતિમાં [illegible] સ્ત્રીઓનાં [illegible]

[illegible] ઉપર વિશેષ ધ્યાન ખેંચવા માટે આવશ્યક છે કે એકવાર [illegible] ભારતીય સંસ્કૃતિમાં [illegible] હતો, પણ હવે એને કેવળ અનુકરણ તેમજ [illegible] આધારરૂપે [illegible] છે. [illegible] આપણે ત્યાં [illegible] છે. [illegible] આપણી નારી પણ એનો શિકાર બની પોતાનાં દેહ સૌંદર્યનું પ્રદર્શન કરતાં અચકાતી નથી. જાહેરાતો, ચલચિત્ર પડદાનો તેમજ ફેશનના નામે આજે સ્ત્રીના અંગેઅંગ [illegible] પ્રદર્શન ગોઠવવામાં આવે છે; અને તેમાં સુશિક્ષિત નારીઓ ભાગ લે છે એ દુઃખનો વિષય છે. [illegible] તેમજ [illegible] નારીના શીલ ઉપર થતાં નીચ આક્રમણને અટકાવવા માટે સર્વ પ્રથમ તો નારી સમાજે જ જાગૃત થવું પડશે! તેમના માટે [illegible]

જયશિખરે ભાટ–ચારણોને વનરાજ નાનો હતો ત્યારની વાત કહી સંભળાવી. વનરાજ નાનો હતો અને પારણામાં સૂતો હતો. પતિ–પત્નિ બન્ને એકલા હતા. ત્યારે જયશિખરે રૂપસુંદરી સાથે પ્રેમચેષ્ટા કરી. રૂપસુંદરીનો નિયમ હતો કે પરપુરૂષ હોય ત્યાં ચેષ્ટા ન કરવી. રૂપસુંદરીએ તે પ્રમાણે ના કહી અને પારણામાં સૂતેલ વનરાજને દેખાડ્યો. બન્નેએ પારણા તરફ જોયું. જે વનરાજ તેમની તરફ જોતો હતો તે મોઢું ફેરવી ગયો હતો. આથી રૂપસુંદરીને આઘાત લાગ્યો અને તેણે આપઘાત કર્યો.

આટલી હદ સુધી સ્ત્રી શીલ નિષ્ઠામાં આગળ હતી. પોતાનોજ છોકરો હતો, નાનો હતો છતાં મલાજો રાખવો જોઈએ એમ તે માનતી હતી. આવાં સ્ત્રીરત્નોનાં કારણેજ શીલ નિષ્ઠા ટકી શકી છે.

મલાજો એટલે સાચી મર્યાદા

મલાજો એટલે માત્ર લાજ કાઢવી કે ઘુમટો તાણવો એટલુંજ નહીં; પણ વડીલોની સાચી મર્યાદા પાળવી રાજસ્થાનમાં બહેનો લાંબો ઘુમટો કાઢે છે. એક કાળે એની પાછળ હેતુ હતો હવે રૂઢિ થઈ ગઈ છે.

આયર લોકો લાજ કાઢતા નથી. એકવાર પ્રસંગ બન્યો. દીકરો અને વહુ સાથે બેઠેલા. તેવામાં સસરાજી આવ્યા. વહુએ એ જોયું અને તેણે ઘુમટો કાઢી લીધો. સસરાએ વિચાર કર્યો કે મેં એનું મોઢું જોયું એણે મારૂં જોયું, પછી ઘુમટો કાઢ્યો એનો અર્થ શો ? એટલે તેણે નાત ભેગી કરી અને કાયમનો ઘુમટો બંધ કર્યો. ગુજરાત અને રાજસ્થાન સિવાય બીજે ક્યાંયે ઘુમટો કઢાતો નથી. મહારાષ્ટ્રમાં સ્ત્રીઓ કદીયે ઘુમટો કાઢતી નથી છતાં મલાજો બરાબર રાખે છે. દક્ષિણમાં પણ એવું જ છે. પંજાબ અને બંગાળમાં પણ એવું છે.

મર્યાદા જાળવવાની વાતને શીલનિષ્ઠા સાથે ઊંડો સંબંધ છે. તેમાં વધારે ઊંડા ઊતરવું પડશે. આજનો પહેરવેશ, આજનાં ચલચિત્રો, ભોગ વિલાસનાં સાધનો, બીજાને આકર્ષવા માટેની ખોટી રીતો આ

જતાં તેઓ એ કન્યાને પકડી મૂકવા સુધીની હલકી મનોવૃત્તિનું પણ પ્રદર્શન કરતા નજરે પડે છે.

ગૃહસ્થ જીવનનો પાયો સંયમ અને શીલ

ગૃહસ્થ જીવનનો પાયો સંયમ અને શીલ છે. પણ ઉપર જણાવી ગયો તે મુજબ હમણાં ઘણી અજુગતી છૂટો લેવાય છે. છોકરીને પસંદ કરવા માટે મુરતીઆઓ ઘણાં વિચિત્ર અને હલકટ પ્રશ્નો પણ કરતા હોય છે. ઓવેજ એક કન્યાનો પ્રસંગ છે.

એક બહેનનું માંગું લઈને એક ભાઈ ગયા. વરપક્ષવાળાઓમાં બધાએ કન્યાને જોઈ લીધી. હવે કેવળ વર બાકી રહ્યા. તેમણે કહ્યું કે મારે કન્યાને એકાંતમાં મળવું છે અને તેને થોડાક પ્રશ્નો પૂછી તપાસ કરી લેવી છે. કન્યાના મા–બાપને ગરજ એટલે માની ગયા. કન્યાને ન ગમ્યું પણ તે છતાં મા–બાપને રાજી કરવા અને ભાવિ ભરથાર કેવો છે તે જાણવા તેણે પણ હા પાડી.

બન્ને મળ્યા. છોકરાના હાવભાવ, પ્રશ્નો, એકાંત આંપની ચેષ્ટાઓ આ બધું કન્યાને ન ગમ્યા. પણ તેણે દરેક પ્રશ્નના શાંતિથી ઉત્તર આપ્યા. અંતે તે છોકરાએ કહ્યુ: "તમે મને પસંદ પડ્યા છો !"

એ વખતે કન્યાએ કહ્યું: "તમે મારી પરીક્ષા કરી અને મને પસંદ કરી એમ મારે પણ તમારી થોડી પરીક્ષા કરવી જોઈએ ને ?"

એમ કહી તે કન્યાએ તેને કહ્યું: "તમારા પ્રશ્નો અને ચેષ્ટાઓ ઉપરથી હું એવા અનુમાન ઉપર આવી છું કે આવી વાતો નારીના અપમાન જેવી છે. જો પરણ્યા પહેલાં તમે મારું માન ન જાળવી શકો તો પછી કઈ રીતે જાળવી શકશો ! એટલે હું તમને પસંદ કરતી નથી."

પેલો તો થીજી ગયો.

સમાજ વિશ્વાસનાં સ્થળો અને વ્યક્તિઓ

ગાંધીજી ઘણીવાર કહેતા કે લોકસેવક એ એક રીતે આજનો નવો બ્રાહ્મણ છે. તેનો સમાજને વિશ્વાસ હોવો જોઈએ. કોઈ સ્ત્રી તેની

સંકોચ ન પામે. એવી જ રીતે સ્ત્રી માટે સમાજમાં એવો વિશ્વાસ હોવો જોઈએ કે તે ગમે ત્યાં જાય પણ સલામત રહે.

આપણે ત્યાં લોકો કડક નિયમો અને વ્રતો લે છે પણ બીજી બાજુ સાવ ઢીલાશ આવી ગઈ છે. પશ્ચિમની સંસ્કૃતિ ઘર કરી ગઈ છે. અમુક જાતની રહેણીકરણી, પહેરવાનું-ઓઢવાનું એ રીતનું થઈ ગયું છે કે લોકો પોતાની તરફ કેમ આકર્ષાય? એ જ આશયથી બધી ટાપટીપ હોય છે. આમાં પુરુષો પણ હવે આગળ વધવા લાગ્યા છે.

આનો ગંભીરતાથી વિચાર કરવાનો છે. અમુક સ્થાનો તો વિશ્વાસપાત્ર રહેવાં જ જોઈએ. શીલ રક્ષા સંસ્કૃતિનો પાયો છે અને તેના માટે બ્રહ્મચર્ય, સદાચાર અને રહેણીકરણી કેવી હોવી જોઈએ તેનો વિચાર થવો જોઈએ. એકલી સ્ત્રીઓ કે સાધુઓ માટે શીલરક્ષાની વાત કરવાની નથી; પણ પુરુષો અને સેવકોએ પણ એ બાબત ઉપર ધ્યાન આપવાનું છે. શિક્ષકો, ડૉક્ટરો અને સેવકોએ તો ખરેખર સમાજને ઘડવાનું છે એટલે તેઓ જ્યાં રહે છે તે સ્થળો, વિદ્યાલયો, દવાખાનાઓ-ધર્મસ્થાનકો-પણ સમાજ વિશ્વાસનાં સ્થળ બનવાં જોઈએ.

આ માટે ઘરથી પ્રારંભ કરવો ઠીક થશે. આજે ઘરમાં બાપ-દીકરી સાથે બેસશે તો તેમાં સમાજ વિશ્વાસ છે પણ એવો સમાજ વિશ્વાસ કેળવવો જોઈએ કે પુત્રની વહુ પણ તેની સાથે નિઃસંકોચ બેસી શકે; અને એ માટે તો પુરુષોએ જ આગળ વધવાનું છે.



ચર્ચા-વિચારણા

શીલનિષ્ઠા માટે વાત્સલ્ય અને વિશ્વાસ

શ્રી. માટલિયાએ આજની ચર્ચાનો પ્રારંભ કરતાં કહ્યું: "યુરોપમાં જઈને સમાજને પાંચદશ વર્ષ જોઈએ તો ભારતીય સંસ્કૃતિની શીલ-નિષ્ઠાનો સંપૂર્ણ ખ્યાલ આવી શકશે. ત્યાં પુખ્ત વયનાં થતાં બાળકો

નથી કર્યું. અહીંની સંસ્કૃતિમાં "સાચ બરાબર તપ નહીં" અને "સત્યમેવ જયતે" એટલે કે સત્યનો જ વિજય થાય છે. આજે એ આપણી સરકારનો મુદ્રાલેખ છે. એટલું જ નહીં એને દરેક ધર્મનો ટેકો તો છે જ તેમ જ એના વગર ધર્મની કોઈપણ પ્રકારની કલ્પના કરવી અશક્ય છે. સત્ય માટે અહીંની કલ્પના ઘણી ઊંચી છે. કહેવામાં આવ્યું છે કે પૃથ્વી સત્યના આધારે ટકી છે:—

सत्येन धार्यते पृथ्वी, सत्येन तपते रवि
सत्येन वाति वायुश्च, सर्वं सत्ये प्रतिष्ठितम्

—સત્યથી પૃથ્વી સ્થિર છે; સત્યથી સૂર્ય પ્રકાશે છે. સત્યથી વાયુ વાય છે; આ જગતમાં બધુ સત્યના કારણે જ પ્રતિષ્ઠિત છે.

એ જ રીતે જૈન ધર્મ કહે છે.

सच्चं लोगम्मि सारभूयं

સત્ય જ લોકમાં સારભૂત છે. જે દિવસે જગતમાંથી સત્ય ચાલ્યું જશે તે દિવસે દુનિયાનો નાશ જ હશે! ભારતીય સંસ્કૃતિમાં સત્યને વિશેષ સ્થાન મળ્યું છે અને સત્ય માટે પ્રાણ–પ્રતિષ્ઠાનો પણ ત્યાગ કરવાનું સૂચવ્યું છે. એ માટે સત્યનો આગ્રહ દરેક ડગલે અને પગલે રખાયો છે.

ગાંધીજીએ સત્યાગ્રહ શબ્દ આપ્યો ત્યારે ઘણાને થયું કે વળી સત્યમાં શો આગ્રહ? આપણે બોલીએ છીએ કે "સત્યમેવ જયતે" તો શું સત્યનો વિજય નથી! સત્ય પોતે તો સત્ય જ છે પણ આપણામાં અને સમાજમાં એની પ્રતિષ્ઠા કરવાની વૃત્તિ હોવી જોઈએ; તેમ જ પ્રાણ–પ્રતિષ્ઠા અને પરિગ્રહના ભોગે એનો આગ્રહ ન કેળવાય તો "સત્યમેવ જયતે" કેમ બને? સત્ય માટે બધું ફના કરવા તૈયાર ન થઈએ ત્યાં સુધી સત્ય જીતે નહીં!

ધર્મનું મૂળ સત્ય છે. કહ્યું છે કે:

સત્ય નહીં તો ધર્મ જ શાનો? દયા વિના શું દાન જો!

કૈકેયી પણ એમને એજ કહે છે કે તમે જે કહો છો તે સત્યનું આચરણ રાજાઓ પરંપરાગતથી કરતા આવ્યા છે:—

शिबि, दधीचि, बली जो कुछ भाखा
तन धन तजेउ वचन प्रण राखा.

શિબિ, દધીચિ, બલી વ.એ વચન ખાતર તન, મન, ધન બધું છોડી દીધું હતું. બલિને કહેવામાં આવ્યું હતું કે ત્રીજું પગલું ક્યાં મૂકવું? તો કહ્યું કે મારી પીઠ તૈયાર છે; જરૂર પડી ત્યારે બધું છોડ્યું. રાજા હરિશ્ચંદ્રે સત્ય માટે ધન, રાજ્ય, સ્ત્રી, પુત્ર બધાંને છોડ્યાં. આમ કૈકેયી પણ સત્યની યાદ આપે છે અને દશરથ પણ આપે છે.

પણ, રાજા દશરથને વચન આપી દીધા પછી મનમાં દ્વિધા થાય છે; પણ એ દ્વિધા કૈકેયી છોડાવે છે. જરા કડક વચન બોલીને! પણ અસત્ય કે કડવાશ બેમાંથી એકની પસંદગી કરવાની હોય તો કડવાશને જ પસંદ કરવી જોઈએ. સત્ય નહીં તો ધર્મ શેનો?

કૈકેયી દશરથને ઢીલા થતાં જોઈને કહે છે: "તમેજ કહો છો કે સત્ય વગર ધર્મ નહીં; તો બે વચન આપીને હવે પાલન કરવામાં જરાક મોહ-ત્યાગ કરવો પડે છે તો શા માટે પાછળ હઠો છો? તમારે ન દેવાં હોય તો કંઈ નહીં! ભલે લોકો કહે કે દશરથ રાજા વચન આપીને ફરી જાય છે!"

દશરથ કહે છે: "ભરતને ગાદી આપવી મને કબૂલ છે. મારો રામ એમાં ના નહીં પાડે; પણ કયા કારણસર-કયા અપરાધ માટે રામને ચૌદ વર્ષનો વનવાસ આપું?"

કૈકેયી દૃઢ રહે છે; તો દશરથ નિરાશ થઈને નમતું આપે છે. તે વખતે રામ આવે છે રાજ્યાભિષેકની તૈયારીઓની પહેલાં આશીર્વાદ લેવા! કૈકેયી પણ મા છે. દશરથને આપેલા વચનની પ્રતીતિ છે એટલે તે રામને કંઈ કહી શકતા નથી! ત્યારે રામજ પૂછે છે: "કેમ મા! પિતાજી મારાથી નારાજ કેમ છે?"

હમેશાં માર્ગ સાફ કરે છે. દશરથ ગુજરી ગયા હોય છે. સુમંત સારથી રામને આવીને કહે છેઃ—"પિતાનું મૃત્યુ થયું છે! તેમણે કહ્યું છે કે તેમના વચનના પ્રતીક તરીકે વન આવી ગયું છે. હવે તમે પાછા પધારો! જે પિતાના વચન ખાતર વનમા ગયા તેજ પિતાના મરણ પથારીનાં વચન પ્રમાણે તમે પાછા ફરો!"

સત્યની અહીંજ કસોટી છે શાસ્ત્રોમાં કહ્યું છેઃ—

सच्चस्स आणाए उवट्ठिओ मेहावी मारं तरइ

સત્યની આજ્ઞામાં ઉપસ્થિત મેધાવી મૃત્યુને તરી જાય છે. ગુરુની આજ્ઞા કરતાં પણ સત્યની આજ્ઞા મહાન છે. ગુરુની આજ્ઞા માનવી જોઈએ પણ જો એ આજ્ઞા સત્યથી વેગળી હોય તો સત્યને જ મુખ્ય ગણવું જોઈએ. અહીં રામ વિચાર કરે છે કે જે વચનના કારણે હું અહીં આવ્યો છું તેજ વચનના કારણે પિતાનો દેહ આવરણ રૂપ થતો હોય તો સત્યને મુખ્ય ગણવું જોઈએ.' તેઓ કેટલું ઝીણું વિચારે છે? તેઓ અયોધ્યા જતા નથી.

હવે આગળ જોઈએ. સીતાને રાવણ ઉપાડી જાય છે અને રામ લંકા ઉપર ચઢાઈ કરવા જાય છે. ત્યારે વિભીષણ રામની છાવણીમાં આવે છે. ત્યારે સુગ્રીવ કહે છેઃ "આ છે રાવણનો ભાઈ! આપણો ભેદ લેવા આવ્યો છે. કોઈ દિવસ દુશ્મનનો વિશ્વાસ ન કરવો!"

રામ કહે છેઃ "રાજ્યનીતિનું સત્ય તમે કહો છો પણ ધર્મનીતિનું સત્ય જૂદું છે! કોઈ તમને ઠગવા આવે તો ઠગાજો પણ અંદરનું સત્ય છોડશો નહીં. આપણે વિશ્વાસ રાખીશુ તો નુકશાન નહીં થાય! વિભીષણ સત્ય માટે બધું છોડીને આવ્યો હશે તો આપણે તેનો વિશ્વાસ રાખવો જોઇએ."

સત્યાર્થી જગતનાં બધાં જોખમો સામે સાવધાન રહેશે પણ વિશ્વાસ રાખશે. તેમણે વિશ્વાસ રાખ્યો. વિભીષણ પણ બધાં જોખમો ખેડીને આવ્યો હતો. હવે તેને રાજ્ય મળ્યું. એટલે તે રામને કહે છે "આપ લંકામાં પધારો! રાજ્ય આપનું છે."

કઠિયારો, વાણિયો, રાજા અને વૈશ્ય પત્ની તેમજ
પોતાનું કર્તવ્ય ચૂકીને પછી પાછા સત્યનિષ્ઠ બ
વિશ્વાસુ બને છે. સત્યનું પાલન ન કરવાથી બધાની
તે એ વાર્તાની પ્રેરણા છે. આ કથાને આ યુગે એ
જોઈએ કે એનાથી થતો દુરૂપયોગ તેમજ ત્યાગ વગ
લાલસા અટકે અને સત્ય આચરવાની નિષ્ઠા સમાજમ
ઘણું જરૂરી છે. સત્યનારાયણની કથા સાંભળ્યા કે ક
જો જીવનમાં સત્ય ન આવતું હોય તો તે એક ક્રિયા

આજનું જીવન જે રીતે ચૂંથાઈ ગયું છે. તેમાં
વધારે અગત્ય છે. જ્યાં સુધી સત્યના આધારે જીવન
કદિ સુખી અને સમૃદ્ધ નહીં બને.



ચર્ચા – વિચારણા

સત્ય પ્રતિષ્ઠા માટે હિંદુધર્મ પણ, સંયમ પ્રતિષ્ઠા જૈન ધર્મને આભારી

શ્રી. માટલિયાએ ચર્ચા ઉઘાડતાં કહ્યું : "
સત્યની પ્રતિષ્ઠા માટે હિંદુધર્મે ખૂબ કર્યું છે પણ સ
માટે તો જૈનધર્મનો જ હિંદુધર્મ ઉપર મોટો
શકાય છે. આપણા વર્ગમાં એકદા સત્યનારાયણની
નીકળી હતી. તેના પરત્વે આજે થોડુંક કહેવાનું મન

સત્યનારાયણની કથામાં એવો પ્રસંગ આવે છે
ઉપર રહેનારો અને જ્ઞાનનો ફેલાવો કરનારો, બ્રાહ્મણ
નૈમિષારણ્યમાં બ્રાહ્મણોને જોઈને એને એ સદ્દગુણ મેળ
છે. તેનું આ પરિવર્તન જોઈ એક કઠિયારો કહે
સત્યવ્રતનો અભ્યાસ કરવો છે! તો કેમ વર્તવું ?"

અગિયારમાં સૈકામાં બંગાળમાં "સત્યપીર" થયા છે તેમણે સત્યનારાયણની કથા લખી છે. કારણ કે સ્કંદપુરાણની જૂની પ્રતોમાં એ કથા નથી. વળી એ પુરાણમાં ૮૦ હજાર શ્લોકોના બદલે આજે સવાલાખ શ્લોકો છે. એટલે સ્કંદપુરાણમાં ઉમેરો થયો હોય તે સ્વાભાવિક લાગે છે. વળી સત્યનારાયણની કથામાં રત્નસાર અને કાંચનપુરીનાં જે નામો આવે છે તે વિસ્તારો પણ બંગાળમાં જ છે. પાકેલ કેળાંનો પ્રસાદ પણ એ વાતની સાક્ષી આપે છે; કારણ કે બંગાળમાં કેળાંની ઉત્પત્તિ ઘણી છે. વનમાં વન છે. પછી તો જો કે કેળાં ન હોય ત્યાં ચોખાનો, અને ચોખા ન હોય ત્યાં ઘઉંની વસ્તુનો પણ હવે પ્રસાદ અપાય છે.

એટલે કે એમાં ઇતિહાસ, રાષ્ટ્રના સંયોગો, ધર્મ પર થયેલી બીજી અસરો વગેરેને જોઇને જો દરેક ચીજને જોવાય તો જાળાં ઝાંખરાંમાંથી ભારતીય સંસ્કૃતિનાં મૂળ તત્ત્વો તારવી તેમને આજના યુગે વિશ્વને સાચી રીતે આપી શકાય."

શ્રી. સુંદરલાલ : નાના શુભથી પણ શુભ વધે છે; તેવી જ રીતે નાના અશુભથી, અશુભ જ વધે છે. ભારતીય સંસ્કૃતિનાં ઊંડાણમાં પડેલ સત્યને યોગ્ય વાતાવરણ મળે તો ખરાબમાંથી સારૂં થતાં વાર લાગતી નથી."

શ્રી. બ્રહ્મચારીજી : "એક સત્યજ એવું છે કે "સ્વલ્પમસ્ય ધર્મસ્ય ત્રાય તે મહતો ભયાત્" દેવી ભાગવતમાં એક છોકરાની વાત આવે છે કે જેને કોઈ ઋષિ મુનિઓ આશ્રય આપતા નથી; તે સત્યનું આચરણ કરતાં સ્વયં સત્ય–તપ બની જાય છે. કસાઈ અને ગાયના પ્રસંગમાં તો તે સત્ય અને અહિંસા બન્નેને જાળવે છે. આજે સારા માણસો માટે સત્યનું આચરણ ઘણું જરૂરી છે. તેઓ સત્યનો આશરો લેવાના બદલે નિંદામાં રસ લે છે; જેથી સમાજમાં ધર્મ અને સત્ય બન્ને નીચે નીચે જઈ રહ્યા છે; તેના બદલે સત્યનું આચરણ આવવું જરૂરી છે.

(તા. ૧૮–૯–૬૧)



[illegible]

[illegible] એટલે 'ખોટી વાણી ન બોલવી.' 'ન ફાવે તો મૂંગા રહેવાનું પસંદ કરવું.'

સત્ય અને મૌન :

ઘણીવાર મૌન ઘણું કામ કરે છે. મૌન વ્યાખ્યાનનું પણ પોતાનું મહત્વ છે.

ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં, શિષ્યાસ્તુ છિન્ન-સંશયાઃ

—ગુરુનું મૌન વ્યાખ્યાન-ઘણીવાર શિષ્યોના સંશયોને છેદવા માટે હોય છે. પ્રાચીન કાળમાં ઋષિ-મુનિઓ ધ્યાનમાં મૌન થઈને બેસી રહેતા. તે પરંપરાએ ઘણાં મૌનવ્રત પાળે છે. રમણ મહર્ષિ પણ મૌન પાળતા છતાં દર્શનાર્થીઓને પ્રેરણા મળી જતી.

હિંસા કરી. ઘણાંનું માનવું એમ છે કે એક અનર્થન
અનર્થોને ટાળવા માટે તેમણે કહેલું; પણ એ વસ્તુ ટિ
અસત્ય આવતાં તેમનો રથ નીચે ગયો હતો!

અમારા ગુરુદેવ પૂ. શ્રી નાનચંદજી મ. સાહેબે એ
આના સંદર્ભમાં પૂછેલું : "આપ સત્યનો આટલો બધો
છો! તો એ આગ્રહને કારણે ઘણીવાર કપરી પરિસ્થિતિ
તો આપ કૃષ્ણ ભગવાને ધર્મરાજને પ્રેરણા આપી
પ્રસંગે આપી શકો કે નહીં!" આ બધી વાત હું મારી

ગાંધીજીએ તેમને કહેલું : "ભગવાન કૃષ્ણની જેમ
કર્યું તેમ ના કરવું, પણ કહ્યું તેમ કરવું જોઈએ! હું
નહીં જોઉં; પણ સત્યના ભોગે સ્વરાજ્ય ન ઇચ્છું."

આનો અર્થ એવો થયો કે ગમે તેવા સંયોગે
છોડવું જોઈએ. ધર્મરાજ અંગે જોયું કે અર્ધું અસત
રથને જમીનમાં ઉતારનારું સાબિત થયું હતું. આ અંગે
સેવવી પડે છે. મહર્ષિઓના વચનને તેમના સાચા સં
સંગતિ બેસાડવી જોઈએ; એને બગાડીને ઊલટો
કહ્યું છે કે—

'आर्षं संदधीत, न तु विघट्येत्'

ઘણાં એવાં વાક્યો હોય છે જેને લઈને ચાલી
બોલવામાં વાંધો નથી એવો સિદ્ધાંત નીકળે છે; પણ ત્યાં
કલ્યાણ એ બે વાતોની અપેક્ષા હોવી જોઈએ.

કલ્યાણકારી અને અહિંસાવાળું હોય, તે જ સત્ય

સત્યનું લક્ષણ કરતાં કહ્યું છે :—

"सद्भ्यो हितं सत्यम्"

'પ્રાણિમાત્ર માટે—બધા જગત માટે જે કલ્યાણ

ટ્રે
ત્યમ
માં
શને

વાણીના સત્ય માટે એ પણ જરૂરી છે કે જે બોલાય તે સ્પષ્ટ …ય. દ્વિઅર્થી ન બોલવું. બે અર્થ નીકળે અને સામો માણસ …ાય તેવું ન બોલવું પણ સ્પષ્ટ અર્થ કરી દેવો. ગાંધીજી હમેશાં … કે કેવળ વાક્ય કે વચનનો અર્થ એવો નહીં કરતા જેથી બીજાના …ાં ગોટાળો થાય; જો બોલ્યા હો તો સામાના માણસને ન્યાય આપજો!

ઘણીવાર મૌન રહેવાથી અસત્યને ટેકો ન મળી જાય; સામા …ના શબ્દને ટેકો ન મળી જાય તે જોવું ! સામો માણસ જે અર્થ …ી રીતે કર્યો હોય તેને જાણે ત્યાં સુધી ટેકો આપવો. સામા …ુસની ગેરસમજૂતી માટે દોષીત પણ આપણે છીએ; એમ માનવું.

જ્યારે વાણી અને ભાવથી સત્ય બોલાય છે ત્યારે વચનસિદ્ધ … છે. આમ સત્યનાં આ બધાં પાસાંઓ છે અને તે ભારતીય …ૃતિના અનુસંધાનમાં છે.

કેટલીકવાર જૂનાં સૂત્રોને નામે અસત્યને ટેકો આપી દેવાય છે. …કે ગીતાની ટીકામાં કંઈક લખ્યું હતું તેનાથી ગાંધીજીએ જુદું …ું. કોઈકે તેમનું ધ્યાન ખેંચ્યું એટલે તેમણે કહ્યું : "વકીલ છે, … મને જે લાગે છે તે કહું છું. વકીલો આગળ નમ્રભાવે સવિનયભાવે … રહેતાં ન અચકાવું જોઈએ." સત્યનું આ રહસ્ય છે જેનો …ુવટથી વિચાર કરીને સર્વાંગી આચાર બનવો જોઈએ.

બાર સત્ય અને વચન સત્યની સાથે કરણ (સાધન) અને સત્ય …ુદ્ધિ)નો આગ્રહ રાખવાથી જ સત્યની સાધના સર્વાંગી થઈ શકે …ા વગેરે હોય છે. જ્યાં … અસત્યનો બચાવ થાય … ઊભી કરવી જોઈએ.

